વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
ડિસેમ્બર - ૨૦૨૩
અંક : ૫૪૭

મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૬૪)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



*હેમંતમાં કોમળ સૂર્યતાપ*
*વૃક્ષો મહીં વાયુ કરે વિલાપ,*
*ઝરે નિશાએ હિમ ભૂમિ-ખોળે*
*લીલાં તૃણે ઝાકળબિંદુ ડોલે*
*- ઉમાશંકર જોષી*

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE Raju ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



**SKYBLUE STATIONERY MART**

EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.** FUSION KIDNEY INSTITUTE *Full UroNephro Solutions*



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

● શુભેચ્છા સહ ●



**અનિલ પાસુભાઈ શાહ નંદ**

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભટ્ટા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫

સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!

કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# 'ગાલા'નાં સમાજ-ઉપયોગી શ્રેષ્ઠ પ્રકાશનો

૧. રસાહાર અપનાવો, રોગ ભગાવો
૨. હૃદયરોગ અટકાવો; આયુષ્ય લંબાવો
૩. મૅગ્નેટ થૅરપી (લોહચુંબક ચિકિત્સા) દ્વારા તમે જ તમારા ડૉક્ટર
૪. સારી નજર, ચશ્માં વગર
૫. ઉપવાસની અકસીરતા
૬. તમે જ તમારા ડૉક્ટર – ઍક્યુપ્રેશર
૭. મન જાગે તો રોગ ભાગે
૮. ચરબીમાંથી ચુસ્તી તરફ
૯. પૃથ્વી પરની સંજીવની – ઘઉંના જવારા
૧૦. તંદુરસ્તીની સાચી દિશા – પ્રાકૃતિક ચિકિત્સા
૧૧. ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર – દૂર રાખો જીવનભર
૧૨. રોગને તાબે થશો કે રોગને તાબે કરશો ?
૧૩. અલવિદા કમરની પીડા
૧૪. અમૃતફળ આમળાં
૧૫. તુલસી (ઔષધિ)
૧૬. અમૃત-ઔષધ કુંવારપાઠું
૧૭. આહાર એ જ ઔષધ
૧૮. ઔષધ સાથે ઓળખ
૧૯. તંદુરસ્તી તમારા હાથમાં : ભાગ ૧ અને ૨
૨૦. યોગાસન-પ્રાણાયામ કરો અને નીરોગી રહો
૨૧. વિવિધ રોગોમાં યોગાસનો
૨૨. સગર્ભાવસ્થા અને તમારું બાળક
૨૩. ૧૦૦ વર્ષ નીરોગી રહો
૨૪. રોગોને સમજીએ અને સ્વસ્થ રહીએ
૨૫. તમારું રસોડું જ તમારું દવાખાનું : ભાગ ૧ અને ૨
૨૬. જગતનું શ્રેષ્ઠ ઔષધ – પાણી
૨૭. સોનેરી સુવિચારો
૨૮. પ્રેરણાદાયક સુવિચારો
૨૯. શાશ્વત સુવિચારો
૩૦. મૃત્યુ પછીની દુનિયા
૩૧. આયુર્વેદને ઓળખીએ
૩૨. તાળી-ચિકિત્સા પદ્ધતિ
૩૩. હૃદય : ઈશ્વરની એક અદ્ભુત બક્ષિસ
૩૪. What When How To Eat (ગુજરાતી)

ઉપર્યુક્ત પુસ્તકો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.

NAVNEET®

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સમાજ સવિશેષ પ્રગતિ સાધતો રહે ........ **અશોક મહેતા** ....... ૭

**પગમેં ભમરી**

- મારા જન્મ દિવસની અનોખી ભેટ ........ **લીલાધર ગડા 'અધા'** ....... ૮

**પ્રેરણા**

- ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ ........ **પ્રીતિ શાહ** ..... ૧૧

**ખાણ-ખનીજ**

- જમીન સંપદા ........ **'ગુજરાત સમાચાર'ના સૌજન્યથી** ..... ૧૨

**સંયમ**

- સંયમ પ્રેમી પિતા ........ **આચાર્ય વિજય શ્રી જિનસુંદર સૂરિ** ..... ૧૩

**પ્રથમ**

- ક.વી.ઓ. જ્ઞાતિમાં સૌપ્રથમ ........ **સંકલન : મણિલાલ પ્રેમજી દેઢિયા** ..... ૧૫
  **પ્રેષક : વિનોદ કેશવજી ધરોડ**

**સંવેદનાના ફૂલ**

- માન્યતામાં બદલાવ :
  ભાભી નણંદની દુશ્મન જ હોય એવું નથી ........ **મનીષ જોષી 'મૌન'** ..... ૧૬

**વિશિષ્ટ દિવસ**

- આંતરરાષ્ટ્રીય સાર્વત્રિક આરોગ્ય કવરેજ દિવસ ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૭

**વ્યક્તિ વિશેષ**

- ચાંપશીભાઈ નાગડા ........ **અમલા પરીખ** ..... ૧૯

**તંદુરસ્તી**

- માનવ હૃદયના કુદરતી વાલ્વ અને તેના પ્રશ્નો ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૨૦
- માનસિક બીમારીના શારીરિક લક્ષણો : ભાગ-૧ ..... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૨
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

**તીર્થ દર્શન**

- દર્શન-૪૨ : શ્રી ધોળકા તીર્થ
- દર્શન-૪૩ : શ્રી સરખેજ તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૨૪

**વાર્તા**

- લક્ષ્મીપૂજન ........ **એમ. ડી. સોલંકી** ..... ૨૫

**લઘુ વાર્તા**

- થોડી ખુશી જ્યાદા ગમ ........ **ધીરજલાલ ડી. તન્ના** ..... ૨૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## અન્ય સંસ્થાઓના સમાચાર

● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૯

## નિયમિત વિભાગો

● સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૮ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૩૧
● આંજો કાગર ........ ૩૨
● *Nano Nine* શબ્દ રમત-૨૦૧ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૩
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૯) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૫
● દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૩૬
● જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૪૦
● ઉડતી નજરે ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૨
● અતીતના ઓવારેથી... : મણકો-૮. ........ **અશોક મહેતા** ..... ૪૩
● આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૭ : ડૉ. તેજલ શાહ ........ **અશોક મહેતા** ..... ૪૫

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૪૭
● જાહેર આમંત્રણ : શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૨૪ : ધ્વજ વંદન કાર્યક્રમ ........ ૫૧
● નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ ........ ૫૧
● નવનીત ફાઉન્ડેશનના સી.એસ.આર. ડિપાર્ટમેન્ટના ઓફિસરની સમાજની પ્રવૃત્તિઓના અનુસંધાને મુલાકાત ........ ૫૩
● **ESIS** અને **PFO** સેમિનાર ........ ૫૫
● મેડિકલ સેન્ટરમાં **O.P.G.** મશીનનું ઉદ્‌ઘાટન ........ ૫૬
● સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ........ ૫૭
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ........ ૫૮
● 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૫૯
● 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી........ ૬૦

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો

● વાણી ક્યાં વાપરશો? ........ **રણજિતસિંહ રાણા** ..... ૧૪
● ડોણ વાળા આયુ (આઈ) માતાજીનો ગરબો ........ **ચંદ્રશંકર હરિદાસ છાયા 'ચંદ્ર'** ..... ૩૪
● ગઝલ ........ **અંકિતા મારૂ 'જીનલ'** ..... ૩૯
● હાઈકુ ........ **જગદીશ મ. પટેલ** ..... ૪૪
● દિવાળી ........ **નેહા શાહ 'નેહ'** ..... ૪૬
● ત્રીજો પગ ........ **મણિલાલ ડી. રૂઘાણી** ..... ૪૬
● એ બધુંયે છોડ / બાકી કેમ છે? ........ **અલ્પ ત્રિવેદી** ..... ૫૬
● વસંત આવી હોય એવું લાગે છે ........ **કેશવ સુથાર** ..... ૫૬

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# સમાજ સવિશેષ પ્રગતિ સાધતો રહે



અશોક મહેતા

નૂતન વર્ષના સહુને અભિનંદન. નૂતન વર્ષ ૨૦૮૦માં આપણે ઉત્સાહ અને આનંદભેર પ્રવેશી ચૂક્યા છીએ અને દીપોત્સવી તહેવારની રજા માણી આપણે સહુ આપણા કાર્યક્ષેત્રમાં પૂરેપૂરા કાર્યરત થઈ ગયેલ છીએ. તેના અનુસંધાને વાત કરીએ તો તા. ૨૪-૧૧-૨૦૨૩ના રોજ પાલડી મેડિકલ સમિતિની ચાલુ વર્ષની પ્રથમ મીટિંગ મળી ચૂકેલ છે અને તા. ૨૫-૧૧-૨૦૨૩ના રોજ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ડેન્ટલ વિભાગમાં O.P.G. મશીનનું ઉદ્‌ઘાટન કરી તેને કાર્યરત પણ કરી દેવામાં આવેલ છે. એ જ રીતે પાલડી, શાહીબાગ, ગીતા મંદિર, બોપલ, ચાંગોદર વગેરે દરેક ક્ષેત્ર નવા વર્ષની પ્રવૃત્તિઓથી ધમધમવા લાગ્યા છે.

ચાલુ વર્ષના નવા પ્રોજેક્ટની વાત કરીએ તો પાલડી ભવનના રીનોવેશન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહેલ છે અને એજ રીતે અમદાવાદના પૂર્વ વિભાગના મેડિકલ સેન્ટરની સાઈટ નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહેલ છે.

આ તબક્કે સમાજની વિવિધ સમિતિઓની વાત કરીએ તો યુવા વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, વયસ્ક સમિતિ, ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ, અંગદાન સમિતિ, મેરેજ બ્યુરો સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ, સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ વગેરે સમતિઓએ ગત વર્ષ દરમિયાન જે કાર્યો કર્યા તેનાથી પણ વધુ કાર્ય થકી પોતાના ક્ષેત્રની કામગીરી દીપાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

વસ્તીપત્રક સમિતિ શક્ય ત્વરાએ પોતાનું કાર્ય પૂરું કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. કચ્છ આર્ટ ગેલેરી સમિતિ વધુ કાર્યશીલ બને તેવી અપેક્ષા રખાઈ રહેલ છે. નવનીત આવાસ સમિતિ આવાસના રહીશોના જે મુળભૂત પ્રશ્નો છે તેના ઉકેલ લાવવા શક્ય વધુ પ્રયાસો કરે તેવી અપેક્ષા રહે છે. મુંબઈ અતિથિ ભવનના કોયડાનો ઉકેલ શક્ય ઝડપે આવે એ જરૂરી બની રહે છે. સ્કીલ ડેવલપમેન્ટ સમિતિએ મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગને અનુકૂળ આવે તેવા કોમ્પ્યુટર, એ.આઈ. અને ગ્રાફિક ડિઝાઈનના કોર્સો અંગે વિચારી શકાતું હોય તો આગળ વિચારવું જોઈએ. ઈન્ડોર તથા આઉટડોર રમત ગમતના ક્ષેત્રે શક્ય હોય તો આગળ વધવું જોઈએ. સંગીત ક્ષેત્રે પણ યોગ્ય વિચારણા કરી શકાય. સમાજના પરિવારોના સર્વે કરવાનું જે કામ હાથ પર લેવામાં આવેલ છે, તેને પણ પૂર્ણતા તરફ આગળ લઈ જવું જોઈએ.

આપણે ઈચ્છીએ કે ચાલુ વર્ષના કાર્યક્રમો ગત વર્ષ કરતાં પણ ચડિયાતા બની રહે અને સમાજ પ્રગતિની દિશા તરફ આગળ વધતો રહે તેવી નૂતન વર્ષની અપેક્ષા સાથે અહીં વિરમીએ....

૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦

પગમેં ભમરી

## પગમેં ભમરી

# મારા જન્મ દિવસની અનોખી ભેટ



લીલાધર માણેક ગડા 'અધા'

ભોજાય સર્વોદય ટ્રસ્ટનાં રજત જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે કચ્છનાં છેવાડેનાં અડધાથી વધારે અંદાજે ૫૦૦ જેટલા ગામડાંઓમાં આંખોની તપાસણીનો કાર્યક્રમ "નેત્રરક્ષા અભિયાન" (અષાઢી બીજ ૨૦૭૯) ૨૬ જૂન ૨૦૨૩થી શરૂ થયો અને (ધનતેરસ આસો વદ દસમ ૨૦૭૯) ૧૦ નવેમ્બર ૨૦૨૩ના પૂરો થયો. માત્ર આંકડાઓની દૃષ્ટિએ વાત કરીએ તો ૫૨૫ ગામડાંઓ અને વાંઢોના ૧૩,૨૦૦ દર્દીઓની તપાસણી થઈ છે; ૧૦,૫૦૦ દર્દીઓના આંખના ટીપા - મલમ આપવામાં આવ્યા છે અને અંદાજે ૨૯૦૦ દર્દીઓને આંખના ઑપરેશન માટે કાર્ડ આપવામાં આવ્યા છે. જે પૈકી ૧૫૦૦ જેટલા ઑપરેશનો થઈ ગયા છે અને બાકીના દર્દીઓ ખેતીકામથી પરવારી ઑપરેશન માટે તેમની સગવડે આવશે. આ તમામ સુવિધાઓ નિઃશુલ્ક આપવામાં આવી છે. કચ્છનાં અબડાસા, લખપત, રાપર, પચ્છમ, બન્ની, ખડીર, પાવરપટ્ટી, લુણા પટ્ટીના ગામડાંઓ અને વાંઢોમાં આ કાર્યક્રમ દ્વારા એમને મોતિયા-મુક્ત કરવાનો સંકલ્પ કર્યો છે. સાથે સાથે અન્ય ગામડાંના દર્દીઓ સ્વયં આવીને ભોજાયની રતનવીર આંખની હોસ્પિટલમાં આ યોજનાનો લાભ લઈ શકે છે.

અમારી મેડિકલ ટીમ ગામડાંના દર્દીઓની આંખો તપાસે છે, દવાઓ આપે છે, દરદની સમજણ આપે છે. પરંતુ એમની ચકોર આંખો નાના ગામ કે વાંઢમાં પ્રાથમિક જરૂરિયાતો અંગેની ઉણપો તરફ પણ ફરી વળે છે. અમારી ટીમ લખપત તાલુકાના માતાના મઢની પશ્ચિમે આવેલા મુરચબાણ તીર્થથી ૪ કિ.મી. તદ્દન કાચા રસ્તે કલરાવાંઢ પહોંચી. કલરાવાંઢ આશરે ૨૦૦ જણની માલધારીઓની વસ્તી ધરાવતું ગામ - વાંઢ છે. સામાન્યપણે દરેક ગામમાં આંખોની તપાસ ગામની નિશાળમાં થાય છે. એટલે મેડિકલ ટીમે શાળાનાં મકાન વિશે પૃચ્છા કરી ત્યારે એક ભાઈ વાંઢથી બહાર બાવળના ઝાડ નીચે બાળકો ભણતા હતા ત્યાં લઈ ગયા અને કહ્યું, 'આ અમારી શાળા.' શિક્ષકોએ જણાવ્યું કે આ ગામમાં શાળાનું મકાન નથી. બંને શિક્ષકો ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની નિમણુંક ધરાવે છે. આ શિક્ષકો પાંચ વર્ષથી બાવળના કાંટાળા ઝાડની નીચે કંતાન પાથરી, ઉપર ફાટેલી તાલપત્રી બાંધી બાળકોને ભણાવે છે. અમારી ટીમે આંખોના દર્દીઓની તપાસણી કરી અને શિક્ષકો તથા ગામના આગેવાનોને બોલાવ્યા. ત્યાંથી તેઓએ ભોજાય મારો સંપર્ક કર્યો અને શિક્ષણ અંગેની હકીકતથી અમને વાકેફ કર્યા. મેં એમને બે દિવસ પછીના રવિવારે ભુજ બોલાવ્યા.

રવિવારે ક.વી.ઓ. જૈન મહાજન - ભુજની ઓફિસે હું, જયેશભાઈ લાલકા, અંકિતભાઈ, કલરા વાંઢનાં શિક્ષકો, ગામનાં આગેવાનો ભેગા થયા અને એમની પાસે સર્વ વિગતો જાણી. શિક્ષકો છેલ્લા પાંચ વર્ષથી ફરજ પર છે. તેઓ તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે શાળા ચાલુ રાખે છે. ગાંડા બાવળ અને દેશી બાવળનાં ઝાડ નીચે શાળા ચલાવવી મુશ્કેલ છે. વરસતા વરસાદમાં, ધોમધખતા તડકામાં અને ઓતરાદા ઠંડા શિયાળુ પવન વખતે શાળા કોઈ માલધારીના નાના ઝુંપડામાં ખસેડવામાં આવે છે. તૂટેલી ખુરશીઓ અને ભાંગેલું ટેબલ શાળાનું ફર્નીચર છે. આ શિક્ષકોની નિષ્ઠાને દાદ આપવી જોઈએ. જ્યારે અંતરિયાળ વિસ્તારના ઘણા ગામોમાં શિક્ષકો જતા જ નથી અથવા હાજરી પુરાવી નીકળી જાય છે, ત્યારે એમણે આવી ઓપન ટુ સ્કાય શાળા ચાલુ રાખી છે. શાળાનું મકાન બને તે માટે તેઓએ સતત તાલુકા પંચાયતની શિક્ષણ કચેરીએ, જિલ્લા કક્ષાએ, શિક્ષણ તથા જિલ્લા પંચાયતની ઓફિસે દોડધામ કરી જૂતા ઘસી નાખ્યા છે.

અમારી ચર્ચાઓ ચાલતી હતી તે દરમિયાન ક.વી.ઓ. મહાજન - ભુજનાં પ્રમુખ શ્રી જીગરભાઈ છેડા આવ્યા અને અમે એમને આ હકીકતથી વાકેફ કર્યા. એમણે તુરત જ એ વિસ્તારના ધારાસભ્યશ્રી, શિક્ષણ અધિકારીઓનો સંપર્ક કર્યો અને ત્યારે કલરાવાંઢમાં શાળા કેમ બંધાઈ નથી તેના કારણો જાણવા મળ્યા. કલરાવાંઢ ગામ સુધી પહોંચવા માટે વાહન લઈ જવું અશક્ય છે. બાંધકામનો સામાન લઈ જવા માટે બે થી ત્રણ ગણું વધારે ભાડું આપવું પડે છે. કડિયા, સુથાર,

કારીગરો, મજુરોને લઇ જવા પણ મુશ્કેલ છે. આવી પરિસ્થિતિમાં તમામ મજુરીના દર મોંઘા પડે છે. પરિણામે બાંધકામનો ખર્ચ અન્ય સ્થળે બાંધકામ કરવા કરતાં વધારે છે. તેથી ટેન્ડરના ભાવ સરકારે નિશ્ચિત કરેલી કિંમત કરતાં વધારે હોવાથી કોન્ટ્રાક્ટરોના ભાવ ઘણા વધારે હોય છે અને ટેન્ડરો નામંજૂર થાય છે. છેલ્લા પાંચ-છ વર્ષથી આ પ્રક્રિયા થતી રહે છે અને છેલ્લે છેલ્લે તો કોન્ટ્રાક્ટરોએ ટેન્ડર ભરવાનું છોડી દીધું છે.

આ સમસ્યાનો ઉકેલ શો? સરકારની ઘણી યોજનાઓ, બાંધકામો વગેરેમાં ખર્ચ કરોડો રૂપિયાઓના હિસાબે વધી જાય છે અને રીવાઈઝ્ડ આકારણી કરવામાં વર્ષો નીકળી જાય છે. ભુજના ભુજોડી રેલવે ફાટક પર પુલની જૂનીને બદલે નવી ડિઝાઈન નક્કી થઈ ત્યારે એના બજેટની મંજૂરી મળતા દાયકો નીકળી ગયો. પરંતુ એ રકમ તો કરોડોમાં હતી જ્યારે આ શાળાના મકાનના બાંધકામનો વધારાનો ખર્ચ બેથી અઢી લાખ રૂપિયા થાય પરંતુ સરકારી પ્રક્રિયામાં સમય એક સરખો જ લાગે. શિક્ષણ ખાતું દર વર્ષે ટેન્ડર બહાર પાડે અને કલરાવાંઢના લોકોને જવાબ મળે કે સરકારી પ્રક્રિયા ચાલુ છે. શિક્ષકો અને ગામના આગેવાનો રજુઆતો કરી કરીને થાક્યા છે... છેલ્લે અમને આજીજી કરી કે એક વખત તમે અમારા ગામમાં આવો, હોનહાર બાળકોને મળો... તમારું મન પીગળી જશે... અને જયેશભાઈએ ત્રણ દિવસ પછી કલરાવાંઢની મુલાકાત લીધી અને રીપોર્ટ આપ્યો "અધા, આપણી ફરજ બને છે કે નિષ્ઠાવાન શિક્ષકોનો ઉત્સાહ ટકી રહે એટલે આપણે કંઈક કરીએ. મારા મતે શાળાનું પાકું મકાન બાંધવાને બદલે આપણે મીઠાના અગરના બાળકોની શાળા માટે બનાવીએ છીએ એવું Semi Permanent બાંધકામ પંદરેક દિવસમાં તૈયાર કરી આપીએ જે દિવાળી વેકેશન દરમિયાન બની જશે. બાળકો એ શાળામાં ભણે અને શાળાનાં પાકા મકાન માટે સરકાર સાથે તમામ રીતે તકાજો કરીએ. ભવિષ્યમાં સરકાર શાળાનું નવું મકાન બનાવી આપે ત્યારે આપણા બાંધકામનો પ્રાર્થના ખંડ અને ઈતર પ્રવૃત્તિઓ માટે અથવા કોમ્યુનિટી હોલ તરીકે ઉપયોગ થાય."

જયેશ લાલકાની કામગીરી વિશે અગાઉ મેં 'પગદંડી'માં લખ્યું છે. એ મળવા જેવો, માણવા જેવો યુવાન છે. એણે કલરાવાંઢમાં ગ્રામસભા લીધી હતી ત્યારે ગ્રામ્યજનોએ શાળા માટે મજુરી કરવાની તૈયારી પણ બતાવી હતી. જયેશભાઈના કહેવા પ્રમાણે સેમિ પરમેનન્ટ શાળાનો ખર્ચ (ફર્નીચર સાથે) રૂપિયા ત્રણેક લાખ જેટલો આવશે અને આ શાળા માટે ભોજાય સર્વોદય ટ્રસ્ટ અને કચ્છ નવનિર્માણ અભિયાન ફંડ આપશે એવું નક્કી થયું. જયેશભાઈએ હસતા હસતા પ્રેમથી મને જણાવ્યું કે આપનો જન્મદિવસ પાંચ દિવસ પછી આવે છે ત્યારે કલરાવાંઢની શાળાનું ખાતમુહુર્ત કરી આપનો જન્મદિવસ મનાવશું. મેં મોબાઈલમાં હમણાંની કલરાવાંઢની આકાશની છત નીચેની બાવળના ઝાડવાળી શાળા અને મીઠાના અગરમાં બનેલી શાળાના ફોટા નાખ્યા ત્યારે મને ખબર નહોતી કે આ ફોટાઓ મારા જન્મદિવસની અનોખી ભેટ અપાવશે.

હું ભોજાય સર્વોદય ટ્રસ્ટની મંદબુદ્ધિનાં દીકરાઓની તાલીમશાળા માનસ મંદિરમાં બાંકડા પર બેસી મોબાઈલમાં કલરાવાંઢની શાળાના ફોટાઓ જોતો હતો ત્યારે કુતુહલવશ એક બાળક પણ એ ફોટા જોવા લાગ્યો. મેં રાહુલને ફોટાની વિગતો જણાવીને કહ્યું કે આ ગામના બાળકો માટે શાળા નથી અને તેઓ ઝાડ નીચે ભણે છે. રાહુલે નિર્દોષભાવે મને કહ્યું કે, 'આપણે ઈસ્કુલ બાંધી દઈએ.' મારો જવાબ હતો કે એ માટે પૈસા જોઈએ. અને રાહુલે એના ખિસ્સામાંથી રૂા. દસની નોટ કાઢી, મને આપતા બહુ વિશ્વાસથી જણાવ્યું, 'આ લો મારા પૈસા. મારા બાપુ આજે મને મળવા આવ્યા ત્યારે આપ્યા છે. હવે તો ઈસ્કુલ બનશે ને?'

મેં રાહુલને બખમાં લીધો. 'રાહુલ, જરૂરથી નિશાળ બનશે.' માનસ મંદિરનાં શિક્ષકગણે આ વાત શાળાનાં બાળકોને જણાવી. તમામ બાળકોએ હોંશે હોંશે એમને માંડવીમાં 'આપણી નવરાત્રી'ના કાર્યક્રમ વખતે મળેલા ઉપહારમાંથી રૂપિયા દસ-દસ આપ્યા.

સાંજે હું 'માનસી'માં ગયો ત્યારે બાળકીઓને ગીતા દીદીએ કલરાવાંઢની શાળાની અને માનસ મંદિરના દીકરાઓએ આપેલી ભેટની વાત કરી. બોલકી તુલસીએ ગીતાદીદીને જણાવ્યું કે, 'હું પણ ઈસ્કુલ માટે પૈસા આપીશ.' અને જોતજોતામાં બાળકીઓ તૈયાર થઈ. ગીતાએ મને સુંદર વાત કરી. 'અધા, માનસ અને માનસીના દીકરા - દીકરીઓનો રૂા. ૩૦૦/-નો ફાળો જમા થઈ ગયો છે. એટલે કલરાવાંઢની શાળા માટેનાં કુલ ખર્ચ રૂપિયા ત્રણ લાખ પૈકી રૂપિયા ત્રણસો એટલે ૦.૦૧ ટકા રકમ આવી ગઈ છે. હવે તમારે માત્ર ૯૯.૯૯ ટકા જ રકમ ભેગી કરવાની છે. અમને વિશ્વાસ છે કે કલરાવાંઢનાં બાળકોની શાળા માટે હવે ફંડ જમા થઈ જશે. શરૂઆત જ સારી થઈ છે... અને મારી આંખે ઝળઝળિયાં આવ્યા, આંખો ભીની થઈ ગઈ

★

બીજા દિવસે હું રતનવીર આંખની હોસ્પિટલની ઓફિસમાં બેઠો હતો ત્યારે આગલી પેઢીના રાજકારણી અને ભાજપના

સંન્નિષ્ઠ કાર્યકર ગામ પાંચોટીયાનાં શ્રી શામળાભાઈ જખુભાઈ ગઢવી આંખો બતાવવા આવ્યા હતા. અમારા વખતે પ્રજાના કાર્યો કેટલી સરળતાથી થઈ જતા હતા, જે હમણાં સામાન્યજણનું કામ કરવામાં સો વિઘ્નો આવે છે. એમની વાત સાંભળી મેં એમને મારો કલરાવાંઢની શાળાનો તાજો અનુભવ જણાવતા કહ્યું કે, અમારા ટ્રસ્ટે આ શાળા બાંધવાનું નક્કી કર્યું છે. એક ક્ષણનાં પણ વિલંબ વિના એમણે જણાવ્યું કે, શિક્ષણના આ શુભ કાર્યમાં એમનો પરિવાર સહભાગી બનશે અને બીજા દિવસે ૭ નવેમ્બર ૨૦૨૩નાં મારા જન્મદિવસે એમણે એમના પરિવાર તરફથી રૂા. એક લાખનું અનુદાન મોકલી આપ્યું. મેં ગીતાદીદી અને જયેશભાઈને જણાવ્યું કે કલરાવાંઢની શાળા માટે ૩૩.૩૪ ટકા રકમ જમા થઈ ગઈ છે અને હવે માત્ર ૬૬.૬૬ ટકા રકમ ભેગી કરવાની છે.

મારા જન્મ દિવસની વધાઈ માટે મારા મામાઈ ભાઈ ગામ વીઢનાં રમેશે મને ફોન કર્યો અને હંમેશ મુજબ એણે અમારા પ્રોજેક્ટો અંગે પૂછ્યું ત્યારે મેં એને સહજ રીતે કલરાવાંઢની શાળાની વાત કહી અને બીજી ક્ષણે એણે મને રૂપિયા પચાસ હજાર આપવાનુ નક્કી કર્યું. વાત આગળ ચાલી... જન્મ દિવસની શુભેચ્છાઓ આપવા મારા બે મિત્રો ગામ બારોઇનાં લેક્ષ કેનીયા અને ગુંદાલાના પ્રેમજી રાંભિયાએ ફોન કર્યો. સંદેશાઓની ફોન પર આપ-લે થઇ. નવી પ્રવૃત્તિઓ અંગે પૃચ્છા થઈ અને... કલરાવાંઢની ખૂટતી રકમના વચનો મળ્યા અને મારા અનુદાનનો ચોપડો ઇતી શ્રી લાભ લખીને પૂરો કરવો પડ્યો... એ દિવસ જ એવો ઉગ્યો હતો કે ત્રણ લાખને બદલે રૂપિયા ત્રીસ લાખનો નિર્ધાર સરળતાથી પૂરો થઈ જાત.

પરંતુ વાત અહીં અટકી નહીં. ગામ ભુજપુરનાં હાલે અમેરિકા - એટલાન્ટા રહેતા શ્રી રમેશભાઈ દેઢિયા અને માયાબેન દંપતી કચ્છમાં આરોગ્ય, શિ૭ણ, જમીન સુધારણા, જળ સંચય તથા વંચિત સમુદાયો માટે કાર્યશીલ સંસ્થાઓને સારું અનુદાન આપે છે. એટલે જ્યારે જ્યારે તેઓ ભારત આવે ત્યારે સ્વયં એ સંસ્થાઓની મુલાકાતો પણ લે છે. નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરતી વખતે મેં એમને પણ સહજભાવે કલરાવાંઢ શાળાની વાત કહી ત્યારે એમણે મને જણાવ્યું કે, ગુજરાત રાજ્યના શિક્ષણ સચિવ શ્રી શંકરભાઈ ચૌધરી એમના પરમ મિત્ર છે અને તેઓ આપણને આ બાબત અંગે માર્ગદર્શન અને સહકાર પણ આપશે. સરકારશ્રી પાકું મકાન બાંધી આપે અને ટેન્ડરની સરકારની અપસેટ કિંમત અને કોન્ટ્રાક્ટર રકમ વચ્ચેનો તફાવત આપણે ભરી આપીએ તો કલરાવાંઢ ગામને શાળાનું પાકું મકાન મળી રહેશે. મેં અને રમેશભાઈએ સચિવ શ્રી શંકરભાઈનો ફોન દ્વારા સંપર્ક કર્યો. હમણાં લાભ પાંચમ સુધી સરકારી દફતરોમાં રજા જેવું હોવાથી ૨૦ નવેમ્બર પછી આ સબબ કાર્યવાહી થશે અને જો કાર્યવાહી આગળ વધી તો કલરાવાંઢને શાળા માટે પાકું મકાન અને ઇતર પ્રવૃત્તિઓ માટે સેમિ પરમેનન્ટ મકાન મળી રહેશે અને મને જન્મ દિવસની યાદગાર બમણી ભેટ મળશે.

એક સારું કામ નિષ્ઠાથી સમર્પિતભાવે હાથમાં લો તો એવા અન્ય દસ કાર્યો કરવાની તક મળશે અને એ માટે એકસો એક રસ્તાઓ પણ ખૂલશે.

***મો. ૯૮૭૯૫ ૦૬૦૫૯***

## ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ

**(અનુસંધાન : પાના નં. – ૧૧ ઉપરથી ચાલુ)**

કે ભલે ગમે તેટલી લાંબી લડાઈ લડવી પડે, તો પણ તેઓ પીછેહઠ નહીં કરે.

અદાલતનો ચુકાદો આવતાં બાવીસ વર્ષ લાગ્યા. ૨૦૨૨ની પાંચમી ઓગસ્ટે અદાલતે તુંગનાથની તરફેણમાં ચુકાદો આપીને જણાવ્યું કે વીસ રૂપિયાનું વાર્ષિક બાર ટકા લેખે વ્યાજ સાથે રકમ આપવી. તેમજ માનસિક અને આર્થિક ખર્ચ ગણીને કુલ પંદર હજાર રૂપિયા ચૂકવવા. આ ચુકાદાના એક મહિનાની અંદર જો આ રકમ ચૂકવવામાં ન આવે તો પંદર ટકા વ્યાજ લેખે તેની ગણતરી કરવામાં આવશે. જે સમયે તુંગનાથે આ કેસ કર્યો, ત્યારે તેમની ઉંમર પિસ્તાળીસ વર્ષની હતી. આજે તેઓ ૬૭ વર્ષના છે. તેઓ કહે છે કે આ કેસ પાછળ ખર્ચાયેલ શક્તિ અને સમયનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. ભ્રષ્ટાચારની કિંમત વીસ રૂપિયા હોય કે એક લાખ, ભ્રષ્ટાચાર તે ભ્રષ્ટાચાર જ છે. મેં ક્યારેય પૈસાની ઇચ્છા રાખી નથી. આ કેસમાં જે પૈસા મળશે, તે પ્રધાનમંત્રી રાહત કોશમાં તેઓ આપી દેવાના છે. આ ચુકાદાની સામે રેલવે અપીલમાં જશે તો તેઓ હજી કેસ લડવા તૈયાર છે. ન્યાયથી ઓછું એમને કંઈ મંજૂર નથી. તેઓ પોતાની વાત સમજાવતાં કહે છે કે, પ્રશ્ન વીસ રૂપિયાનો નથી. ભ્રષ્ટાચાર કોઈ એક વ્યક્તિ ખતમ નહીં કરી શકે. પરંતુ કોઈકે તો શરૂઆત કરવી પડશે ને? મારી લડાઈથી એક પણ વ્યક્તિ ન્યાય પ્રત્યે જાગૃત થશે અને ગમે તેટલો મુશ્કેલ લાગતો કેસ પણ છોડી દેવાની જરૂર નથી એવી અન્ય લોકોને પ્રેરણા મળશે, તો હું માનીશ કે મને સાચા અર્થમાં ન્યાય મળ્યો છે.

***'વિશ્વ વિહાર'ના સૌજન્યથી***

પ્રેરણા

# ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ

પ્રીતિ શાહ

ભારત આજે અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે અને એમાંનો એક મોટો પડકાર છે કોર્ટમાં થયેલા કેસોનો ભરાવો. **આશરે પાંચ કરોડ કેસનો અદાલતમાં ભરાવો થઈ ગયો છે.** મુખ્ય ન્યાયમૂર્તિ અને કાયદા-મંત્રીની ચિંતા એ છે કે આને લીધે ન્યાય મેળવવામાં એટલો વિલંબ થાય છે કે લોકોમાં ન્યાયતંત્ર પર મૂકેલો વિશ્વાસ ડગમગવા લાગે છે. તો સામે પક્ષે જેટલા કેસનો નિકાલ થાય છે, તેનાથી વધુ કેસ અદાલતમાં દાખલ થાય છે. આવી પરિસ્થિતિમાં બાવીસ વર્ષને અંતે કેસમાં જીત મેળવનાર વકીલ એમ કહે છે કે, 'કાનૂનકે ઘર દેર હૈ, અંધેર નહીં' ત્યારે આશ્ચર્ય થયા વિના ન રહે.

વાત છે તુંગનાથ ચતુર્વેદીની. મથુરાની ગલી પીરપંચમાં રહેતા તુંગનાથ ચતુર્વેદી વ્યવસાયે વકીલ છે. ૧૯૯૯ની ૨૫મી ડિસેમ્બરે તેઓને મુરાદાબાદ જવાનું થયું, ત્યારે મથુરા કેન્ટ રેલવે સ્ટેશન પરથી મુરાદાબાદની બે ટિકિટ ખરીદી. એક ટિકિટના પાંત્રીસ રૂપિયા લેખે એમને સિત્તેર રૂપિયા આપવાના હતા. પરંતુ ટિકિટ કાઉન્ટર પર ઉપસ્થિત બુકિંગ ક્લાર્કે એમની પાસે વીસ રૂપિયા વધારે માંગ્યા. તુંગનાથે એકસો રૂપિયા આપ્યા, તેની સામે એણે ત્રીસ રૂપિયા પાછા આપવાને બદલે માત્ર દસ જ રૂપિયા પાછા આપ્યા. તુંગનાથે એને બીજા વીસ રૂપિયા પાછા આપવાનું કહ્યું, પણ એણે આનાકાની કરી. સામસામે ઘણી ચર્ચા અને રકઝક ચાલી. આ સમય દરમિયાન સ્ટેશન પર ટ્રેન આવી ગઈ. તેથી તુંગનાથે એ વીસ રૂપિયા છોડીને ટ્રેનમાં બેસી જવું પડ્યું.

તુંગનાથ ચતુર્વેદી ટ્રેનમાં બેસી ગયા. પરંતુ તે ઘટના વિશે વિચારતા રહ્યા. તેને લાગ્યું કે કોઈ પણ મુસાફર પાસેથી આવી ખોટી રીતે પૈસા કઈ રીતે લઈ શકાય? આ તો ખરેખરો ભ્રષ્ટાચાર જ છે. ઘણા લોકો વિચારે કે વીસ રૂપિયા જેવી નજીવી રકમનું શું મૂલ્ય? વીસ રૂપિયા તો ચા-પાણીમાં આમ વપરાઈ જાય. કોઈ સારો આઈસ્ક્રીમ પણ વીસ રૂપિયામાં ન આવે કે રેસ્ટોરન્ટમાં વેઈટરને ટીપમાં આનાથી વધારે પૈસા મળતા હશે. પરંતુ તુંગનાથ માટે પ્રશ્ન વીસ રૂપિયાનો નહોતો. તેમને થતું હતું કે એમના હક્કના પૈસા એમને પાછા મળવા જોઈએ, જે ન મળ્યા. તેમનું સ્વાભિમાન ઘવાયું. એમણે ઘણા વિચારને અંતે આ અંગે ન્યાય મેળવવાનું નક્કી કર્યું. તુંગનાથ ચતુર્વેદી મથુરા કેન્ટના સ્ટેશન માસ્ટરને મળ્યા અને જે ઘટના બની હતી તેની વાત કરી. પરંતુ તેમણે ખાસ કોઈ પ્રતિક્રિયા ન આપી કે ન કોઈ મદદ કરી.

છેવટે તુંગનાથ ચતુર્વેદીએ કન્ઝ્યુમર ફોરમમાં ઉત્તર-પૂર્વ રેલવે (ગોરખપુર)ના મહાપ્રબંધક, મથુરા કેન્ટ રેલવે સ્ટેશનના સ્ટેશન માસ્ટર અને મથુરા કેન્ટ રેલવે સ્ટેશનના બુકિંગ ક્લાર્કની વિરુદ્ધમાં ફરિયાદ કરી. તુંગનાથ વકીલ હોવાથી એને ખ્યાલ હતો કે ભારતમાં ન્યાયપ્રક્રિયા ઘણી ધીમી હોય છે. ઘણી વાર તો એવા સમયે ન્યાય મળે કે જેનો કોઈ અર્થ જ ન રહ્યો હોય. આ કેસ લડવામાં એમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. કોઈ વાર સામેનો પક્ષ હાજર ન રહે. તો ક્યારેક જજ ગેરહાજર હોય. કોર્ટમાં રજા પડે તો ક્યારેક વકીલોની હડતાળ પડે. આ કેસમાં આશરે એકસોથી વધુ વખત સુનાવણી થઈ. એક તબક્કો એવો આવ્યો કે કોર્ટે કહ્યું કે આ કેસ રેલવે ટ્રીબ્યુનલમાં લઈ જાઓ. એની સામે તુંગનાથે સુપ્રીમ કોર્ટના રેફરન્સ રજૂ કરીને કહ્યું કે મુસાફરી દરમિયાન કંઈ થયું હોય તો તેને માટે રેલવે ટ્રીબ્યુનલમાં કેસ લડી શકાય. પરંતુ આ તો ગ્રાહક સુરક્ષાની જ વાત હોવાથી કન્ઝ્યુમર કોર્ટમાં જ આ કેસ લડવો જોઈએ.

આવી મુશ્કેલીઓની વચ્ચે પરિવારજનો પણ ઘણી વખત તુંગનાથ ચતુર્વેદીને આ કેસ છોડી દેવા સમજાવતા હતા, પરંતુ તેઓ મક્કમ રહ્યા. નાનપણથી જ સત્ય અને ન્યાયપ્રિયતા એમના લોહીમાં વણાયેલા હતા. આટલી લાંબી લડાઈમાં ક્યારેક કોઈ વ્યક્તિ થાકી-હારીને કેસ માંડવાળ કરી નાખે, પરંતુ તેઓ નોખી માટીના છે. પોતે વકીલ હોવાથી કોર્ટમાં આવવા-જવાનો કોઈ અલગથી ખર્ચ નહોતો કરવાનો અને તેમને વિશ્વાસ હતો કે તેઓ જીતશે જ. તેમનો નિર્ધાર હતો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૦ ઉપર)

ખાણ - ખનીજ

## જમીન સંપદા

*<u>નોંધ</u> : જે કચ્છીઓ ખાણ, ખનીજ અથવા એક્સ્પ્લોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેઓ માટે આ લેખ ખૂબ જ માહિતીપ્રદ લેખ બની રહેશે.*

*– તંત્રી મંડળ*

### ગ્રેફાઇટ્સ, નિકલ, ક્રોમિયમ, મોલીલ્ડેનમ વગેરે ખનીજોનો વિક્રમ સંવત ૨૦૮૦માં ૧૦૦ કેન્દ્રો પરથી આ ખનીજોનો જથ્થો બહાર લવાશે

દેશમાં દિવાળી પછી હવે નવા વર્ષ પર વિવિધ બજારોની નજર ઠરી છે. વિતેલા વર્ષમાં મિનરલ્સ તથા મેટલ્સ - ધાતુઓ અને ખનીજોની બજાર તથા ઉદ્યોગ જગતમાં તેમજ માઇન્સ ક્ષેત્રે પ્રવાહો ઝડપથી પલટાતા જોવા મળ્યા છે અને નવા વર્ષમાં આ ક્ષેત્રે ચહલપહલ વધુ વેગ પકડે એવી શક્યતા જાણકારો હાલ બતાવતા થયા છે. ભારતના વિવિધ રાજ્યોમાં જમીનના પેટાળમાં હજી ઘણા ખનીજોનો જથ્થો પુષ્કળ માત્રામાં પડ્યો છે અને આ જથ્થાને બહાર લાવવામાં આવે તો અર્થતંત્ર પર તેની પુષ્કળ પોઝીટીવ અસર પડી શકે તેમ છે એવું મિનરલ્સ તથા મેટલ્સ બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

દિલ્હીથી માઇન્સ મિનિસ્ટ્રી ખાણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા મુજબ નવા વર્ષમાં વિવિધ ક્રિટીકલ મિનરલ્સનો જથ્થો ધરાવતા વિસ્તારો - બ્લોક્સનું ઑક્શન કરવામાં આવે એવી શક્યતા જણાઈ રહી છે. આના પગલે આવા ખનીજોની આયાત ઘટશે તથા ઇમ્પોર્ટ બીલમાં રાહત થશે એવી ગણતરી બતાવાઈ રહી છે.

આવો જથ્થો ધરાવતા વિસ્તારોને માઇનિંગ ક્ષેત્રમાં બ્લોક્સ તરીકે ઓળખવામાં આવે છે તથા નવા વર્ષમાં પ્રથમ તબક્કે આવા ૧૦૦ જેટલા વિવિધ બ્લોક્સનું ઑક્શન હાથ ધરવામાં આવનાર છે. પ્રથમ તબક્કે જમીનના પેટાળમાં રહેલા ગ્રેફાઇટ્સ, નિકલ, ક્રોમિયમ, મોલીલ્ડેનમ વગેરે ખનીજોના બ્લોક્સનું ઑક્શન કરવામાં આવે એવી શક્યતા છે. આવા ઑક્શનો માટે સરકારે આ વર્ષે ઓગસ્ટ મહિનામાં જ લીલી ઝંડી બતાવી દીધી હતી. આ પછી ટ્રાન્ઝેક્શન ઍડવાઇઝર્સ તરીકે બેન્કર્સના નામ પણ નક્કી કરી દેવામાં આવ્યા હતા. હવે આ વિશે તખ્તો ગોઠવાઈ ગયો છે તથા નવા વર્ષમાં ટૂંક સમયમાં આ દિશામાં સારા સમાચાર મળશે એવી આશા બજારના સૂત્રો બતાવી રહ્યા હતા. ડિસેમ્બર અંત સુધીમાં આવા ઑક્શનો શરૂ થઈ જવાની આશા છે. જો કે આની તારીખો હવે પછી ટૂંકમાં નક્કી થશે એવી ગણતરી દિલ્હીના જાણકારો બતાવી રહ્યા હતા.

આ વર્ષે જુલાઈ મહિનામાં માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન્સ) એક્ટમાં સરકારે વ્યાપક ફેરફારો કર્યા હતા. આના પગલે ચોક્કસ ક્રિટીકલ મિનરલ્સ (ખનીજો)ના એક્સ્પ્લોરેશનમાં ખાનગી ક્ષેત્રનું ઇન્વેસ્ટમેન્ટ રોકાણ સરળતાથી લાવી શકાશે એવો તખ્તો જુલાઈ મહિનાથી ગોઠવાયો હતો.

આવા મિનરલ્સમાં લીથીયમનો પણ સમાવેશ થાય છે. દેશમાં પ્રદૂષણ ઘટાડવાની યોજના સરકારે બનાવી છે તથા આ યોજના માટે લીથીયમ મહત્ત્વનું મિનરલ સાબિત થાય તેમ છે. ઈલેક્ટ્રીક વાહનોની બેટરીમાં મુખ્યત્વે લીથીયમનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત કોબાલ્ટ તથા કોપરની ગણના પણ મહત્ત્વના મિનરલ્સ તરીકે કરવામાં આવે છે. સરકારે આવા મહત્ત્વના ૩૦ મિનરલ્સ શોર્ટ લીસ્ટ કર્યા છે. જેમાં રેર અર્થ કેટેગરીમાં આશરે ૧૭ ખનીજો તથા પ્લેટીનગ કેટેગરીમાં આશરે ૬ ખનીજો અલગ તારવવામાં આવ્યા છે. આમાં એન્ટીમનીનો પણ સમાવેશ થાય છે.

દરમિયાન, ખનીજ બજારના સૂત્રોના જણાવ્યા મુજબ ગ્રેફાઈટનો મોટો જથ્થો પૂર્વીય ભારતમાં તથા ખાસ કરીને ઝારખંડ, ઓરીસ્સા તથા બિહારની જમીનના પેટાળમાં રહેલો છે. રાઈટીંગ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, લુબ્રિકન્ટ્સ, બેટરીઝ, રીફ્રેક્ટરીઝ, ન્યુક્લિયર રીએક્ટર્સ, ગ્રાફીન શીટ્સ વગેરે ક્ષેત્રે ગ્રેફાઈટનો વપરાશ થતો હોય છે. આ ઉપરાંત ઓરીસ્સાના જમીન

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૩ ઉપર)

સંયમ

# સંયમ વિના નહીં ઉધ્ધાર
# સંયમ પ્રેમી પિતા

આચાર્ય વિજય
શ્રી જિનસુંદર સૂરિ

સમાચાર પત્રોમાં સમાચારો બે જાતના હોય છે : (૧) Live News : આંખે આંખ દેખેલ વસ્તુના સમાચાર ખબરપત્રીઓ છાપે. (૨) P.T.I. News : જે જે વ્યક્તિઓએ પ્રસંગને જોયો તે વ્યક્તિ પ્રેસ-ટ્રસ્ટમાં બધા સમાચારો પહોંચાડે અને તે પ્રેસ-ટ્રસ્ટમાં સમાચારો મંગાવી જે સમાચાર પત્રોમાં મૂકવામાં આવે તે P.T.I. News કહેવાય.

**હાલ હું તમને જે સમાચાર - અનુમોદનીય અહેવાલ કહેવા માગું છું તે Live છે. મેં નજરોનજર નિહાળ્યો છે, માણ્યો છે, અનુભવ્યો છે.**

સૌરાષ્ટ્રનું મોટું શહેર રાજકોટ. તેમાં જન્મથી માંડી મોટો થયેલ એ યુવાનના માતુશ્રી નાનપણમાં જ મૃત્યુ પામેલ. પિતાજીએ એ યુવાન સહિત ૬ ભાઈ-બહેનોને ઉછેર્યા. ધર્મના રાગી પિતાશ્રીએ બધામાં ધર્મના સંસ્કારોનું વાત્સલ્યપૂર્વક સિંચન કરેલું. એ સંસ્કારોને કારણે સૌથી નાની બહેને ૧૫ વર્ષની ઉંમરે દીક્ષાના પંથે પ્રયાણ કર્યું. આ યુવાન પણ પૂરેપૂરા ધર્મના રંગે રંગાયો. દીક્ષા પ્રત્યેનો લગાવ ખૂબ, પણ કૂદકો મારવાની હિંમત નહીં. વર્ષો વીતતા ગયા. બધા ભાઈ-બહેનોના લગ્ન થઈ ગયા.

બહેનો બધી સાસરે ચાલી ગઈ. ભાઈઓ ધંધાદિ અર્થે દૂર દૂરના શહેરોમાં પરિવાર સહિત ગોઠવાઈ ગયા. હવે રાજકોટ ખાતે પરિવારમાં બે જ રહ્યા. ૬૦ વર્ષની ઉંમરના પિતાશ્રી અને ૩૫ વર્ષનો એ વૈરાગી યુવાન.

એક દિવસ પિતાશ્રીએ રજૂઆત કરી, ‘બેટા! હવે તારી ઉંમર થઈ ગઈ છે. કોઈ એક નિર્ણય કરવો પડે. કાં તો દીક્ષા, કાં લગ્ન! નહિં તો એકેય નહીં રહે.’

‘પિતાશ્રી, થોડા વર્ષ પૂર્વે હું દ્વિધામાં હતો પણ... છેલ્લા દોઢ વર્ષથી દીક્ષા જ લેવાનો દ્રઢ નિર્ધાર છે.’ દીકરાએ નમ્રતાથી જવાબ આપ્યો.

‘બેટા, તો પછી વિલંબ શાનો? તરત જ આપણે મુહૂર્ત કઢાવીએ અને નજીકના સારા મુહૂર્તે ઠાઠમાઠથી દીક્ષા ગોઠવીએ.’ સાનંદ પિતાજી બોલ્યા.

‘પિતાશ્રી, સંસારની એક ક્ષણ કાતિલ છે. દીક્ષા વિના પાણી વગરની માછલીની જેમ તરફડું છું. ઘણીવાર આપને ખ્યાલ ન આવે એ રીતે એકાંતમાં દીક્ષા ન મળવા બદલ ખૂબ રડી લઉં છું. દીક્ષામાં મને સર્વસ્વ દેખાય છે. સાધુ કે સાધ્વીજી ભગવંત તેમના રજોહરણને જોઈને મારા સાડા ત્રણ કરોડ રૂંવાડા હર્ષથી નૃત્ય કરવા માંડે છે. આંખો ભીની થઈ જાય છે, હૃદય નમ્ર બને છે અને મસ્તક ઝુકી જાય છે. અને મનમાં ‘ક્યારે બનીશ હું સાચો સંત રે...’ની પંક્તિઓ ગુંજવા લાગે છે. પિતાજી, સાચું કહું છું, હું સંયમ જીવનનો માશુક છું.’

‘તો બેટા, તને કોણ રોકે છે? તને શો અંતરાય છે? તેં કેમ દોઢ વર્ષ સંસારમાં ફોગટ પસાર કર્યો? અરે બેટા, તારા પિતા પણ સંયમના એટલા જ માશુક છે. નાનપણમાં બેટા, મારે પણ દીક્ષા જ લેવી હતી. દીક્ષા માટે હું ખૂબ ઝુર્યો છું પણ... પાપકર્મનો ભયંકર ઉદય કે લગ્ન થઈ ગયા. એટલે જ નાનપણથી બધા દીકરા-દીકરીઓને દીક્ષાની જ પ્રેરણા કરું છું. નાની દીકરીને ધામધૂમથી દીક્ષા આપી. બેટા, જો તું પણ દીક્ષાના માર્ગે જઈશ તો આ બાપ આનંદથી નાચશે. પોતે ન લઈ શક્યો પણ દીકરાને અપાવ્યાનો અતિશય આનંદ તે માનશે. બેટા, બોલ ક્યાં અટક્યું છે. બધું હું સીધું કરી આપું.’

એ યુવાન બેઠો બેઠો પિતાજીની ભાવવાહી એકધારી સાંભળી રહ્યો હતો. તે વખતની તેમની મુખાકૃતિ, હાવભાવો કંઈક જુદા જ પ્રકારના હતા. સંયમ જીવન પ્રત્યેનો લગાવ આ ઉંમરે પણ લસલસતો દેખાતો હતો.

અડધી મિનિટ સુધી ભાવોમાં ખોવાઈ જઈ પછી દીકરો બોલ્યો, ‘પિતાજી, ઘણીવાર વ્યાખ્યાનમાં સાંભળ્યું છે અને ખરેખર સત્ય હકીકત છે કે ધર્મ કરતાં સ્વધર્મ ચઢિયાતો છે. ભલે, દીક્ષા એ ધર્મ ગણાતો હોય પણ મા-બાપની સેવા એ સ્વધર્મ છે. સ્વધર્મના પાયા વિનાની ધર્મરૂપી ઈમારતની કોઈ કિંમત નથી. માટે પિતાજી, જીવનના અંત સુધી આપની સેવા કરી અંત સમયે આપને સમાધિ આપી પછી જ હું પ્રવજ્યાના પંથે પ્રયાણ કરીશ. આપના ઘડપણમાં આપને એકલા મૂકીને દીક્ષા લેવી તે અયોગ્ય છે.’

‘બેટા, મારી સેવા અને સમાધિની તું ફીકર ન કર. તું

તારું સાધી લે. અણી ચૂક્યો બધું ગુમાવે. માટે લંબાવવામાં વધુ મજા નથી. વળી બેટા, મારે તું એક જ નથી. બીજા બે દીકરાઓ પણ છે. હું ત્યાં જતો રહીશ અને મારી આરાધના કરીશ.'

'પિતાજી, નાનપણથી મોટા કર્યા, જૈન શાસનના રાગી બનાવ્યા; સુદેવ અને સુગુરુના ભક્ત બનાવ્યા, ધર્મમાં કટ્ટર બનાવ્યા. પિતાજી! આ કરેલા ઉપકારોને વિસરી જઈ મારો સ્વાર્થ સાધવો તે તો કૃતઘ્નતા છે. દીક્ષાની જ અપાત્રતા છે. વળી પિતાજી, આપ પણ જાણો જ છો કે મારા બે ભાઈઓને આપના પ્રત્યે કેટલો ભાવ છે. આ રીતે આપને રસ્તે મૂકીને મારે મારું સાધી લેવું તે યોગ્ય નથી.'

આ રીતે અડધો કલાક સુધી જાતજાતની દલીલો અને પ્રતિદલીલોનો વરસાદ ચાલ્યો. છેવટે નક્કી થયું કે આપણી બધી રજુઆત આપણા ઉપકારી ગુરુ ભગવંત આગળ રજૂ કરીશું અને તેઓશ્રી જે નિર્ણય આપશે તે આપણે બંને જણ માન્ય રાખીશું.

થોડા દિવસ બાદ ઉપકારી ગુરુ ભગવંત પાસે પહોંચી ગયા. અંગત રીતે બેસવાનો સમય લઇ બેઠા. જુસ્સાપૂર્વક બંનેય બાપ-દીકરાએ (મહાત્માઓએ) પોતાની રજૂઆત મક્કમતાપૂર્વક કરી.

'જેને સેવા કરનાર બીજું કોઈ ન હોય તેવા દીકરાને દીક્ષા ન આપવી' એવા સિદ્ધાંતને મક્કમપણે માનનારા ગુરુ ભગવંતે નિર્ણય જાહેર કર્યો કે, દીકરાને હાલ પિતાજીની સેવામાં રહેવું.

નિર્ણય સાંભળતા જ પિતાજીની આંખોમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યા. ધીમે ધીમે ડુસકા અને પછી તો પોક મૂકીને રડવાનું શરૂ કર્યું. તેમના મનમાં ડંખ હતો કે 'મેં તો દીક્ષા ન લીધી અને સંસારમાં ડૂબ્યો પણ હવે મારી સેવાના કારણે મારા દીકરાને પણ તેનાથી વંચિત રાખવાનું ભયંકર પાપ મારા હાથે થશે.'

માંડ માંડ તેઓને શાંત કર્યા પછી ખૂબ જ લાગણીશીલ શબ્દોમાં બોલ્યા, 'ગુરુદેવ! મારે મારી આંખોથી મારા દીકરાને દીક્ષાના વેશમાં પાટ ઉપર બેસેલો જોવો છે. ગુરુદેવ, મારી આ ઈચ્છા પૂરી કરવી એ જ મારી સાચી સેવા છે, મારી સાચી સમાધિ છે. ગુરુદેવ, મને તડપાવશો નહીં. મારા આયુષ્યનો કોઈ ભરોસો નથી. ગુરુદેવ, દીકરાના દીક્ષા-દાનના પ્રભાવે એકાંતે મારું કલ્યાણ જ થશે. ગુરુદેવ! મારા દીકરાને દીક્ષાની હા પાડો.'

તેમના શબ્દે શબ્દે શ્રદ્ધાનો ટંકાર હતો. રોમે રોમે સંયમ રાગ દેખાતો હતો. તેમની અતૂટ શ્રદ્ધા અને સંયમરાગે ગુરૂ ભગવંતને હલાવી દીધા અને તરત જ નિર્ણય ફેરવીને નિર્ણય જાહેર કર્યો કે, 'નજીકના સારા મુહૂર્તે દીકરાની દીક્ષા કરવી.'

શબ્દો સાંભળતા જ ૬૦ વર્ષના એ વૃદ્ધ, યુવાનને પણ શરમાવે એ રીતે રીતસરના ઉભા થઈને હર્ષાશ્રુ સહિત નાચવા માંડ્યા અને વારંવાર ગુરૂદેવને વંદન કરવા લાગ્યા. અને છેવટે પોતાનું માથું ગુરૂદેવના ખોળામાં મૂકીને હર્ષાવેશના કારણે રડવા લાગ્યા.

'ગુરૂદેવ, ખરેખર, આપે ખૂબ ઉપકાર કર્યો. મને સાચી સમાધિ આપી. ગુરૂદેવ, આપના નિર્ણયે જ આટલો આનંદ આપ્યો, તો જ્યારે દીક્ષાનો મહોત્સવ, દીક્ષાની વિધિ, રજોહરણ અર્પણ વિધિ મને કેટલો આનંદ આપશે? અને ગુરૂદેવ, દીકરો જ્યારે સંયમના વેશને પહેરશે અને પાટ પર બિરાજશે ત્યારે મારો આનંદ સાતમા આસમાને આંબશે. ત્યારે હું મારી જાતને કૃતકૃત્ય માનીશ. જીવનના બધા સુકૃતો થયેલા માનીશ.'

બે મહિનામાં તો દીક્ષા થઈ ગઈ. પિતાજીની પણ સેવા અને સમાધિની બધી વ્યવસ્થા દીક્ષાદાનના પુણ્યે ગોઠવાઈ ગઈ.

અરે, પિતાના આ વિશિષ્ટ ભાવોએ એવું વિશિષ્ટ પુણ્ય બંધાવી આપ્યું કે તેમને 'જ્યાં મૃત્યુ વખણાય છે' એવા સિદ્ધગિરીમાં ઉપકારી ગુરૂ ભગવંત, દીકરા મ.સા. અને ૩૦ જેટલા સાધુ ભગવંતોની ભાગ્યવંતી હાજરીમાં, સાધુવેશ પહેરી, ઓઘાને ગ્રહણ કરી, સૂતા સૂતા પાંચ મહાવ્રતોને ગ્રહણ કરી, ખૂબ સમાધિપૂર્વક પંડિત મરણને પ્રાપ્ત કર્યું અને તેમની પાલખી કાઢવામાં આવી.

ધન્ય છે સંયમી રાગી પિતાને! સ્વધર્મ ચાહક દીકરાને!

પોતાની સેવાની લાલચને બાજુમાં મૂકી દીકરાને સંયમમાં અંતરાય ન કર્યો તો ધર્મસત્તાએ અંત સમયે ઉત્કૃષ્ટ સેવા સાથે અતિ દુર્લભ એવું સિધ્ધગિરીની નિશ્રામાં, સાધુવેશમાં, અનેક શ્રમણોની પરમ પાવનવંતી નિશ્રામાં સમાધિ મરણને આપ્યું.

ક્યારેય કોઈના ધર્મમાં અંતરાય કરવો નહીં અને કોઈ કરવા ઇચ્છે તો ધન્યવાદ સાથે રજા આપવી.

આટલો આપણે સૌ સંકલ્પ કરીએ.

***આચાર્ય વિજય શ્રી જિનસુંદર સૂરિ લિખિત પુસ્તક***
***'સુકૃત અનુમોદના'માંથી સાભાર***

## વાણી ક્યાં વાપરશો?

*વાણી, એ મનુષ્યનું અમૂલ્ય દાન છે,*
*વાણી એ વિશ્વાસ કેળવવાની ચાવી છે*
*વાણી અને ગુરુ નામનું પ્રતિબિંબ છે*
*વાણી એ સુખને સાર્થક બનાવવાની રાણી છે*
*વાણી એ દુઃખને નોતરવાની સીડી છે*
*વાણીની વિશેષતાઓ જાણી એ વાણી ક્યાં વાપરવાની એ જાણી છે.*

***રણજિતસિંહ રાણા***
***ડ્રાઇવર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી***

પ્રથમ

# ક.વી.ઓ. જ્ઞાતિમાં સૌ પ્રથમ

• સંકલન •
મણિલાલ પ્રેમજી દેઢિયા

ક.વી.ઓ. જ્ઞાતિમાંથી વતન કચ્છમાંથી મુંબઈમાં પ્રથમ પગ મૂકનાર પુરૂષાર્થીનું નામ ચોક્કસપણે ખબર નથી પણ ગામ નાની ખાખરના શ્રી ગણપત નપ્પુ સંવત ૧૯૦૫ (સને ૧૮૪૯)ના નાની ખાખરના શા. કુરપાર હારશીની પેઢીમાં નોકરીએ રહ્યાની નોંધ "જૈન રત્ન" નામના પુસ્તકમાં જોવા મળે છે.

આમ, આજના હિસાબે ક.વી.ઓ. જ્ઞાતિની વ્યક્તિ ૨૧૧ વર્ષ પહેલા મુંબઈમાં આવી હશે એમ આપણે ધારી લઈએ...

આજે આપણે આ દરેક ક્ષેત્રોમાં પ્રથમ ક.વી.ઓ.ની કઈ વ્યક્તિ હતી તે જાણવાનો એક પ્રયાસ કરીએ...

૧. સૌપ્રથમ મેટ્રીકની પરીક્ષા પાસ કરનાર શ્રી વેલજી લખમશી, બારોઈ.
૨. બીજા શ્રી રામજી લધાભાઈ, લાખાપુર.
૩. ત્રીજા શ્રી માલશી દેવજી કેનિયા, છસરા સને ૧૯૧૦. ભરડા સ્કુલ.
૪. વ્યવસાયે પ્રથમ વકીલ શ્રી પ્રેમજી મુલજી કેનીયા, બારોઈ. સને ૧૯૩૪ (હાઈકોર્ટ પ્લીડર)
૫. કાયદાના સ્નાતક (L.L.B.) થઈને વકીલના વ્યવસાયમાં પડનાર પ્રથમ શ્રી પ્રવીણચંદ્ર શીવજી શાહ, લાકડીયા. સને ૧૯૪૧.
૬. પ્રથમ મહિલા વકીલ કાયદાના સ્નાતક થઈને કુમારી લક્ષ્મી મેઘજી વીજપાર ધરોડ, પત્રી. ૧૯૬૬માં એડવોકેટ થયા.
૭. જ્ઞાતિમાં પ્રથમ LLM ની પરીક્ષા (કાયદાના પ્રથમ અનુસ્નાતક) આપનાર શ્રી દામજી રવજી શાહ, ફરીદા. સને ૧૯૬૨.
૮. સમાજના પ્રથમ સોલીસીટર શ્રી મણિલાલ પોપટલાલ સાવલા, સમાઘોઘા. સને ૧૯૬૫.
૯. પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી દેવચંદ રવજી વિજપાલ ગાલા, રાયણ. સને ૧૯૫૩.
૧૦. પ્રથમ ACWA શ્રી નવીનચંદ્ર મગનલાલ છેડા, નવા વાસ. સને ૧૯૬૫ (કોસ્ટીંગ).
૧૧. અમેરિકા જઈ પ્રથમ MBA ની ડિગ્રી મેળવનાર શ્રી રામજી લખમશી ઘેલા, નવા વાસ. સને ૧૯૫૧.
૧૨. વિદેશમાંથી પ્રથમ ઇજનેર શ્રી વિનયચંદ્રજી નાગજી ગણપતિ મેકોની, નાની ખાખર. M.S. ની ડિગ્રી. સને ૧૯૫૩.
૧૩. પ્રથમ B.Text. શ્રી પ્રાગજી વેલજી, રામાણિયા. સને ૧૯૫૩.
૧૪. પ્રથમ સંગીત વિશારદ વિશનજી હીરજી મારૂ, બીદડા. સને ૧૯૪૨.
૧૫. મહિલાઓમાં પ્રથમ સંગીત વિશારદ શ્રીમતી જયા ઝવેરચંદ મણશી, હાલાપુર. સને ૧૯૫૭.
૧૬. પ્રથમ M.D. ગાયનેકોલોજિસ્ટ, ડૉ. લક્ષ્મીચંદ મેઘજી શાહ, રાયણ.
૧૭. સર જે.જે. ઇન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાઇડ આર્ટમાંથી Commercial Art ની પરીક્ષા પાસ કરનાર વીરા મૂલચંદ કાનજી, તુંબડી. સને ૧૯૬૮.
૧૮. ક્રિકેટની રણજી ટ્રોફીમાં રમનાર પ્રથમ કચ્છી જયંતિલાલ હંસરાજ કેનીયા, બારોઈ, હૈદ્રાબાદથી. સને ૧૯૬૮.
૧૯. ક્રિકેટની ટેસ્ટ મેચ રમનાર પણ પ્રથમ જયંતિલાલ કેનીયા જ હતા. સને ૧૯૭૧ વિદેશમાં વેસ્ટ ઇન્ડિઝ સામે સબીના પાર્ક, ૧૯૭૧.
૨૦. ભારતીય હવાઈ દળ (એર ફોર્સ)માં દાખલ થનાર હરખચંદ પ્રેમજી દેવજી કેનીયા, બારોઈ. સને ૧૯૬૨.
૨૧. એન્જિનિયર તરીકે સિવિલ એન્જિનિયરીંગમાં લાખાપુરના શ્રી નાનજી નાંગશી અને ઇલેક્ટ્રીકલ એન્જિનિયરીંગમાં ગુંદાલાના શ્રી ભવાનજી ખેતશી. સને ૧૯૩૯.
૨૨. ડોક્ટરી વ્યવસાયમાં સને ૧૯૩૦ની આસપાસ ડૉ. વિશનજી શિવજી, ગામ નાગલપુર.
૨૩. M.D. ની ડિગ્રીવાળા પ્રથમ ડૉક્ટર કોડાયના શ્રી ભવાનજી રાયશી શાહ અને સર્જન તરીકે વિદેશ જઈ ડિગ્રી હાંસલ કરનાર દેશલપુરના ડૉ. શાંતિલાલ ભીમશી શાહ, સને ૧૯૫૯.
૨૪. પ્રથમ મહિલા ડૉક્ટર જ્યોત્સનાબેન મોમાયા ટોકરશી, તુંબડી. સને ૧૯૫૨.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૧ ઉપર)

સંવેદનાના ફૂલ

# માન્યતામાં બદલાવ : ભાભી નણંદની દુશ્મન જ હોય એવું જરૂરી નથી



મનીષ જોષી 'મૌન'

## રક્ષાબંધને ભાઈને બદલે ભાભીએ નણંદને સુંદર ભેટ આપી

ભાઈ બહેનના હેત-પ્રીતનો તહેવાર એટલે જ રક્ષા પર્વ રક્ષાબંધન. આ પવિત્ર દિવસે ભાઈને અને ભાભીને બેન રાખડી બાંધતી હોય છે અને સારા સ્વાસ્થ્ય અને સફળતા પ્રાપ્ત થાય તેવી મંગલ પ્રાર્થના પ્રભુચરણે કરતી હોય છે.

સામાન્ય રીતે ભાભી અને નણંદના સંબંધો સખીપણાના માનવામાં આવે છે. પરંતુ આંતરીક રીતે ચણભણ ચાલતી હોય છે. પરંતુ દર વખતે એ સત્ય હોય એવું જરૂરી નથી એવી પ્રતીતિ કરાવતી એક શોર્ટ ફિલ્મ રક્ષાબંધન પર્વે કોઈએ મને મોકલી. ખરેખર એ માણવા જેવી અને અનુકરણીય ફિલ્મ હતી.

રક્ષાબંધનના આગલા દિવસે ભાભી અનિતા તેના પતિને પૂછે છે : 'ક્યારી આપની બહેન રાખડી બાંધવા આવશે?'

બહેનનું નામ લેવાને બદલે આવો પ્રશ્ન સાંભળી બધા વિસ્મય પામે છે. એ બધી વિસ્મયતા તેણે પત્નીના નામે મૂકેલી મોટી રકમની એફ.ડી. તૂટી હોવાનું જાણતા લાગે છે.

એફ.ડી. વિશે પત્નીને પ્રશ્ન પૂછે છે. ત્યારે પત્ની મભમ જવાબ આપે છે : 'રાત મોડી થઈ ગઈ છે. કાલે રક્ષાબંધન છે. અત્યારે સૂઈ જાવ, કાલે જવાબ આપીશ.'

રક્ષાબંધન હોવાથી અનિતાની નણંદ ભાઈને રાખડી બાંધવા માટે આવે છે. પરંતુ સમય કરતાં મોડી હોય છે. તેથી નાનો ભાઈ તેને પૂછે છે મોડું થવાનું કારણ.

ત્યારે બહેન કહે છે કે, 'કાર સર્વિસમાં ગઈ છે અને ઓટો તરત ના મળી. એટલે મોડું થયું.' કહીને તે ભાઈને રાખડી બાંધે છે.

ભાઈ પૂછે છે : 'રક્ષાબંધનની શું ભેટ જોઈએ છે?'

'ભાઈ, તમારો સાથ.' બહેન કહે છે.

ત્યારે ભાભી તાડુકીને કહે છે : 'સાથ નહીં મળે કારણકે તમે તો અમને પરાયા માન્યા છે.'

પત્નીની આવી વાત પતિ સમજી શકતો નથી. ત્યારે પત્ની નણંદને ભેટ આપવા માટે ફાઈલ આપે છે.

પતિ ફાઈલ જુએ છે. એ ફાઈલમાં બહેનના ઘરના દસ્તાવેજ હતા. તેથી પત્ની અનિતાને 'આ દસ્તાવેજ તારી પાસે ક્યાંથી આવ્યા?' પૂછે છે. ત્યારે અનિતા તેના પતિને કહે છે, 'તમારી બેનને પૂછો. કેમ કારને બદલે રીક્ષામાં આવ્યા? પરંતુ એ નહીં કહે કારણ... તેઓ આપણને પરાયા માને છે.'

વિસ્મિત હાલતમાં મૌન બનેલો પતિ પોતાની બેન સામે જોઈને પૂછે છે, 'આ શું છે?'

ત્યારે બેન જવાબ આપવાને બદલે નીચે જોઈ ઊભી રહે છે.

તેની ભાભી બધી સ્પષ્ટતા કરે છે. 'વેપારમાં ખોટ આવી હોવાથી બનેવીએ મકાન ગીરવે મૂક્યું અને કાર વેચી દીધી છે. તેની જાણ અનિતાની બેંકમાં નોકરી કરતી બેનપણીએ તેને કરી એટલે પોતાની મોટી રકમની એફ.ડી. તોડાવી અને મકાન છોડાવ્યું હતું.'

'બેને તો આપણને પરાયા કરી દીધા.'

પ્રેમ વત્સલ ભાભીની વાત સાંભળી તેની નણંદ તેની માફી માંગે છે અને ભાઈની પણ માફી માંગે છે. રક્ષાબંધન પર્વે ભાઈ કરતા ભાભી તરફથી મળેલી પોતાના મકાનની દસ્તાવેજની ફાઈલથી બેન હરખાય છે અને ઓવારણા લે છે.

સમાજમાં પોઝીટીવિટી ફેલાવતી આવી શોર્ટ ફિલ્મો આવકારદાયક હોય જ. આપ શું માનો છો? આપના જવાબ મને : "મેઘવર્ષા", ૧૪, સપ્તગિરી સોસાયટી વિભાગ-૩, સાંઈ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૧૧. મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ અથવા E-mail : maunjoshi@gmail.com OR maun_66@yahoo.co.in પર મોકલી આપશો હોં... રાહ જોઈશ...

● **સંવેદના :**

દર વખતે ગાડીમાં હોઈએ એટલે આપણે ન ભીંજાઈએ એવું ન હોય... હજુ આંખ અને હૃદય વોટરપ્રુફ થયા જ નથી આ દુનિયામાં... ■

વિશિષ્ટ દિવસ

# આંતરરાષ્ટ્રીય સાર્વત્રિક આરોગ્ય કવરેજ દિવસ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, ૧૨ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સંયુક્ત રાષ્ટ્રની મહાસભાએ એક ઠરાવને સમર્થન આપતાં દેશોને સાર્વત્રિક આરોગ્ય કવરેજ તરફ પ્રગતિ - વેગ આપવા માટે વિનંતી કરી. આંતરરાષ્ટ્રીય વિકાસ માટે આવશ્યક અગ્રતા તરીકે દરેકને, દરેક જગ્યાએ, ગુણવત્તા, સસ્તું આરોગ્ય સંભાળ કરવું જોઈએ તે વિચારને ૧૨ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ સંયુક્ત રાષ્ટ્રએ ઠરાવ ૭૨/૧૩૮ દ્વારા ૧૨ ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ ડે તરીકે જાહેર કર્યો છે. UHC દિવસ ૨૦૨૩ થીમ : "બધા માટે સુખાકારી આરોગ્ય છે : એ છે સારી આરોગ્ય ક્રિયા માટેનો સમય." આ વર્ષની થીમ આપણને એ પણ યાદ અપાવે છે કે આબોહવા, સંબંધિત સ્વાસ્થ્ય જોખમોની વધતી જતી સંખ્યાનો અનુભવ કરતી દુનિયામાં દેશોએ પાયા તરીકે પ્રાથમિક આરોગ્ય સંભાળ સાથે સ્થિતિસ્થાપક અને સમાન આરોગ્ય પ્રણાલીમાં રોકાણ કરવું જોઈએ.

યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC)નો ઉદ્દેશ્ય એ છે કે, બધા લોકોને જરૂરી પ્રોત્સાહક, નિવારક, ઉપચારાત્મક અને પુનર્વસનાત્મક આરોગ્ય સેવાઓની એક્સેસ છે જે અસરકારક બનવા માટે પૂરતી ગુણવત્તાની છે. જેમાં આ સેવાઓ માટે ચૂકવણી કરતી વખતે લોકોને નાણાંકીય મુશ્કેલી ન પડે તેની ખાતરી કરવી. યુનાઇટેડ નેશન્સ દ્વારા ૧૨ ડિસેમ્બર, વર્ષ ૨૦૧૭માં સત્તાવાર રીતે "આંતરરાષ્ટ્રીય સાર્વત્રિક આરોગ્ય કવરેજ દિવસ" તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. અમે ઈચ્છીએ છીએ તે વિશ્વનું નિર્માણ કરો કે જે બધા માટે એક સ્વસ્થ ભવિષ્ય છે જે તેની ભૂમિકા અને મહત્ત્વને રેખાંકિત કરે છે. બધા માટે તંદુરસ્ત ભવિષ્યના નિર્માણમાં આરોગ્ય કવરેજ ઉપરાંત G20 હેલ્થ ટ્રેકની પ્રાથમિકતાઓમાં યુનિવર્સલ હેલ્થ કવરેજ અને બહેતર હેલ્થકેર સર્વિસ ડિલીવરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમાવેશ થાય છે.

WHO ની સ્થાપના એ સિદ્ધાંત પર કરવામાં આવી હતી કે બધા લોકોને સારા સ્વાસ્થ્ય જાળવવાના તેમના અધિકારનો અહેસાસ થવો જોઈએ. WHO આરોગ્યને પ્રોત્સાહન આપવા, વિશ્વને સુરક્ષિત રાખવા અને નબળા લોકોની સેવા કરવા માટે વિશ્વભરમાં કામ કરે છે. આંતરરાષ્ટ્રીય સાર્વત્રિક આરોગ્ય કવરેજ દિવસનો મુખ્ય ઉદ્દેશ છે કે વિકાસને પ્રોત્સાહન આપો. વિકાસને પ્રોત્સાહન આપવાથી ગરીબી ઘટે છે અને વસ્તીનું એકંદર આરોગ્ય સુધરે છે. નબળા સ્વાસ્થ્ય અને કૂપોષણ માટે ગરીબી ગુનેગાર છે. પાલક આરોગ્ય સુરક્ષા નવા, હાલના અને પરિવર્તનશીલ રોગોના ફાટી નીકળવાના જોખમોને ઘટાડીને આરોગ્ય સુરક્ષા વિકસાવવાની જરૂર છે અને આરોગ્ય પ્રણાલીને મજબૂત બનાવે છે. ગરીબ દેશમાં આરોગ્ય પ્રણાલી અપૂરતી છે. WHO નો ઉદ્દેશ્ય વિવિધ પગલાંઓ દ્વારા આરોગ્ય પ્રણાલીઓને પ્રદાન કરવાનો અને મજબૂત કરવાનો છે. જેમ કે ભંડોળ, દવાઓની પહોંચ અને દૂરના સ્થળોએ નવીનતમ સુવિધાઓ પૂરી પાડવા યુનિવર્સલ હેલ્થ કવરેજ એ આરોગ્ય સંભાળ પ્રણાલી છે જે ચોક્કસ દેશ અથવા પ્રદેશના તમામ નાગરિકોને આરોગ્ય સંભાળ અને નાણાંકીય સુરક્ષા પૂરી પાડે છે.

તે મુળભૂત રીતે નાણાંકીય જોખમ સુરક્ષા પ્રદાન કરવાના અંતિમ ધ્યેય સાથે લોકોને લાભ પ્રદાન કરવા, આરોગ્ય સેવાઓની એક્સેસમાં સુધારો કરવા અને આરોગ્ય પરિણામોને સુધારવાની આસપાસ ગોઠવવામાં આવે છે.

WHO એ સુનિશ્ચિત કરે છે કે લોકો પાસે સાર્વત્રિક આરોગ્ય કવરેજ હોવું જોઈએ. આરોગ્યની કટોકટીઓથી રક્ષણ કરવું જોઈએ અને વધુ સારું આરોગ્ય અને સુખાકારી પ્રદાન કરવી જોઈએ.

WHO નો ઉદ્દેશ્ય યુનિવર્સલ હેલ્થ કવરેજ હિતધારકોને પ્રતિબદ્ધતાઓ કરવા માટે પ્રેરણા, પ્રોત્સાહિત અને માર્ગદર્શન આપવાનો હતો. ૫૦% લોકો હાલમાં વૈશ્વિક સ્તરે આવશ્યક આરોગ્ય સેવાઓ મેળવવામાં અસમર્થ છે.

લગભગ ૧૦૦ મિલિયન લોકોને અત્યંત ગરીબી તરફ ધકેલવામાં આવી રહ્યા છે અને તેમને દરરોજ ૧.૯૦ ડોલર અથવા તેનાથી પણ ઓછા સમયમાં જીવવાની ફરજ પડી છે. ૮૦૦ મિલિયનથી વધુ લોકો તેમની આવકના ઓછામાં ઓછા ૧૦ ટકા પોતાના સ્વાસ્થ્ય ખર્ચ પર, બીમાર બાળક અથવા પરિવારના અન્ય સભ્યો માટે ખર્ચે છે.

વિશ્વ આરોગ્ય દિવસમાં કેવી રીતે સામેલ થવું. દરેક વ્યક્તિ સારી આરોગ્ય સેવાઓ અને નાણાંકીય સુવિધાઓની માંગ કરવા માટે તેમના અવાજનો ઉપયોગ કરી શકે છે. વ્યવસાયીક સંગઠનો કર્મચારીઓના કલ્યાણનું રક્ષણ કરે છે. મીડિયા સાર્વત્રિક આરોગ્ય કવરેજ તેમજ પારદર્શિતા અને જવાબદારીની સમજ વધારી શકે છે.

મીડિયા લાભાર્થીઓ, સમુદાયો, તેમના પ્રતિનિધિઓ અને નીતિ નિર્માતાઓ વચ્ચે સંવાદ માટે ઇન્ટરવ્યુ, ટોક શો જેવા પ્લેટફોર્મ બનાવી શકે છે.

આ વર્ષે UHC દિવસ, એ UHC ને વેગ આપવા માટેની પ્રતિબદ્ધતાઓને પુનર્જીવિત કરવાની તક રજૂ કરે છે કારણકે દેશો કોવિડ-૧૯ રોગચાળાની વિનાશક આર્થિક અને સામાજિક અસરોમાંથી બહાર આવી રહ્યા છે. પશ્ચિમ પેસીફિક ક્ષેત્રના દેશોએ UHC સેવા કવરેજ ઇન્ડેક્સ પર નોંધપાત્ર પ્રગતિ કરી છે, જે પ્રજનન, માતા, બાળ આરોગ્ય, ચેપી રોગો, બિન સંચારી રોગો અને સેવા ક્ષમતા અને એક્સેસનો સમાવેશ થાય છે તેવા ટ્રેસર હસ્તક્ષેપોના આધારે આવશ્યક આરોગ્ય સેવાઓના વસ્તી કવરેજને માપે છે.

વૈશ્વિક સર્વસંમતિ વધી રહી છે કે સાર્વત્રિક આરોગ્ય કવરેજ એ એક સ્માર્ટ રોકાણ અને દરેક જગ્યાએ પ્રાપ્ત કરી શકાય તેવું લક્ષ્ય છે. વિશ્વના નેતાઓએ ખાતરી આપી છે કે આરોગ્ય એ માનવ અધિકાર છે. જ્યારે કોઈપણ વ્યક્તિ બીમાર પડે ત્યારે નાદાર ન થવું જોઈએ અને તે સાર્વત્રિક આરોગ્ય કવરેજ આપણી સામુહિક સુરક્ષા અને સમૃદ્ધિને આધાર આપે છે. સાર્વત્રિક આરોગ્ય કવરેજ આરોગ્ય સંભાળને કેવી રીતે ધીરાણ અને વિતરણ કરવામાં આવે છે તે સુધારે છે. તેથી તે વધુ સુલભ, વધુ ન્યાયી અને વધુ અસરકારક છે.

સાર્વત્રિક આરોગ્ય કવરેજનો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે તમામ લોકો તેમના માટે ચૂકવણી કરતી વખતે આર્થિક મુશ્કેલી સહન કર્યા વિના તેમને જરૂરી આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરે. આ માટે આની જરૂર છે. એક મજબૂત, કાર્યક્ષમ, સારી રીતે સંચાલિત આરોગ્ય પ્રણાલી, આરોગ્ય સેવાઓ માટે ધીરાણ માટેની સિસ્ટમ, આવશ્યક દવાઓ અને તકનીકોની એક્સેસ, સારી રીતે પ્રશિક્ષિત પ્રેરિત આરોગ્ય કર્મચારીઓની પૂરતી ક્ષમતા.

- **ભારતમાં UHC માટેની પહેલ :**

રાષ્ટ્રીય આરોગ્ય નીતિ પરિણામ સ્વરૂપે કોઈને પણ આર્થિક તંગીનો સામનો કર્યા વિના સ્વાસ્થ્યના ઉચ્ચત્તમ સ્તરની પ્રાપ્તિની કલ્પના કરે છે.

ભારત સરકાર રસીકરણ કવરેજને સુધારવા અને ૧૦૦ ટકાનું સંપૂર્ણ રસીકરણ કવરેજ પ્રાપ્ત કરવા માટે પ્રતિબધ્ધ છે. મિશન ઇન્દ્રધનુષ (MI) અને ઇન્ટેન્સીફાઈડ મિશન ઇન્દ્રધનુષ (MI) જેવા વ્યાપક નિયમિત રસીકરણ (RI) ઝુંબેશની શરૂઆત આંશિક રીતે, બાળ મૃત્યુદર અને બીમારીને ઘટાડવા માટે યુનિવર્સલ ઇમ્યુનાઇઝેશન પ્રોગ્રામ હેઠળ સરકારના પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે. દેશમાં RI કવરેજને વેગ આપવા માટે સરકારે તમામ ઉપલબ્ધ રસીઓ સાથે અપ્રિય લોકો સુધી પહોંચવાની ખાતરી કરવા અને ઓળખાયેલા જિલ્લાઓ અને બ્લોક્સમાં બાળકો અને સગર્ભા સ્ત્રીઓના કવરેજને વેગ આપવા માટે ઇન્ટેન્સિફાઈડ મિશન ઇન્દ્રધનુષ ૩.૦ રજૂ કર્યું. ૨૦૧૪થી રોટા વાયરસ રસી, ન્યુમોકોકલ કોન્જુગેટ વેક્સિન (PCV) અને મિઝલ્સ રૂબેલા (MR) રસી તેમજ પુખ્ત વયના લોકો માટે JE રસી પણ લોન્ચ કરવામાં આવી છે. ફ્રી ડ્રગ્સ એન્ડ ડાયગ્નોસ્ટીક્સ પ્રોગ્રામ હેઠળ ડાયાલિસિસ યુનિટ દ્વારા મફત સેવાઓ પૂરી પાડવા માટે પ્રધાનમંત્રી ડાયાલિસિસ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. સબસિડીવાળી દવાઓ આપવા માટે AMRIT આઉટલેટની સ્થાપના કરવામાં આવી છે. વ્યાપક પ્રાથમિક સંભાળ પૂરી પાડવા માટે ૧.૩૩ લાખથી વધુ આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (AB-HWCs) હવે કાર્યરત થઈ ગયા છે અને ટેલિકન્સલ્ટેશન સેવાઓના હબ તરીકે કામ કરી રહ્યા છે.

ઇ-સંજીવની ડિજિટલ સ્વાસ્થ્યમાં ભારત સરકારની મુખ્ય પહેલ, તે સ્પષ્ટપણે જણાવે છે કે તેણે દર્દીની આરોગ્ય મુલાકાત દીઠ ૨૧.૫૯ કિ.મી. સફળતાપૂર્વક બચાવી છે અને આરોગ્ય મુલાકાત દીઠ પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચના સંદર્ભમાં ૯૪૧.૫૧ રૂપિયાની બચત સક્ષમ કરી છે. જેનાથી બચત થાય છે. સમગ્ર દેશમાં રૂા. ૭,૫૨૨ કરોડ આ ટેલિકન્સલ્ટેશન્સ AB-HWCs પર ઉપલબ્ધ છે. પેટા કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડાયાબિટીસ, હાયપર ટેન્શન અને સામાન્ય કેન્સર જેવા સામાન્ય એનસીડીની સાર્વત્રિક તપાસ શરૂ કરવામાં આવી છે.

આયુષ્માન ભારતની બે પાંખો આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો (HWCs) અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) દ્વારા સરકાર દેશના કરોડો લોકો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળને સસ્તુ અને સુલભ બનાવી રહી છે.

એવા પૂરતા પુરાવા છે જે એ હકીકતને સમર્થન આપે છે કે ખાસ કરીને દિવસે લેબર રૂમમાં સંભાળની ગુણવત્તામાં સુધારો કરવો એ માતૃત્વ અને નવજાતના અસ્તિત્વ માટે કેન્દ્રિય છે. આ હકીકતને ઓળખીને ભારત સરકારે લક્ષ્ય લેબર રૂમ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)**

વ્યક્તિ વિશેષ

# વ્યક્તિ વિશેષ : ચાંપશીભાઈ નાગડા

અમલા પરીખ

## ચાંપશીભાઈ નાગડા

*જન્મ : તા. ૨૨-૧૧-૧૯૨૦*

*સ્વર્ગવાસ : તા. ૨૧-૦૧-૨૦૦૨*

પચાસથી વધુ નાટકો અને અનેક હિંદી-ગુજરાતી ચલચિત્રોમાં અદાકાર અને નિર્માતા રહી ચૂકેલા ચાંપશીભાઈનો જન્મ કચ્છના રાપરના ગઢવાલી ગામમાં વાલબાઈમા અને ભારમલ ભોજરાજને ત્યાં થયો. માત્ર ૧૯ વર્ષની વયે મુંબઈમાં નાટકો સાથે સંકળાયેલા ચાંપશીભાઈએ કલા જગતમાં પ્રવેશવા સંઘર્ષ કર્યો હતો.

ચાંપશીભાઈએ કારકિર્દીનો આરંભ નાટકોથી કર્યો. તેમનું પહેલું નાટક 'વસમાં બંધન' (૧૯૩૮) એકાંકી હતું. તેમણે 'અભિનય' નામે નાટ્યસંસ્થા પણ ચલાવી. મિત્રો સાથે ઊભી કરેલી સંસ્થા 'લલિતા કલા મંદિર'ના નેજા હેઠળ થોડાંક નાટકોમાં કામ કર્યા બાદ ચાંપશીભાઈ 'ઇન્ડિયન પીપલ્સ થિયેટર' (ઇપ્ટા)ના ગુજરાતી નાટ્ય વિભાગ સાથે જોડાયા. ત્યાં રહીને ભજવેલું નાટક 'અલ્લાબેલી' ખૂબ વખણાયું.

ત્યારપછી ચલચિત્રોમાં કામ કરવામાં પણ તેમને રસ જાગ્યો. ગુજરાતી ચલચિત્ર 'ભક્ત સુરદાસ'ના નિર્માણ દરમિયાન તે મનહર રસકપૂરના સંપર્કમાં આવ્યા અને ત્યારથી બંનેની જોડી જામી. બંનેએ સાથે મળીને અનેક સુંદર ગુજરાતી ચલચિત્રોનું સર્જન કર્યું. ૧૯૪૬થી ૧૯૫૦ દરમિયાન ૬૯ ગુજરાતી ચલચિત્રોનું નિર્માણ થયું, જ્યારે ૧૯૫૧થી ૧૯૬૦ દરમિયાન ૧૭ ચલચિત્રોનું નિર્માણ થયું. ગુજરાતી ચલચિત્રોમાં મંદીના સમયે ૧૯૬૦ના વર્ષમાં માત્ર બે જ ચલચિત્રો બન્યાં અને તે બંને ચાંપશીભાઈએ બનાવ્યા. ગુજરાતી ચલચિત્રોના ઈતિહાસમાં યાદગાર બની રહેલાં આ બે ચલચિત્રો હતા 'કાદુ મકરાણી' અને 'મહેંદી રંગ લાગ્યો.' સાહિત્યિક કૃતિઓ પરથી ચલચિત્ર બનાવવાનું કોઈ જોખમ લેતું નહોતું ત્યારે ચાંપશીભાઈએ પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ' પરથી આ જ નામનું ચલચિત્ર સર્જ્યું અને તે સફળ પણ થયું. ચાંપશીભાઈએ અભિનય કરેલાં કે નિર્માણ કરેલાં નાટકોમાં વિશ્વ સાહિત્યનો જબરદસ્ત ઉપયોગ કર્યો હતો. તેમણે પ્રવીણ જોશી, કાંતિ મડિયા, અદી મર્ઝબાન, વિજય દત્ત, હની છાયાના દિગ્દર્શનમાં અનેક નાટકો કર્યા. તેઓ સારા નર્તક પણ હતા. અભિનેત્રી આશા પારેખ, હેમા માલિનીની કેટલીક નૃત્ય નાટિકાઓમાં તેમણે કામ કર્યું હતું.

તેમના ગુજરાતી ચિત્ર 'હીરો સલાટ'ને ગુજરાત રાજ્યનું પારિતોષિક મળેલું છે. 'સુમંગલા' નાટકમાં સુજ્ઞરાયની ભૂમિકા માટે ઉત્તમ અભિનય માટેનું પ્રાણલાલ દેવકરણ નાનજી પારિતોષિક પણ તેમને અર્પણ થયું હતું.

ઈ.સ. ૨૦૦૨માં તેમનું અવસાન થયું હતું.

## આંતરરાષ્ટ્રીય સાર્વત્રિક આરોગ્ય કવરેજ દિવસ

**(અનુસંધાન : પાના નં. – ૧૮ ઉપરથી ચાલુ)**

ગુણવત્તા સુધારણા પહેલ શરૂ કરી છે.

ગર્ભવતી માતાને લેબર રૂમ અને મેટરનિટી ઑપરેશન થિયેટરમાં પૂરી પાડવામાં આવતી સંભાળની ગુણવત્તામાં સુધારો કરે તેવી અપેક્ષા છે. જેનાથી બાળ જન્મ સાથે સંકળાયેલા અનિચ્છનિય પ્રતિકુળ પરિણામોને અટકાવવામાં આવે છે. આ પહેલ સરકારી મેડિકલ કોલેજો (MCs) ઉપરાંત જિલ્લા હોસ્પિટલો (DHs) અને ઉચ્ચ ડિલીવરી લોડ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ્સ (SDHs) અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHCs)માં લાગુ કરવામાં આવશે.

આ પહેલ લેબર રૂમનું ગુણવત્તા પ્રમાણપત્ર હાથ ધરવા અને દર્શાવેલ લક્ષ્યોને હાંસલ કરતી સુવિધાઓને પ્રોત્સાહન આપવાની યોજના ધરાવે છે. આ પહેલનો ધ્યેય લેબર રૂમ અને મેટરનિટી ઓ.ટી.માં ડિલીવરીની આસપાસની સંભાળ સાથે સંકળાયેલી અટકાવી શકાય તેવી માતૃત્વ અને નવજાત મૃત્યુદર, રોગિષ્ઠતા અને મૃત્યુ પામેલા જન્મોને ઘટાડવાનો અને માનનીય પ્રસુતિ સંભાળ સુનિશ્ચિત કરવાનો છે.

*સંદર્ભ : યુનિવર્સલ હેલ્થ કવરેજ વિશે બધું, વીકિપીડિયા*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

તંદુરસ્તી

# માનવ હૃદયના કુદરતી વાલ્વ અને તેના પ્રશ્નો



ડૉ. કમલેશ એન. શાહ
M.D., FICA USA

માનવ હૃદયમાં ચાર વાલ્વ સામાન્ય રીતે હોય છે. જેની દ્વારા લોહીનો પ્રવાહ હૃદયના જે ભાગમાં જાય છે તેની સ્થિતિ એટલે કે ખૂલવાની - બંધ થવાની બંને કર્ણક અને ક્ષેપકના દબાણ ઉપર આધારીત છે. ચાર વાલ્વ નીચે પ્રમાણે છે : (૧) માઈટ્રલ (Mitral) વાલ્વ, (૨) ટ્રાયકસ્પીડ (Tricuspid) વાલ્વ : બંને વાલ્વ કર્ણક અને ક્ષેપકની વચ્ચે હોય છે. (૩) એવોરટીક (Aortic), (૪) પલ્મોનરી (Pulmonary). માઈટ્રલ અને એવોરટીક વાલ્વ ડાબા હૃદયમાં અને ટ્રાયકસ્પીડ તથા પલ્મોનરી જમણા હૃદયમાં હોય છે.

આ ઉપરાંત Coronary Sinus તથા Inferior Vinacava વાલ્વ પણ હોય છે.

૧. હૃદયના વાલ્વ કર્ણક અને ક્ષેપકની વચ્ચે તથા હૃદયની લોહીની નળીઓ વચ્ચે હોય છે.

૨. માઈટ્રલ વાલ્વને બે પાંદડા છે જ્યારે ટ્રાઈક્સપીડ વાલ્વને ત્રણ પાંદડા છે. તેની ટોચ ઉપર નાની ગાંઠ જેવું હોય છે. જેથી બંધ થાય ત્યારે વાલ્વ સીલ થઈ જાય છે.

૩. આ વાલ્વ લોહીને કર્ણકમાંથી ક્ષેપકમાં અથવા ક્ષેપકમાંથી લોહીની નસોમાં જવા દે છે. જ્યારે બંધ થાય ત્યારે લોહી પાછું આવી શકતું નથી.

૪. માઈટ્રલ વાલ્વને આગળ ને પાછળ પાંદડા એમ બે, તેમજ ટ્રાઈક્સપીડ વાલ્વને આગળ, પાછળ અને સેપ્ટલ પાંદડા એમ ત્રણ હોય છે. પલ્મોનરી વાલ્વને ડાબો અને જમણા પાંદડા એમ બે, એથોરટીક વાલ્વને ડાબો, જમણો અને પાછળ એમ ત્રણ ત્રણ પાંદડા હોય છે.

૫. પલ્મોનરી વાલ્વ જમણા ક્ષેપક અને પલ્મોનરી ધમની વચ્ચે હોય છે.

૬. એવોરટી વાલ્વ ડાબા ક્ષેપક અને મહા ધમની વચ્ચે હોય છે.

- **હૃદયના વાલ્વનું સંગીત :**

AV Valves કર્ણક અને ક્ષેપક વચ્ચેના, જ્યારે બંધ થાય ત્યારે લબ અવાજ આવે અને SL Valves બંધ થાય ત્યારે ડબ અવાજ આવે (ક્ષેપક અને લોહીની નળીઓ વચ્ચેના) પ્રથમને S1 કહેવાય, બીજાને S2 કહેવાય.

- **લોહીનું પરિભ્રમણ વાલ્વ દ્વારા (માઇટ્રલ - ટ્રાઇક્સપીડ)**

માઈટ્રલ વાલ્વનું નામ Bishop Mitre — એક જાતની ટોપી (Hat) ઉપરથી પડ્યું છે. તે હૃદયની ડાબી બાજુ કર્ણક અને ક્ષેપક વચ્ચે હોય છે જે ડાબા કર્ણકમાંથી ડાબા ક્ષેપકમાં લોહીના પ્રવાહને કાબૂમાં રાખે છે.

જ્યારે હૃદય diastole માં હોય ત્યારે માઈટ્રલ વાલ્વ ખૂલે. જેમ જેમ ડાબા ક્ષેપકમાં લોહી ભરાય ત્યારે ડાબા ક્ષેપકનું પ્રેશર ડાબા કર્ણક કરતા વધારે હોય. આમ, માઈટ્રલ વાલ્વ ખૂલવાથી લોહી ડાબા ક્ષેપકમાં આવે છે. જ્યારે diastole પૂરું થવા આવે ત્યારે કર્ણક સંકોચાય. જે બાકીનું ૩૦ ટકા લોહી વળી પાછું ક્ષેપકમાં ઠાલવે છે. આ પીરીયડ પૂરો થાય ત્યારે વાલ્વ બંધ થાય છે. જેથી લોહી ક્ષેપકમાંથી કર્ણકમાં જતું નથી.

આવી જ પ્રક્રિયા જમણી બાજુ ટ્રાઈક્સપીડ વાલ્વ જમણા કર્ણક અને ક્ષેપક વચ્ચે થાય છે.

પલ્મોનરી અને એવોટીક વાલ્વ (Pulmonary – Aortic) બંને વાલ્વ લોહીની ધમનીઓના મુખ ઉપર હોય છે. આ ધમનીઓમાં લોહી ક્ષેપકમાંથી આવે છે. જેના બંધ થવાથી લોહી પાછું ક્ષેપકમાં આવતું નથી.

- **લોહીનું પરિભ્રમણ (એવોટીક અને પલ્મોનરી વાલ્વ દ્વારા)**

ડાબા ક્ષેપક (Systole) સંકોચન થાય ત્યારે ડાબા ક્ષેપકમાં પ્રેસર વધે - લોહીની ધમનીના (Aorta) પ્રેસર કરતાં એવોર્ટીક વાલ્વ ખૂલે. આથી લોહી ડાબા ક્ષેપકમાંથી લોહીની ધમનીમાં જાય. જ્યારે ક્ષેપકનું સંકોચન બંધ થાય ત્યારે તેમાં પ્રેસર ઝડપથી ઘટે. જેથી એવોર્ટીક વાલ્વને બંધ થવાની ફરજ પડે. જમણા ક્ષેપકનું સંકોચન (Systole) થાય ત્યારે પલ્મોનરી વાલ્વ ખૂલે. આથી લોહી જમણા ક્ષેપકમાંથી લોહીની ધમની (Pulmonary)માં જાય. જ્યારે જમણા ક્ષેપકનું સંકોચન બંધ થાય ત્યારે તેમાં પ્રેસર ઝડપથી ઘટે. જેથી પલ્મોનરી વાલ્વ બંધ થાય. જમણા ક્ષેપકનું પ્રેસર ઓછું

હોય છે. જેથી વાલ્વ બંધ થાય ત્યારે અવાજ ધીમો આવે.

- **હૃદયના વાલ્વના રોગોના નામ**

*બે પ્રકારના થાય છે :*

૧. વાલ્વ લીક થાય (Regurgitation)

૨. વાલ્વ સાંકડો થાય. તેને (Stenosis) કહેવાય છે. જેમ કે ડાબા હૃદયના વાલ્વ - Mitral અસર પામે તો તેને Mitral Stenosis અને Aortic અસર પામે તો તેને Aortic Stenosis કહેવાય.

૨. આજ રીતે જમણા હૃદયના વાલ્વ - Tricuspid અસર પામે તેને Tricuspid stenosis અને Pulmonary Valve અસર પામે તેને Pulmonary Stenosis કહેવાય.

- **વાલ્વ સાંકડા થવાના કારણો :**

૧. નાનપણમાં સાંધાનો વા રૂમેટીસમ - જેના કારણે વાલ્વ ધીમે ધીમે સાંકડો થાય.

૨. એથેરોસ્કેલેરોસીસ - ક્ષાર, ચરબી જામી જવાથી.

૩. જન્મજાત - જેમાં Aortic વાલ્વ સાંકડો થવાની શક્યતાઓ રહેલી છે.

- **ઉપાયો :**

૧. BMV ઓપરેશન વિના — કેથેટર દ્વારા બલુનથી ખોલી શકાય છે. હાલમાં Mitral Stenosis અને Aortic Stenosis ની સારવાર આ રીતે ઉપલબ્ધ છે.

૨. MVR or AVR વાલ્વ બદલવાનો. ખૂબ જ સફળતાપૂર્વકના ઑપરેશનો હવે થઈ રહ્યા છે.

- **હૃદયના વાલ્વ સાંકડા થવાથી હૃદય ઉપર તથા શરીરમાં થતી આડ અસરો**

૧. આપણે જોયું તેમ ડાબા હૃદયના વાલ્વ સાંકડા થાય ત્યારે તેને Mitral Stenosis તથા Aortic Stenosis કહેવાય. આ કારણે છાતીમાં દુઃખાવો તથા શ્વાસ ચઢવાના પ્રશ્નો ઊભા થાય છે.

૨. ધીરે ધીરે હૃદય પહોળું થાય છે. Mitral Stenosis માં હૃદયનો ડાબો કર્ણક તથા જમણો ક્ષેપક અસર થાય છે. પહોળા થતા જાય છે.

૩. ફેફસામાં પાણી ભરાય છે. ક્યારેક હૃદયની ગતિ અનિયમિત થાય છે. તો સારવાર ન પડે તો Rt sided heart failure થાય છે.

૪. ડાબા કર્ણકમાં લોહીની નાની ગાંઠો લકવાની અસર પણ ઉત્પન્ન કરે છે.

૫. Aortic Stenosis ના કારણે ડાબા ક્ષેપકને શરીરને લોહી પહોંચાડવામાં શ્રમ પડે છે. છાતીનો દુઃખાવો ને શ્વાસ ચઢવા તે મુખ્ય આડઅસર છે. ક્યારેક વ્યક્તિને Syncope આંખે અંધારા આવવા લાગે છે.

***હવે, જમણા હૃદયના વાલ્વ સાંકડા થાય અને બધા વાલ્વ લીક થાય તે બધાનું વર્ણન આવતા અંકે...***

***(ક્રમશઃ)***

## ક.વી.ઓ. જ્ઞાતિમાં સૌ પ્રથમ

**(અનુસંધાન : પાના નં. – ૧૫ ઉપરથી ચાલુ)**

૨૫. પ્રથમ મહિલા MD ડૉક્ટર ભાનુ કુંવરજી ગડા, બાડા. સને ૧૯૬૯.

૨૬. ધારાશાસ્ત્રીની ડિગ્રી પ્રાપ્ત કરનાર શ્રી વેલજી લખમશી નપુ, સને ૧૯૧૧.

૨૭. પ્રથમ મહિલા ધારાશાસ્ત્રીની ડિગ્રી પ્રાપ્ત કરનાર સુશીલા જી. વીછીવોરા. સને ૧૯૬૨.

૨૮. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાઉન્સિલર તરીકે પ્રથમ શેઠશ્રી લખમશી નપુ, બારોઈ. સને ૧૯૦૪.

૨૯. જે.પી.નો હોદ્દો ધરાવનાર પ્રથમ શ્રી લખમશી નપુ, બારોઈવાળા.

૩૦. રાવ સાહેબનો હોદ્દો ધરાવનાર પ્રથમ શ્રી તેજુ કાયા, લાયજાવાળા.

૩૧. સ્વતંત્ર ભારતની લોકસભામાં પ્રથમ કચ્છી M.P. (Member of Parliament) શ્રી રાઘવજી લખમશી સાવલા ૧૯૭૭-૭૯ અને બીજી વખત ૧૯૮૯-૯૧.

૩૨. સ્વતંત્ર ભારતની રાજ્યસભાના સભ્ય તરીકે પણ ૧૯૯૧-૯૨ અને ૧૯૯૪થી ૨૦૦૦ સુધી શ્રી રાઘવજી લખમશી સાવલા હતા.

૩૩. શ્રી ખીમજી ભુલા વીરા દેવપુરવાળાએ સૌપ્રથમ ફિલ્મ થિયેટર તિલક ટોકીઝના નામે ડોંબીવલીમાં શરૂ કર્યું. લગભગ સને ૧૯૪૫ની આસપાસ.

૩૪. સિને જગતમાં સંગીતકાર તરીકે કલ્યાણજી વીરજી અને તેમના બંધુ આણંદજીભાઈ, કુંદરોડી.

***માહિતી સંકલનકાર : મણિલાલ પ્રેમજી દેઢિયા, મેરાઉ***

***મો. ૯૮૬૯૧ ૧૩૮૭૫***

***પ્રેષક : વિનોદ કેશવજી ધરોડ, પત્રી***

તંદુરસ્તી

# માનસિક બીમારીના શારીરિક લક્ષણો : ભાગ-૧

## (Physical Symptoms in Psychiatric Diseases : Part-1)





ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં આપણે જાણ્યું કે માનસિક બીમારીઓના નિદાન માટે મનની વૈદ્યકીય તપાસ (Mental Status Examination – MSE) કરાય છે. આ તપાસ વૈજ્ઞાનિક પદ્ધતિની તપાસ છે. સાઇકિયાટ્રીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કરતાં દરેક વિદ્યાર્થીને પ્રથમ જ આ શીખવાડવામાં આવે છે.

આ લેખમાં અન્ય મહત્ત્વની વૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

### *શું શારીરિક ફરિયાદો (લક્ષણો) માનસિક બીમારીની ફરિયાદો હોઈ શકે?*

ઘણા વાચકોને જાણીને આશ્ચર્ય થશે કે માનસિક બીમારીઓ ડિપ્રેશન, પેનિક ડિસઓર્ડર, એન્કઝાયટી ડિસઓર્ડર જેવી બીમારીઓમાં શારીરિક લક્ષણો મુખ્ય હોય છે તથા શારીરિક ફરિયાદોને લીધે ફેમિલી ડોક્ટરની પાસે જાય છે. શારીરિક ફરિયાદો દુઃખાવો (માથાનો દુઃખાવો, છાતીનો દુઃખાવો, પેટનો દુઃખાવો), શરીરમાં કળદર, નબળાઈ, ગેસ, અપચો, એસીડિટી, હૃદયના ધબકારા વધી જવા, ચક્કર આવવા વગેરે શારીરિક લક્ષણો માનસિક બીમારીના લક્ષણો છે, જે કેસ સ્ટડી દ્વારા સમજી શકાશે.

- **કેસ સ્ટડી :**

૪૨ વર્ષની સુષ્માને (નામ બદલ્યું છે) છેલ્લા બારેક મહિનાથી માથામાં વારંવાર દુઃખાવો થતો હતો. ઘણી વખત દુઃખાવો સખત થતો. સુષ્માથી એ દુઃખાવો સહન ન થતો. ચક્કર પણ આવતા હતા. રાત્રે બરોબર ઊંઘ આવતી ન હતી. શરીરમાં નબળાઈ રહેતી હતી. થોડુંક જ કામ કરતાં થાક લાગતો હતો. થોડુંક કામ કરી, થોડુંક આરામ કરી ફરી કામ કરતી હતી. ભૂખ ઓછી થઈ ગઈ હતી. પાંચેક કિલો વજન ઓછું થઈ ગયું હતું. હાથ-પગમાં ઝણઝણાટી થતી હતી. કબજિયાત રહેતી હતી. કામ કરવાની ઇચ્છા અને ઉમંગ રહ્યા ન હતા. પરાણે રોજિંદુ કામ કરતી હતી.

વૈદ્યકીય શારીરિક તપાસ નોર્મલ હતી. લોહીની તપાસ નોર્મલ હતી. ડાયાબિટીસ, થાઈરોઈડ માટેની તપાસ નકારાત્મક હતી. માથાનો સી.ટી. સ્કેન તથા એમ.આર.આઈ. સ્કેન નોર્મલ હતા.

ઘણા ડૉક્ટરોનો અભિપ્રાય લીધો હતો. ફિઝીશિયન, ન્યુરોલોજિસ્ટને કન્સલ્ટ કર્યા હતા. સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં પણ બતાડેલ. મેનોપોઝ માટે ગાયનેકોલોજિસ્ટને બતાડી સારવાર કરેલ. બધા ડૉક્ટરોએ કહ્યું, સુષ્માને કાંઈ નથી. પરંતુ કોઈ ફાયદો થતો નહોતો. લક્ષણો ઘટવાને બદલે વધતા જતા હતા. ન્યુરોલોજિસ્ટે મનોચિકિત્સક - સાઈકિયાટ્રીસ્ટનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

સુષ્માનો પતિ સારું કમાતો હતો તથા એને કોઈ કુટેવો ન હતી. એક જ દીકરો હતો, જે ભણવામાં હોંશિયાર હતો. વર્ગમાં પ્રથમ નંબરે પાસ થતો હતો. રહેવા માટે સુંદર અલગ ઘર હતું. જેમાં બધી જ આધુનિક સગવડો હતી. આથી સુષ્માના પતિ અને નજીકના સગાવહાલાને નવાઈ લાગી કે સુષ્માને મનોચિકિત્સકની શું જરૂરત? શું ટેન્શન હોઈ શકે?

છેલ્લા ઉપાય તરીકે સુષ્માને મનોચિકિત્સક (લેખક) પાસે બતાડવા લઈ આવ્યા. મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી ઉંડાણમાં તપાસ કરતા જણાયું કે ઉપરોક્ત લક્ષણો ઉપરાંત સુષ્માએ જીવનમાં બધી બાબતોમાંથી રસ ગુમાવ્યો હતો. એકના એક લાડલા પુત્ર માટે પણ રસ નજીવો રહ્યો હતો. કામ કરવાનો ઉમંગ ઘણો જ ઓછો થઈ ગયો હતો. ઘરમાં બીજું કોઈ કામ કરનાર ન હતું. એટલે સુષ્મા પરાણે રોજિંદુ કામ કરતી હતી. નજીવા કારણોથી ગુસ્સો આવી જતો હતો (સ્વભાવે સુષ્મા શાંત હતી). અવાજ કે ઘોંઘાટ સહન કરી શકતી ન હતી. વારંવાર રડવું આવતું હતું. જીવન જીવવામાં રસ રહ્યો ન હતો. "આના કરતાં મરી જવું વધારે સારું" – એવા વિચારો સતત આવતા હતા.

- **મનોવૈજ્ઞાનિક તપાસ તથા માહિતી :**

સુષ્માનો પતિ સુષ્મા માટે જરાય સમય ફાળવતો ન હતો. એના અઠવાડિક રજાના દિવસે (રવિવારે) પણ પતિ કાં તો મિત્રો જોડે સમય પસાર કરતો કે સૂઈ જતો. "રજાનો દિવસ એના આરામ કરવા માટે છે" એવું માનતો હતો. પતિને એમ હતું કે પત્નીને જોઈએ એટલા પૈસા આપી દેવાથી એની પતિ તરીકેની જવાબદારી પૂરી થઈ જતી હતી.

સુષ્માની શારીરિક જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં પરિપૂર્ણ થતી હતી પરંતુ માનસિક જરૂરિયાતો પૂર્ણ થતી ન હતી. અપૂર્ણ માનસિક જરૂરિયાતોને લીધે સુષ્મા સ્ટ્રેસ - ટેન્શનમાં જીવતી હતી.

- **નિદાન :**

આ એક ડિપ્રેશનની હતાસાની બીમારીનો કેસ છે. યોગ્ય નિદાન માટે શારીરિક તકલીફો અને શારીરિક તપાસ સાથે સાથે ઉર્મિતંત્ર અને લાગણીઓની તકલીફો તથા મનની તપાસ કરવાનું અગત્યનું છે.

- **સારવાર :**

સુષ્માને હતાશા - ડિપ્રેશન પ્રતિરોધક દવાઓ (Antidepressant Medicine) અને સાયકોથેરાપી તથા કાઉન્સેલિંગની પદ્ધતિથી સારવાર કરી.

કાઉન્સેલિંગની સારવાર દરમિયાન અપૂર્ણ માનસિક અપેક્ષાઓ તથા અન્ય મતભેદો વિશે ખુલ્લા મનથી ચર્ચા કરવામાં આવી. પતિ તથા સુષ્માને પોતપોતાના વલણ - દૃષ્ટિકોણ તથા અપેક્ષાઓ સમજાયા. બંનેએ પોતપોતાના દૃષ્ટિકોણ તથા અપેક્ષાઓ અને વર્તણુંકમાં સમજણપૂર્વકના યોગ્ય ફેરફારો કર્યા.

માત્ર પંદર દિવસના ટૂંકા ગાળામાં સુષ્માની તકલીફોમાં સુધારો થયો. અઠવાડિયાના ઉપચારના પરિણામે સુષ્મા રોજિંદુ કામકાજ ઉમંગથી કરવા લાગી. જીવન જીવવામાં રસ આવ્યો.

શારીરિક તકલીફો ધીમે ધીમે બધી જ દૂર થઈ. વજન વધ્યું. શારીરિક તકલીફો માટે અલગથી સારવારની જરૂર ન હતી. મનની સારવારથી શારીરિક લક્ષણો દૂર થયા.

દવા તથા કાઉન્સેલિંગની સારવારથી ડિપ્રેશનની બીમારીમાં ઝડપથી સુધારો થયો.

- **શારીરિક લક્ષણોની ફરિયાદ :**

દર્દી શારીરિક લક્ષણોની ફરિયાદ કરતો હોય તથા વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન વગેરે બધી જ તપાસ નોર્મલ આવે ત્યારે દર્દી તથા કુટુંબીજનો દ્વિધામાં પડી જાય છે કે આવું શા માટે થાય છે? શા માટે યોગ્ય નિદાન થઈ શકતું નથી? શું દર્દીને કોઈ બીમારી નથી? શું દર્દી શારીરિક લક્ષણોની કલ્પના કરે છે?

આવા કિસ્સાઓમાં શારીરિક તપાસ જોડે મનની વૈદ્યકીય તપાસ મનોચિકિત્સક પાસે કરાવવી જરૂરી છે. વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ વગેરે મનના કાર્યો વિશેની યોગ્ય તપાસ કરાવવી અગત્યનું છે. જેથી યોગ્ય નિદાન થાય અને સારવાર કરી શકાય. ત્યારબાદ દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

*(ક્રમશઃ)*

## જમીન સંપદા

**(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)**

વિસ્તારમાં નિકલનો જથ્થો પણ વિશેષ પ્રમાણમાં રહ્યો છે.

કાર પ્રતિરોધક તરીકે નિકલનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કોટીંગ માટે કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈન્સ, બેટરીઝ તથા કેમિકલ રીએક્શનમાં કેટાલીસ્ટ તરીકે નિકલનો ઉપયોગ થતો હોય છે. દેશમાં ક્રોમિયમનો જથ્થો પણ પૂર્વીય ભારતમાં વિશેષ પ્રમાણમાં હોવાનું અનુમાન તજજ્ઞો બતાવી રહ્યા છે. આયર્ન ઑરની માઈન્સના વિસ્તારમાં આવો ક્રોમિયમનો જથ્થો વધુ મળે એવી શક્યતા ચર્ચાઈ રહી છે. સ્ટેનલેસ સ્ટીલના ઉત્પાદનમાં ફેરો ક્રોમિયમનો વપરાશ થતો હોય છે. મોલીલ્ડેનમ ખનીજનો જથ્થો દક્ષિણ ભારતમાં તામિલનાડુ રાજ્યમાં જણાયો છે.

આ ખનીજનો ઉપયોગ સ્ટીલ એલોય બનાવવામાં થાય છે. વિશ્વ બજારમાં ચીલી તથા બોલીવીયા દેશોમાં લીથીયમનો વ્યાપક જથ્થો રહેલો છે તથા આ જથ્થાને બહાર લાવવા ભારતે આ બંને દેશો સાથે વાતચીત શરૂ કર્યાના વાવડ પણ મળ્યા હતા. આર્જેન્ટીના સાથે પણ આવી વાટાઘાટો શરૂ કરાઈ છે.

*'ગુજરાત સમાચાર'ના સૌજન્યથી*


**Relitrade Stock Broking Pvt. Ltd.**

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Re·a'l Park, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૪૨

### શ્રી ધોળકા તીર્થ
### (શ્રી કલીકુંડ પાર્શ્વનાથ ભગવાન)



ધોળકા ગામનું પ્રાચીન નામ ધવલકપુર હતું અને લોકવાયકા પ્રમાણે તો આ ધોળકા, એ જ મહાભારત કાળનું વિરાટનગર હતું. આ પ્રાચીન નગરમાં આજે ત્રણ જિનાલય વિદ્યમાન છે. એની અંબાજીની પોળમાં મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળે બંધાવેલું જિન મંદિર છે. આજે આ જિન મંદિરમાં મૂળનાયક શ્રી સુમતિનાથ બગવાનની બદામી વર્ણની સવા ફૂટ ઊંચી સપરિકર પ્રતિમા બિરાજમાન છે. પંચભાઈની પોળમાં આવેલું ઘુમ્મટબંધી શ્રી શાંતિનાથ ભગવાનનું નિરાળી બાંધણી ધરાવતું મંદિર છે. તો ભાલા પોળમાં આવેલું શ્રી આદિશ્વર ભગવાનનું ઘર દેરાસર પ્રાચીન છે. આ નગર એ યુગપ્રધાનાચાર્ય પ્રથમ દાદા શ્રી જિનદત્તસૂરિનું જન્મસ્થળ અને પ.પૂ.આ.ભ. શ્રી ધર્મદેવ ઉપાધ્યાયજીનું દીક્ષા સ્થળ છે. વસ્તુપાળ-તેજપાળ, પેથડશા, જીવણશાહ તથા અન્ય શ્રેષ્ઠીઓએ ધોળકામાં જિનમંદિર બંધાવ્યાના ગ્રંથમાં ઉલ્લેખ છે.

ધોળકા રેલવે સ્ટેશનથી ૧ કિ.મી. દૂર શ્રી કલીકુંડ પાર્શ્વનાથ તીર્થ આવેલું છે. અહીં પ્રાચીન મૂળનાયક શ્રી કલીકુંડ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૨૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાના અંગ-પ્રત્યંગના રેખાંકનમાં એક એવી અનોખી કલા છે કે, જો થોડીવાર એકીટસે પ્રભુને નીરખીએ તો એમ લાગે કે ભગવાન મધુર સ્મિત સાથે ભક્તોને ઉપકૃત કરી રહ્યા છે. ૧૨મી સદીમાં અનેક સમર્થ આચાર્યોનું અહીં આગમન થયું હતું અને અનેક જિન મંદિરોની રચનાના ઉલ્લેખ મળે છે. કલીકુંડ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અતિ પ્રાચીન છે. તેની કોણે, ક્યારે પ્રતિષ્ઠા કરાવી હશે તેની માહિતી સાંપડતી નથી. આ દેરાસરની સામે જિનદત્તસૂરિનું ગુરૂ મંદિર આવેલું છે.

## તીર્થ દર્શન-૪૩

### શ્રી સરખેજ તીર્થ
### (શ્રી વાસુપૂજ્ય ભગવાન)



અમદાવાદથી આશરે ૮ કિ.મી. દૂર આવેલા સરખેજમાં આવેલું આ તીર્થ છે.

અકબર પ્રતિબોધક હીરવિજયસૂરીશ્વરજી મ. આદિ અનેક ધૂરંધર આચાર્ય ભગવંતોના ચરણ સ્પર્શથી પાવન બનેલું આ પવિત્ર સ્થળ છે. અહીં નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈએ નૂતન જિનાલયનું નિર્માણ કર્યું અને વિ.સં. ૧૯૧૧માં મૂળનાયક ભગવાન વાસુપૂજ્યને એમાં પ્રતિષ્ઠિત કર્યા. પ્રતિમાજી ઉપર વિ.સં. ૧૯૦૩નો લેખ મળે છે. અહીં પાષાણની પાંચ અને ધાતુની આઠ પ્રતિમાઓ મળે છે. આ સ્થળ અત્યંત દર્શનીય છે. આ તીર્થનો જીર્ણોધ્ધાર અને પુનઃપ્રતિષ્ઠા શ્રી વિજયનેમિશ્વર-વિજ્ઞાન - કસ્તૂરસૂરિપટ આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.ના સુહસ્તે થયો. અહીં શાસન પ્રભાવક શ્રી પદ્માવતી દેવી અને ચક્રેશ્વરી દેવીની ભવ્ય પ્રતિમા પ્રતિષ્ઠિત હોવાને લીધે હજારો યાત્રાળુઓ દર્શન કરીને પોતાની મનોકામના પૂર્ણ કરે છે. અહીં ઉપાશ્રય, પાઠશાળા, ધર્મશાળા આદિ ધર્મસ્થાનો પણ છે.

પ્રાચીન ચૈત્ય પરીપાટી તથા હીરસૂરિરાસમાં સરખેજ અને તેનાં જિન મંદિરોનો ઉલ્લેખ મળે છે. આથી એવી શક્યતા છે કે ૧૨-૧૩મા સૈકામાં સરખેજ ગામ તથા જિનમંદિર હોવું જોઈએ. રાજનગર અમદાવાદમાં પધારતા અથવા તો અમદાવાદથી અન્યત્ર જતાં આચાર્ય ભગવંતો, મુનિ મંડળો તથા સાધ્વીજી મહારાજો મોટી સંખ્યામાં સરખેજ પધારે છે. વળી અમદાવાદના અનેક સંઘો તથા મંડળો સરખેજ આવીને જિન ભક્તિનો લાભ લે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*ખાનદાનીના પારખા ના હોય, એ તો વર્તનમાં જ વરતાઈ જાય.*

વાર્તા

# લક્ષ્મીપૂજન



એમ. ડી. સોલંકી

જેમ જેમ સમય સરકતો જતો હતો તેમ તેમ આરવ મનોમન અકળાતો જતો હતો. એણે ઘર-ઓસરી અને કમ્પાઉન્ડમાં બે-ચાર આંટા માર્યા, પણ વ્યર્થ! એને ક્યાંય એના મમ્મી સરોજબેન જોવા જ ન મળ્યા. અકળામણને કારણે આખરે એણે ઉતાવળથી જનકભાઈને જ પૂછી નાખ્યું : ‘પપ્પા, મારા મમ્મી ક્યાં ગયા છે એની તમને ખબર છે? મેં ઘર-બહાર બધે જ જોઈ નાખ્યું પણ એ ક્યાંય દેખાતા નથી. મારી પાસે લક્ષ્મીપૂજનનો સામાન મંગાવીને હવે એ પોતે જ ગાયબ થઈ ગયા? ખરું કહેવાય! હું તો ક્યારનોય એમને જ શોધું છું. આમ ને આમ મોડું થઈ જશે તો પછી લક્ષ્મીપૂજન કરવાનું શુભ ચોઘડિયું પણ વીતી જશે.’

‘તને લક્ષ્મી પૂજનનો સામાન લેવા મોકલીને મને ‘હું હમણાં જ આવું છું’ એવું કહીને એ ગઈ છે. એ વાતનેય હવે તો કલાક થવા આવ્યો. બાકી એ પોતે ક્યાં ગઈ છે એની તો મનેય જાણકારી નથી. હું તો એવું માનતો હતો કે એ પાછી આવીને રસોડામાં રહીને લક્ષ્મી પૂજનની તૈયારી કરતી હશે. આ તો તેં મને પૂછ્યું ત્યારે જ મને ખબર પડી કે તારા મમ્મી રસોડામાં નથી.’ દીકરા આરવના સવાલનો જવાબ આપતા જનકભાઈ બોલ્યા.

‘પણ પૂજાનો સામાન લેવા મને મોકલ્યો ત્યારે જ એમણે કહ્યું હતું, ‘આરવ, પૂજાનો સામાન લઈને તું જલ્દી પાછો આવજે. મોડું કરીશ તો પછી લક્ષ્મીપૂજન કરવાનું શુભ ચોઘડિયું જતું રહેશે.’ એટલે તો હું બજારના બીજા કામ બાજુ પર મૂકી દઈને ફક્ત પૂજાનો સામાન લઈને જ ફટાફટ ઘેર આવી ગયો. પણ અહિંયા આવીને જોયું તો પૂજાનો સામાન મંગાવનાર પોતે જ ગાયબ! આ કેવું? મને તો કંઈ સમજ પડતી નથી.’

જનકભાઈ એમના કોઈ કામે ઘરમાંથી બહાર જવા નીકળી ગયા. બેઠકરૂમ અને ઓસરીમાં સરોજબેનની રાહ જોવામાં આમ-તેમ આંટા માર્યા પછી જાણે થાકી ગયો હોય એમ આરવ ઊંચા મને સોફા પર બેસી ગયો. સામેની દીવાલ પરનો તેનો અને આરતીનો લગ્ન સમયનો ફોટો જોતાં જ એનું મન ભૂતકાળના દિવસોમાં પહોંચી ગયું. અને પછી તો આરવની નજર સમક્ષ કેટકેટલાય દૃશ્યો તાદૃશ્ય થઈને તરવરી રહ્યા.

ગયા વરસે આવી જ ધનતેરસના દિવસે એણે અને આરતીએ સાથે બેસીને આનંદભેર લક્ષ્મીપૂજન કર્યું હતું. કેવી સુંદર અને યાદગાર ક્ષણો હતી એ! તમે બંને પતિ-પત્ની તો ખુશખુશાલ હતા જ પણ તમારા પપ્પા-મમ્મી ઘરમાં આવું હળવાશભર્યું વાતાવરણ જોઈને ખૂબ જ ખુશ હતા. આરતીએ હોંશભેર બનાવેલી રસોઈ તમે સૌ ભરપેટ જમ્યા હતા. દિવાળીનું એ પર્વ આરતી સાથે તમે સૌએ ઉમંગભેર ઉજવ્યું હતું. પરંતુ દિવાળીના બે-એક મહિના પછી આરતીના સ્વભાવમાં ન સમજાય એવો અણધાર્યો ફેરફાર થઈ ગયો હતો અને એટલે ઘરના શાંત વાતાવરણમાં એક જાતની તંગદિલી સર્જાવાની શરૂઆત થઈ ગઈ હતી. કાયમ હસતી રહેતી આરતીનો સ્વભાવ જાણે કે સાવ બરડ અને શુષ્ક બની ગયો હતો. ઘરમાં એનો વ્યવહાર મારી અને પપ્પા-મમ્મી સાથે સાવ તોછડાઈભર્યો થઈ ગયો હતો. કારણ વગરના વાહિયાત પ્રશ્નો ઊભા કરીને ઘરના વાતાવરણને ડહોળી નાખતી હતી. સાવ સામાન્ય બાબતમાં પણ એને વાંકુ પડી જતું હતું. સરળ અને સાલસ સ્વભાવનો આરવ પત્ની આરતીના આવા અવ્યવહારુ વર્તનથી ખૂબ જ દુઃખી થઈ જતો હતો. એ એની રીતે આરતીને ઘણુંય સમજાવતો પણ આરતી જેનું નામ! એ કોઈ વાતે સમજતી જ નહોતી અને આરવ મનોમન મૂંઝાયે જતો હતો.

આરતી સાથેના લગ્ન જીવનનું દોઢેક વર્ષ ખૂબ જ આનંદ ઉલ્લાસમાં પસાર થઈ ગયું. પરંતુ મોં પર ઝાઝો પરસેવો થાય કે પછી વરસાદના ઝાપટામાં પલળી જવાથી મોં પર કરેલો મેક-અપ ભૂંસાઈ જાય એમ મોજમસ્તીભર્યા દિવસો દિવાળીના બે મહિના પછી જાણે કે સાવ પૂરા જ થઈ ગયા. બે-ત્રણ દિવસે સામાન્ય બાબતમાં પણ આરતી કંકાસ કરીને ત્રણેયના મન ઊંચા કરી નાખતી હતી. આરવ નોકરી પર કે અન્ય કામે બહાર જતો ત્યારે એના મનમાં એક જાતની ફડક રહ્યા જ કરતી હતી - મારી ગેરહાજરીમાં આરતીએ ઘરમાં કોઈ માથાકુટ તો નહીં કરી હોય ને?

આરવના પપ્પા-મમ્મી દિકરાવહુ આરતીના આવા અઘટીત વ્યવહારથી ક્ષુબ્ધ બનીને મનોમન ઘણાય દુ:ખી થઈ જતા હતા. પરંતુ એ બંને નાઈલાજ હતા. એમને હંમેશાં એક વાતનો વસવસો થયા કરતો કે અમારા ત્રણેયમાંથી કોઈએ આરતીને ઊંચા સાદે બોલાવી પણ નથી. એટલું જ નહીં, અમે હંમેશાં એને અનુકૂળ થવાના જ પ્રયત્નો કરીએ છીએ, છતાંય અમારી પ્રત્યે આરતીનું આવું ઉપેક્ષિત વલણ કેમ થઈ ગયું હશે?

જનકભાઈ અને સરોજબેન ક્યારેક આરતીના આવા વિવેકશૂન્ય વર્તણુંક બાબતે એને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કરતા ત્યારે એ કોઈપણ જાતની એમની મર્યાદા રાખ્યા વગર ગુસ્સાભેર કહી દેતી – 'તમારે તો મારી બાબતમાં જરાય માથું મારવાનું જ નહીં. આ બધું તમારા બંનેના કારણે જ થાય છે. આ ઘરમાં તો એક દિવસ પણ રહેવાય એવું નથી! દિવસે દિવસે આરતીના ધમપછાડા વધતા જ ગયા અને એક દિવસ નાની-અમથી વાતનું વતેસર કરીને આરતી રીસાઈને એના પીયર ચાલી ગઈ.

ભૂતકાળના દિવસોમાં પહોંચી ગયેલા આરવના માનસપટ પર હંમેશાં એક જ વાત હથોડાના ઘા ની જેમ રણક્યા કરતી હતી. રીસાઈને પીયર જતી રહેલી આરતીને કેવી રીતે મનાવીને પાછી ઘેર લાવવી? આરતીના આવા વિચારોમાં અટવાઈ ગયેલા આરવની આંખ સોફા પર બેઠા બેઠા જ મળી ગઈ.

આરતીની આવી બેજવાબદારીભરી વર્તણુંકની વાત પછી તો ધીરે ધીરે સમાજમાં પણ ચર્ચાનો વિષય બની ગઈ. સાવ ભોળા અને વ્યવહારુ જનકભાઈના ઘરમાં આવી વિષમ પરિસ્થિતિનું નિર્માણ કેમ થયું? સરોજબેન કોઈ સામાજિક પ્રસંગે સગાવહાલામાં જતા ત્યારે એમને ઓળખનાર ખબર અંતર પૂછવાની સાથે સાથે આરતી વિશે પણ પૂછી લેતા. 'પછી શું થયું? તમારી વહુ આરતી તમારા ઘેર પાછી આવી ગઈ? તમે એને તેડવા ગયા હતા?' તો વળી કેટલાક સરોજબેનની પીઠ પાછળ આવુંય બોલતા : 'એમને એમ વહુ રીસાઈને પીયર નહીં ગઈ હોય ને? કશુંક તો કારણ હશે ને? એમ કાંઈ એકલી વહુનો જ વાંક તો ના જ હોય ને? હવે પહેલાની જેમ વહુને દબાવી ના શકાય. હવે જમાનો બદલાયો છે. એટલે વહુને બધી જ છુટછાટ આપવી જોઈએ. એકલું સાસુપણું દાખવવા જઈએ તો પછી આવું જ થાય ને!' સરોજબેન સમાજમાં થતી આવી બે-ધારી વાતો સાંભળીને મનોમન દુ:ખી થઈ જતા હતા.

થોડા સમય પછી એક સંબંધીના લગ્ન પ્રસંગમાં સરોજબેન ગયા હતા. ત્યાં એમની એક અંતરંગ બહેનપણીની દીકરી સ્વાતિ એમને મળી ગઈ હતી. તે આરતીની સોસાયટીમાં જ રહેતી હતી. એકબીજાના ખબર-અંતર પૂછ્યા પછી સ્વાતિએ કહ્યું, 'માસી, તમે કોઈ આરતીને તેડવા માટે કેમ આવતા નથી? એ તો તમારા ઘેર આવવા ટાંપીને બેસી રહી છે.'

'આરતીને તેડવા અમારે આવવાનું?' નવાઇ પામતાં સરોજબેન બોલ્યા.

'હા, તમારે જ એને તેડવા આવવું પડશે. તમારા વેવાણ સામે પગલે આરતીને તમારા ઘેર મૂકવા આવવામાં ભોંઠપ અનુભવે છે. એટલે તમે જ કોઈ આવીને એને તેડી જાવ એવું આરતીએ મને કહ્યું છે. હું અને આરતી એક જ સોસાયટીમાં રહીએ છીએ. વળી અમારી બંનેની ઉંમર પણ લગભગ સરખી છે. એટલે પહેલેથી જ અમારી વચ્ચે સારો મનમેળ છે. એના આરવ સાથે લગ્ન થયા ત્યારે જ મેં એને કહેલું કે તારા સાસુ - એટલે કે સરોજબેન અને મારા મમ્મી એકબીજાના ખાસ બહેનપણી છે. એક દિવસ એના મમ્મી બહાર ગયેલા ત્યારે એણે મને એના ઘેર બોલાવીને એના અંતરમાં ઘુંટાતી વેદનાની વાત મને કરેલી...'

'....સ્વાતિ, આઠેક મહિના પહેલાં કોઈના શુભ પ્રસંગમાં મારા મમ્મી અને મારા સાસુ અચાનક ભેગા થઈ ગયેલા. આ વખતે કોઈ વાતમાં મારા મમ્મીનો અહમ્ ઘવાતા એમણે મારા સાસુ સાથે ઘણી બોલાચાલી કરેલી. અન્ય વ્યક્તિઓ પાસેથી મને જાણવા મળેલું કે આ સમયે મારા સાસુએ સામી જીભાજોડી કરવાને બદલે નમતું જોખીને વાતને જ વાળી દીધેલી. ઘેર આવ્યા પછી પણ મારા સાસુએ મને મારા મમ્મીની આવી વર્તણુંક બાબતની જરા સરખીય વાત જ નહોતી કરી. જાણે કે બની ગયેલ એ ઘટનાને એમણે સાવ વિસારે જ પાડી દીધી હતી. પરંતુ આવું બન્યા પછી મારા મમ્મીનું વર્તન અમારા ઘર સાથે સાવ બદલાઈ જ ગયું હતું. એક દિવસ ફોન કરીને તેમણે મને કહેલું, 'બેટા આરતી, તું તો મારી એકની એક લાડકી દીકરી છું. એટલે હવે હું કહું તે પ્રમાણે જ તારે તારા સાસરીયામાં - ઘરમાં વર્તન કરવાનું છે. એ બધાના મનમાં ખૂબ જ રાઈ ભરાઈ ગઈ છે. એટલે એમની શાન ઠેકાણે તો લાવવી જ પડશે. એટલે તું મને મારી વાતમાં સાથ-સહકાર આપતી રહેજે.' એ પછી એમણે મને અવારનવાર ફોન કરીને મારી કાન ભંભેરણી કરવા માંડી. હું પણ વેતા વગરની નીકળી કે એમની ખોટી વાતોને પણ સમજ્યા વગર સ્વિકારીને એમના કહ્યા પ્રમાણે જ મારા પતિ અને સાસુ-સસરા પ્રત્યે અજુગતું વર્તન કરીને સુખરૂપ ચાલતા અમારા ઘરના શાંત વાતાવરણમાં અશાંતિનો પલીતો ચાંપી દીધો. એટલે કે મેં જ મારા પગ પર કુહાડો મારી દીધો...

...મારા પતિ અને સાસુ-સસરા ખૂબ જ સંસ્કારી અને વ્યવહારુ છે. એ ત્રણેય તો હંમેશાં મને અનુકૂળ થઈને જ રહેતા

હતા. એટલું જ નહીં, આજ સુધી ઘરમાં કોઈએ મને ઊંચા સાદે બોલાવી પણ નથી. મારે એમના વિશે કોઈ જ ફરિયાદ નહોતી પરંતુ મારા મમ્મીની ખોટી ચઢવણીથી જ મેં એ બધાની સાથે ખૂબ જ ખોટું વર્તન કર્યું અને એમના કહેવાથી જ હું મારું ભર્યુંભાદર્યું ઘર અને પ્રેમાળ પતિ તથા નિર્દોષ અને નિખાલસ સાસુ-સસરાને છોડીને પીયરમાં આવી ગઈ છું...

સ્વાતિ, તું તો મારી ખાસ બહેનપણી છું. એટલે આજે મારે તારી સમક્ષ અંતર ખોલીને વાત કહેવી છે. સમાજમાં કેટલીય વખત એવું પણ બને છે કે કોઈ મા-બાપ પોતાના ખોટા અહમને સંતોષવા એના પોતાના જ સંતાનોનો દુરુપયોગ કરતા જરા પણ શરમાતા નથી. બસ, મારી બાબતમાં પણ કંઈક આવું જ બની ગયું છે. જે હવે મને પૂરેપૂરું સમજાઈ ગયું છે. અહિંયા પીયરમાં આવ્યાના એકાદ મહિનામાં જ મને મારા મમ્મીના કડવા અને આપખુદીભર્યા સ્વભાવનો અનુભવ થઈ ગયો છે. કુટુંબના કોઈ સાથે એમને સારા સંબંધો રહ્યા જ નથી. સાચું કહું? અમે બંને મા-દીકરી ખાસ કામ વગર એકબીજાની સાથે બોલતા પણ નથી. મને હંમેશાં મનમાં થયા કરે છે કે હું અહિંયા પીયરમાં આવવાને બદલે મારી સાસરીમાં જ રહી હોત તો શાંતિથી રહી શકાત. અહીં આવીને હું ખોટી ભરાઈ પડી છું. મારું મન અહીંથી સાવ ઊઠી જ ગયું છે.

મારા પપ્પા સાવ ઓછાબોલા છે. એમને આવું જરાય ગમતું જ નથી. પરંતુ અમારા ઘરમાં કાયમ મારા મમ્મીનું જ હાંક્યું હંકાય છે! એ હંમેશાં એમનું ધાર્યું કરવા જ ટેવાયેલા છે. એટલે એ એમના કક્કાને જ સાચો માને છે. એમનું આવું અવ્યવહારીક વર્તન જોઈને મારા પપ્પા સમસમીને બેસી રહે છે. આમ છતાંય મારા મમ્મીના વર્તનમાં કોઈ જ જાતનો ફરક પડતો નથી. બસ, એ હંમેશાં એમના અહમને જ પંપાળ્યા કરે છે. હું મારી જાતે રીસાઈને પીયરમાં આવી ગઈ છું. એટલે મને મારી સાસરીમાં મૂકવા આવવાની તેમની ફરજ બને છે. પરંતુ હવે એ મોં ઝંખવાણા પડી જવાશે એવું કહીને મને મૂકવા જ આવતા નથી. ઉલટાનું હવે એ એવી રઠ લઈને બેઠા છે કે મારા વેવાઈ-વેવાણ તેડવા આવશે તો જ હું આરતીને સાસરે મોકલીશ. બાકી હું તો એને મૂકવા ક્યારેય નહીં જાઉં. મારો ઘર સંસાર ધૂળધાણી થવા બેઠો છે એની તો એમને જરાય ચિંતા જ નથી.

....નાની અમથી વાતનું વતેસર કરીને હું રીસાઈને પીયરમાં આવી ગઈ છું ત્યારે હવે મેં કરી નાંખેલી ભૂલ બદલ ભારોભાર પસ્તાયા કરું છું. કુદરતે જગતભરની તમામ સ્ત્રીઓને પોતપોતાના ઘરની લક્ષ્મી બનવાનું અમોઘ વરદાન આપેલું જ છે. એટલે પીયરમાંથી મા-બાપે આપેલા ઉત્તમ અને સારા સંસ્કારોના કરીયાવરથી દરેક દીકરી સાસરે જઈને પોતાના ઘરને સ્વર્ગ સમોવડું બનાવીને સાચા અર્થમાં ઘરની લક્ષ્મી સ્થાપિત થઈ શકે છે. પરંતુ મને અફસોસ એ છે કે મારા ઉછેર અને સંસ્કારમાં જ કંઈ ખામી રહી ગઈ હશે. એટલે સાવ ક્ષુલ્લક બાબતોને મોટો ઇસ્યુ બનાવીને મેં મારા હાથે જ અમારા હર્યાભર્યા ઘર સંસારના માળાને જ વિખેરી નાંખ્યો! સ્વાતિ, તું ખાનગીમાં મારા સાસુને મળીને મારી મૂંઝવણ અને અંતરની વ્યથાની વાત એમને સમજાવજે. મને ગળા સુધી ભરોસો છે કે મારા સમજણા સાસુ, કે જે મને પોતાની વહુ નહીં પણ સગી દીકરી જ ગણે છે અને મારી સાથે જનેતા જેવો પ્રેમાળ વ્યવહાર કરે છે, એ મારી આ મનોવ્યથાને બરાબર સમજીને, મારા મમ્મીએ એમની સાથે કરેલ અઘટીત આચરણને નજર અંદાજ કરીને ઉદાર અને મોટું મન રાખીને આ બાબતનો સુખદ ઉકેલ જરૂર લાવશે જ.' આંખમાં આવેલ ઝળઝળીયા સાથે આરતીએ વાત પૂરી કરી.

'સરોજ માસી, તમારા દીકરાની વહુ અને મારી બહેનપણી આરતીને જો તમારામાં આટલો અટલ વિશ્વાસ હોય - એનું ખરાબે ચઢેલું નાવ એક તમે જ સહીસલામત રીતે કિનારે લાવી શકતા હો, તો ગઈ ગુજરીને સાવ ભૂલી જઈને, એના મમ્મીએ જે કાંઈ કર્યું એને સાવ ભૂલી જઈને, એની મનોવ્યથાને સમજીને તમે જાતે જ એના પીયરમાં જઈને આરતીને માનભેર તમારા ઘેર તેડી લાવો.' વાતનું નામાચરણ વાળતા સ્વાતિએ કહ્યું.

સ્વાતિ પાસેથી આરતીએ કહેલી વાતો સાંભળીને ઘેર આવેલા સરોજબેન ઊંડા વિચારમાં પડી ગયા. ગંભીર બની ગયેલા સરોજબેનની બંધ આંખો સમક્ષ એમનો એકનો એક દીકરો આરવ અને વહાલસોયી પુત્રવધૂ નહીં પણ દીકરી જેવી આરતી સદેહે તરવરી રહ્યા અને પછી તો નિર્દોષ એવા આ બંને પતિ-પત્નીના મુરઝાઈ જવા આવેલા જીવનબાગને ફરીથી નવપલ્લવિત કરવા એમણે મનોમન કંઈક નિર્ણય કરી લીધો. સરોજબેને લીધેલા નિર્ણયથી પતિ જનકભાઈ અને દીકરો આરવ સાવ બેખબર જ હતા.

★

મકાનની કમ્પાઉન્ડ વૉલનો દરવાજો ખોલવાના અવાજથી સોફા પર જ આંખો મિંચી ગયેલો આરવ સફાળો જાગીને ઓસરીમાં આવી ગયો. દરવાજા તરફ નજર નાંખીને એ ઉતાવળે બોલી ઉઠ્યો : 'અરે મમ્મી, મારે તમને શું કહેવું? આવું તો હોય? અત્યાર સુધી તમે ક્યાં ગયા હતા? આજના લક્ષ્મી પૂજનનું શુભ ચોઘડિયું તો ક્યારનુંય વીતી ગયું. હવે શું?' પરંતુ મમ્મી સરોજબેનની સાવ પાછળ ઊભેલી આરતીને

જોઈને એ ચોંકીને ઊભો જ રહી ગયો. એ આગળ કંઈ જ બોલી ના શક્યો. પરંતુ આરવના અધીર મનમાં પહાડ જેવો એક પ્રશ્ન થઈ આવ્યો – 'આરતી? પણ અત્યારે એ કેવી રીતે અહીં આવી?'

'આપણા ઘરની જીવતી જાગતી લક્ષ્મી એના પીયરમાં આંસુ સારતી બેઠી હોય અને એની ગેરહાજરીમાં આપણે જાતે જ લક્ષ્મીપૂજન કરી લઈએ એ જરાય વ્યાજબી અને વ્યવહારુ ના જ ગણાય. એ સાવ અજુગતું જ લાગે. આ ઘરમાં લક્ષ્મીપૂજન કરવાનો અબાધિત અધિકાર આરતીનો જ છે. એટલે આપણા ઘરની લક્ષ્મી એવી આરતીના હાથે જ આજની, હવે પછીની તમામ ધનતેરસનું લક્ષ્મીપૂજન થશે. બેટા આરવ, કશુંય મોડું થયું જ નથી. સાચું કહું ને તો લક્ષ્મીપૂજન કરવાના શુભ ચોઘડિયા હવે પછી જ શરૂ થાય છે.' આરતી સાથે બેઠકરૂમમાં આવી પહોંચેલા સરોજબેને દીકરા વહુ આરતીના માથે વહાલભર્યો હાથ ફેરવતા કહ્યું.

આરવ અને આરતીની ચાર આંખો એક થતા જ એ બંનેના ચહેરા તાજા જ ખીલેલા ગુલાબના ફૂલની જેમ મલકી ઉઠ્યા. સાસુ-સસરાના ચરણ સ્પર્શ કરતી આરતી આજે ખૂબ જ ખુશ હતી.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલીકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## લઘુ વાર્તા : થોડી ખુશી જ્યાદા ગમ

મારો જન્મ ૧૯૫૦માં થયેલ. આ ઘટના ઘટી જ્યારે મારી ઉંમર ૫ થી ૬ વર્ષની હશે. હું શેરીમાં રમવા ગયેલ અને રમીને હું ઘરે આવ્યો એ જ અરસામાં અમારે આંગણે ચુંદડિયો બ્રાહ્મણ ભીક્ષા લેવા આવેલ. ત્યારે અમારી આર્થિક પરિસ્થિતિ કંગાળ, છતાંય મારા બા તેમને દયાભાવથી ચપટી મુઠ્ઠી અનાજ આપવા માંગતા હશે. પરંતુ બ્રાહ્મણને જરા વધારે અનાજની અપેક્ષા હશે તે હું રમીને આવતા મારા પર દૃષ્ટિ પડતાવેંત મારા બાને કહે, લાવો તમારા દીકરાનો કર, તેમના નસીબની સુખની રેખા જોઈ દઉં.

મને મારા બાએ મારો હાથ બ્રાહ્મણને દેખાડવા કહ્યું. મેં મારો હાથ બ્રાહ્મણ તરફ લંબાવ્યો. તેમણે મારી હસ્તરેખાઓ જોઈ અને થોડીકવાર વિચાર કરીને બોલ્યો, તમારા દીકરાના નસીબમાં સુખ છે. ૩૭મે વર્ષે તમારા દીકરાને મોટરનો યોગ છે. આ સાંભળી મારા બા ખુશ થઈ ગયા. આમેય કઈ મા દીકરાના સુખની વાત સાંભળી ખુશ ન થાય? મારા બાએ આ વાત સાંભળી, ખુશીમાં બે મુઠ્ઠીને બદલે બે ખોબા ગું તેમના થેલામાં પધરાવ્યા. મારા બાને સંતોષ એ વાતનો હતો કે ભલે મારું જીવન ગરીબીમાં વ્યતીત થયું પરંતુ મારો દીકરો સુખેથી મોટરમાં ફરશેને? આ વાત મારા મગજમાં પણ ફેવિકોલની જેમ ચોંટી ગઈ.

સમય વ્યતીત થતો હતો. મેં ભણતર પૂરું કર્યું અને નોકરીનો ઇન્ટરવ્યુ આપતા મને સરકારી નોકરી ગામડામાં મળી. નોકરી કરતા કરતા ૧૯૮૬માં સિટીમાં મારી ટ્રાન્સફર થતા ગાય ચોગાનમાં મેં એક સીંગલ રૂમ, રસોડું, ઓસરીવાળું ડુપ્લેક્ષ મકાન ભાડે રાખી રહેણાંક ચાલુ કર્યું.

આજ અરસામાં બીજા વર્ષે એટલે કે ૧૯૮૭માં દુષ્કાળ પડ્યો. પીવા અને વાપરવાના પાણીની તંગી પડવા લાગી. ત્રણ દિવસે પાણી આવે અને તે પણ ઓછા ફોર્સથી આવતું હતું. બહાર કુંડી બનાવેલ. જેમાં નળનું કનેક્શન હતું. તે પાણી કુંડીમાં આવતું અને ત્યાંથી અમારે ડોલે ડોલે પાણી ઘરમાં લઇ આવવાનું થતું હતું. જેમાં હું, મારા પત્ની તેમજ મારા બાળકો પણ સમૂહશ્રમમાં લાગી જતા. બાકી તો ઘરમાં ૫ ડોલ પાણી પણ આવતું નહોતું. કુંડીમાંથી પાણીના ફેરા ફરવામાં અમો થાકી જતા હતા. આ મુશ્કેલીના નિવારાણાર્થે સમૂહ નિર્ણય લેવાયો કે નાની ૪ આની હોર્સ પાવરની મોટર ખરીદી લેવી. એટલે એ ખરીદી, ફીટ કરતા પાણી સીધું મોટર મારફતે ગરમાં આવી જતું હતું.

આ મોટર આવવાથી અમારા ઘરનાઓને સવારના પહોરમાં પડતી પારાવાર મુશ્કેલીઓમાંથી મુક્તિ મળી. હરએકના ચહેરા પર આનંદની રેખાઓ સ્પષ્ટપણે દેખાતી હતી. મારા પત્નીએ હાશકારો અનુભવી મારા સામે જોયું પરંતુ મારો ચહેરો વિષાદમય જોઈ પત્ની બોલ્યા કે, હાડમારીમાંથી મુક્તિનો અમો બધાને ખુશીનો અહેસાસ છે. પરંતુ તમારા ચહેરા પર કેમ ખુશી નથી દેખાતી? શું તમને ખુશી નથી થઈ?

થઇ છે ને!

તો પછી તમારા ચહેરા પર તો ખુશીનું એકપણ ચિન્હ નથી દેખાતું. ઉલટાના તમે દુઃખી થઈ ગમમાં ડૂબી ગયેલ હો તેમ દેખાય છે.

ના, એવું કશું નથી. આ તો વર્ષો પહેલા શું જોશીએ આ મોટરના યોગની વાત કરી હતી? ફક્ત ગમ તેનો છે.

*ધીરજલાલ ડી. તન્ના, કેશોદ (જિ. જૂનાગઢ)*
*મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## જૈન સમાજનો સમૂહ લગ્નોત્સવ અબડાસાનાં સાંધવ ગામે યોજાશે

શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા સમસ્ત જૈન સમાજનો આગામી સમૂહ લગ્નોત્સવ તા. ૧૬-૧૨-૨૦૨૩નાં અબડાસાના સાંધવ ગામે યોજાયો છે. ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા, કિરણ દંડના માર્ગદર્શન હેઠળ સમૂહ લગ્નનું સાંધવ ગામે આયોજન કરવામાં આવ્યું છે. સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છુક વર-કન્યા પક્ષના વડીલોએ અરવિંદ લોડાયા - ગાંધીધામ, પ્રબોધ મુનવર - ભુજનો સંપર્ક કરવા જણાવાયું છે.

## કવિ કલાવૃંદ સંસ્થા

જાણીતા સર્જક વરિષ્ઠ કવિ નવીનભાઈ ત્રિપાઠીના હાઈકુ સંગ્રહ 'સાનિધ્ય' પુસ્તકનો વિમોચન કાર્યક્રમ સાહિત્ય પ્રવૃત્તિ કરતી કવિ કલાવૃંદ સંસ્થાના આયોજન હેઠળ યોજવામાં આવેલ હતો. જેમાં સતાક્ષરી હાઈકુનો સહ વિસ્તાર અર્થ સહિતની માહિતી વિદ્વાન વક્તા તરફથી જણાવતા સાહિત્યનો સચોટ નવો પ્રયોગ ૪૦ હાઈકુને ૪ આસ્વાદકની વિગત આપવામાં આવેલ હતી.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને શ્રી દિલીપ આચાર્ય 'દિલકશ', શંકરભાઈ સચદે, જયંતી જોશી 'શબાબ', મદનકુમાર અંજારીયાના અતિથિ વિશેષ પદે દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોના સન્માન સાથે કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

જેમાં આસ્વાદ કરતાં અતિથિપદેથી મદનકુમાર અંજારીયા કવિ 'ખ્વાબ'એ સાહિત્ય સેવાની વાત કરતાં જણાવ્યું હતું કે પારાનું ટીપું પડતું નથી તેમ ગતિશીલ છે તેમ નવીનભાઈની હાઈકુની પકડ સફળતારૂપ છે. એ વિગતો જણાવતા પ્રારંભિક જાપાનીઝ હાઈકુ ઉત્પત્તિ 'સ્નેહ રશ્મિ'ની માહિતી આપીને વિરલ ઘટના બદલ અભિનંદન પાઠવેલ હતા. મંચસ્થ અતિથિ વરિષ્ઠ ધારાશાસ્ત્રીએ સાહિત્યની વિરલ ઘટનાને બિરદાવતા 'સાનિધ્ય' પુસ્તક હાઈકુ સંગ્રહના આસ્વાદ સરાહનારૂપ ગણાવતા અભિનંદન પાઠવેલ હતા. વિદ્વાન સાહિત્યકાર જયંતી જોશી 'શબાબ' એ દિવાળી માહોલ વચ્ચે દીપ હારમાળા યોગાનુયોગ પુષ્ય નક્ષત્રમાં યોજાયેલ, જે અલ્પ હાર હીરાનો વર્ણવતા ક્યારે નહીં ઓલવાય પણ રોશની કરશે તેમ ૪ આસ્વાદ કર્તાને બિરદાવ્યા હતા. કવિ કલા સંસ્થાના આયોજિત અધ્યક્ષ પદેથી શ્રી દિલીપ આચાર્ય 'દિલકશ' એ ઉપસ્થિત સૌની લાગણી વ્યક્ત કરતા સહભાગીનો આનંદ સાથે આસ્વાદ પ્રવીણ ઠક્કર, મદનકુમાર અંજારીયા, વિનોદ દવે, સુનીલ માંકડની સેવા નોંધનીય ગણાવી બિરદાવી હતી. એક વિષય પર આસ્વાદ વિવેચન કરવા અંગેના સૂચનને બિરદાવતા વિચારવા યોગ્ય જણાવેલ હતું. પછી નવીનભાઈ ત્રિપાઠીએ પ્રારંભિક આવકારતા હાઈકુ સંગ્રહના નવા પ્રયોગો માટે ઝલક આપતા પ્રકાશ પાડેલ હતો. જેમાં શંકરભાઈનો લાઈબ્રેરી માટે પુસ્તક લેવાના અભિગમનો આભાર માન્યો હતો. સંચાલન કૃષ્ણકાંત ભાટીયાએ જ્યારે ઉદયન ત્રિપાઠીએ આભારવિધિ કરેલ. તેમજ કાર્યક્રમ પ્રસંગે ધનજીભાઈ ભાનુશાલી, ગૌતમ જોશી, ઝવેરીલાલ સોનેજી, માધુરીબેન ત્રિપાઠી, ભગવતીબેન આચાર્ય, પુષ્પાબેન વૈદ્ય, દિલીપભાઈ વૈદ્ય, રજનીકાંત ઓઝા, ડી.વી. છાયા, પ્રેમજી માંગલિયા, ચંદ્રકાંત ધલ, કમળાબેન ઠક્કર, મોહનલાલ જોશી, ધીમંત ભટ્ટ હાજર રહેલ હતા અને ચંદુલાલ ગોર, ખુશ્બુ સરવૈયા, મમતાબેન ભટ્ટ, મીનાબેન ભાનુશાલી વગેરે સહયોગી થયા હતા.

## માનવજ્યોત સંસ્થા – ભુજ

### ગુજરાતની વિવિધ સંસ્થાઓનાં ૨૦૦ માનસિક દિવ્યાંગોને ભુજની માનવજ્યોત સંસ્થાએ ઘર સુધી પહોંચતા કર્યા

ભુજની માનવજ્યોત સંસ્થા દ્વારા ગુજરાતનાં વિવિધ માનસિક દિવ્યાંગોના આશ્રમોનો સંપર્ક કરી તેમની સાથે સંકલન કરી તેઓનાં આશ્રમમાં રહેલા માનસિક દિવ્યાંગોના ઘર શોધી, પરિવાર સાથે ફેરમિલન કરાવવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

સંસ્થાના અધ્યક્ષ પ્રબોધ મુનવર, સુરેશભાઈ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજાનાં જણાવ્યા મુજબ મોરબી, મહુવા, સોમનાથ, બાયડ, આણંદ, ગાંધીધામ, ભચાઉની વિવિધ માનસિક દિવ્યાંગોની સંસ્થાઓ સાથે સંકલન કરવામાં આવ્યું છે. માનસિક દિવ્યાંગોની આ સંસ્થાઓ, આશ્રમોમાંથી માનસિક દિવ્યાંગોને માનવજ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ - પાલારા મધ્યે લઈ આવી તેઓની સારવાર કરાવી, તેઓનું રાજ્ય, શહેર, ગામ, ઘર, પરિવાર શોધવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. માત્ર છ મહિનામાં ગુજરાતનાં માનસિક દિવ્યાંગોનાં આશ્રમોનાં ૨૦૦ પુરૂષો, મહિલાઓનું ઘર

શોધવામાં સંસ્થાને સફળતા મળી છે. ઘણાં જ વર્ષોથી પરિવારજનો જેમને શોધતા હતા એવા માનસિક દિવ્યાંગો ભાઈ-બહેનોનું પોતાનાં પરિવારજનો સાથે લાંબા સમય પછી મિલન થતાં પરિવારજનોમાં ખુશી છવાઈ છે. પાંચ-દસ-પંદર-વીસ વર્ષો પછી પરિવારોને પોતાની ગુમ થયેલી વ્યક્તિ મળી છે.

સંસ્થાના સામાજિક કાર્યકર રીતુબેન વર્માનાં સફળ પ્રયત્નો તથા દરેક રાજ્યની પોલીસ માનવજ્યોત સંસ્થા - ભુજને ખૂબ જ મદદરૂપ બની છે. જેનાં કારણે આવા માનસિક દિવ્યાંગોનું પરિવારજનો સાથે ફેરમિલન કરાવવામાં માનવજ્યોત સંસ્થા ભુજને સફળતા મળી છે.

## એકલા-અટુલા-નિરાધાર ૧૦૩ વૃદ્ધ વડીલોને ઘેર બેઠા ટિફીન દ્વારા નિઃશુલ્ક ભોજન

**શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ - દાદરની પ્રેરણાથી** માનવ જ્યોત સંસ્થા - ભુજ તથા શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ દ્વારા સંસ્થાના અધ્યક્ષ પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ ભુજ વિસ્તારના એકલા-અટુલા-નિરાધાર વૃદ્ધોને દરરોજ બપોરે ઘેર બેઠા ટિફીન પહોંચાડવામાં આવે છે. જેનું કોઈ નથી... બીજા ઉપર પરાધીન છે... એકલા-અટુલા-નિરાધાર છે... બીમાર છે... પથારી ઉપર છે... ચાલી શકતા નથી... ઘરથી બહાર નીકળી શકતા નથી, રસોઈ બનાવી શકતા નથી – એવા ૧૦૩ વૃદ્ધોનાં ઘેર જઈ ટિફીન દ્વારા ભોજન પહોંચાડાય છે. માનવ જ્યોતનું વાહન દરરોજ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૭૦ની વય વટાવી ચૂકેલા ૧૩૦ વૃદ્ધોનાં ઘરે પહોંચે છે અને તેમને નિઃશુલ્ક ટિફીન આપે છે. દીન દુઃખીયા આવા વૃદ્ધો ટિફીનમાં આવેલી રસોઈ જમીને ખુશી અનુભવે છે. માનવ જ્યોતનું વાહન સવારે ૯ વાગે ટિફીનો પહોંચાડવાનું કાર્ય શરૂ કરે છે અને બપોરે ૨ વાગ્યા સુધી આ કાર્ય ચાલે છે. ભુજ શહેરમાં અત્યારે ૧૦૩ વૃદ્ધો ઘેર બેઠા ભોજન જમી રહ્યા છે. આ પ્રવૃત્તિના પ્રારંભે શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ - દાદર, શ્રી એલ.ડી. શાહ - બીદડા, માતુશ્રી પુરબાઈ લખમશી લાલકા પરિવાર હસ્તે પદમશીભાઈ લાલકા તથા વિશાલભાઈ લાલકા - આદિપુર-ગાંધીધામ, ગઢવી સવરાજ લખમણ સાખરા - ભુજપુર, ટ્વિંકલ નિખિલ કતીરા - મુલુંડ, શેઠ કરશનદાસ હાલુ ધર્મશાળા ચેરી. ટ્રસ્ટ - જામનગર, દેવયાનીબેન સુરેશભાઈ દવે - માધાપર, હીરૂબેન ગોરસીયા - લંડન હસ્તે સુરેશભાઈ એમ. સોલંકી - માધાપર, ગોવિંદજી વાલજી પાટીદાર - ભુજના સહયોગથી **૨૦ વર્ષથી આ પ્રવૃત્તિ ચાલુ છે. ૩૦ ટિફીનથી શરૂ થયેલી આ પ્રવૃત્તિથી અત્યારે ૧૦૩ વૃદ્ધ વડીલો ઘેર બેઠા ભોજન જમી રહ્યા છે.** આ પ્રવૃત્તિ માટે દર બારસના ભુજ સ્વામિનારાયણ મંદિર તથા દર પૂનમના કબીર મંદિર - ભુજ તેમજ કપીરાજ હનુમાન મંદિર - મીરઝાપર દ્વારા તૈયાર રસોઈ આપવામાં આવે છે. જેથી આ પ્રવૃત્તિ આજે પણ વણથંભી ચાલુ છે.

રમેશભાઈ માહેશ્વરી, સુરેશભાઈ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, દીપેશ શાહ, સહદેવસિંહ જાડેજા તથા સંસ્થાના સર્વ કાર્યકરો આ કાર્યમાં સહકાર આપી રહ્યા છે. આ કાર્ય માટે સહયોગ આપવા ઈચ્છતા દાતાશ્રીઓએ માનવ જ્યોત કાર્યાલય - ભુજ (મો. ૯૯૧૩૦ ૨૯૮૦૦)નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

## વિદેશ સ્થિત દાતાશ્રીએ વિવિધ સંસ્થાઓના સ્ટાફને રોકડ-મીઠાઈ-ફરસાણ અર્પણ કર્યા

યુ.એસ.એ. સ્થિત ભુજપુર - કચ્છનાં દાતાશ્રી રમેશભાઈ મગનલાલ દેઢિયા પરિવાર દ્વારા ભુજની વિવિધ સંસ્થાઓનાં સ્ટાફ કર્મચારીઓને રોકડ-મીઠાઈ-ફરસાણ અર્પણ કરવામાં આવતાં આ પરિવારોએ પણ દિપાવલી પર્વે ખુશી મનાવી હતી.

માનવજ્યોત સંસ્થા - ભુજ તથા શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છનાં સ્ટાફ સર્વેને આ દાતાશ્રી દ્વારા રૂા. ૧૦૦૦ રોકડા કવર, અડધો કિલો કાજુ કતરી તથા અડધો કિલો ફરસાણ અર્પણ કરાયું હતું.

વ્યવસ્થા વિનોદભાઈ પીઠડિયા, કિરણભાઈ ગોસ્વામી, મધુભાઈ ભાદરકાએ સંભાળી હતી. માનવ જ્યોતનાં પ્રબોધ મુનવર અને આનંદ રાયસોનીએ દાતા પરિવારનો આભાર માન્યો હતો.

## ૧૦૦ પરિવારોને રાશનકીટ અર્પણ કરાઈ

માનવજ્યોત સંસ્થા - ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ દ્વારા ભૂંગા - ઝુંપડા અને કાચા મકાનોમાં રહેતા જરૂરતમંદ ૧૦૦ પરિવારોને ૧૦ કિલો ઘઉંનો લોટ, ૫ કિલો બાજરો, ૫ કિલો ચોખા, ૨ કિલો મગફાડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવતાં આવા ગરીબ પરિવારોએ ખુશી વ્યક્ત કરી હતી.

આવા પરિવારો દિપાવલી પર્વની ઉજવણીમાં જોડાઈ શકે, પર્વ આનંદ-ઉલ્લાસપૂર્વક માણી શકે તેવા હેતુ સાથે આવા પરિવારોને રાશનકીટો અર્પણ કરાઈ હતી.

વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર, રમેશભાઈ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, રાજુ જોગી, હિતેશ ગોસ્વામીએ સંભાળી હતી.

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૮

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. જેના સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી. તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા કેન્સર નિદાન રજિસ્ટ્રેશન કેમ્પ ____________ દિવસે યોજાયો હતો. (તા. ૧-૧૦-૨૦૨૩, તા. ૫-૧૦-૨૦૨૩, તા. ૨-૧૦-૨૦૨૩)

૨. અંગદાન સમિતિ દ્વારા યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં ________ યુવક-યુવતીઓએ બ્લડ ડોનેટ કરેલ હતું. (૪૯, ૭૪, ૮૪)

૩. યુવા વિકાસ સમિતિ દ્વારા નવરાત્રિની ઉજવણી ____________ નોરતે રાખવામાં આવેલ હતી. (પ્રથમ, ત્રીજે, છેલ્લે)

૪. સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે સમાજને મેસેજ આપતું નાટક ____________ રાખવામાં આવેલ હતું. (રખેવાળ, સરનામું, બા! તને હું ક્યા રાખું?)

૫. સંસ્થાના ટ્રસ્ટ મંડળના કુલ ____________ ટ્રસ્ટીઓ છે (૨૬,૨૮,૨૪)
તથા કારોબારી સમિતિના કુલ ____________ સભ્યો છે (૨૮, ૨૯, ૩૨)

૬. વયસ્ક સમિતિ દ્વારા કેટલા દિવસનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો? ____________ દિવસનો. (૪, ૨, ૩)

૭. સંસ્થાનો વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ ____________ના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં ____________ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. (તા. ૨-૧૦, તા. ૧-૧૦, તા. ૩-૧૦ ★ સભ્યો : ૧૪૫૦, ૨૦૦૦, ૧૫૧૮)

૮. શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટર ઉપર સપ્ટેમ્બર માસમાં કુલ ________ વ્યક્તિઓએ લાભ લીધો હતો. (૫૦૦, ૪૭૭, ૩૩૨)

૯. સંસ્થાના વાર્ષિક સ્નેહ મિલનમાં સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી ____________ એ સૌને સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી. (શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાવલા, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી અશોકભાઈ મહેતા)

૧૦. સમાજના વાર્ષિકોત્સવના દિવસે સમાજની ગૃહ ઉદ્યોગ સમિતિ દ્વારા ____________ ગૃહ ઉદ્યોગ હેઠળ દીપોત્સવી પર્વમાં ઉપયોગી ફરસાણ, મીઠાઈ વગેરે બુકિંગ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. (લક્ષ્મી, રતનવીર, આનંદ)

## • મણકા–૭ ના સવાલોના સાચા જવાબો •

૧. દેશની *૨%* વસ્તી દિલ્હી શહેરમાં રહે છે.
૨. સમાજનું પ્રથમ મુખપત્ર ***પ્રેરણા*** નામથી પ્રગટ થયું.
૩. *ભાવનગર* શહેરમાં કુલી તરીકે મહિલાઓ કામ કરે છે.
૪. આપણા સમાજના સભ્ય, ગૌસેવાના પ્રહરી સ્વ. ગીતાબેનની શહાદતને *૩૦* વર્ષના વહાણા વાઈ ગયા.
૫. વર્ષ ૧૯૭૬માં સમાજના પ્રમુખ તરીકે મુરબ્બી શ્રી *બાબુભાઈ વીરમ શાહ* હતા.
૬. વર્ષ ૨૦૦૪થી ૨૦૨૩ના ૧૯ વર્ષના ગાળામાં ૫૦,૦૦૦ (આશરે)થી વધારે પેશન્ટની સારવાર કરનાર નિષ્ઠાભાવી ડૉક્ટર *ડૉ. કૌશલ શાહ* છે.
૭. ભારતનું ચંદ્રયાન તા. *૨૩-૮-૨૦૨૩* વાર *બુધવાર*ના રોજ સાંજે ૬.૦૪ કલાકે ચંદ્ર પર ઉતરાણ કર્યું.
૮. સંસ્થાની હાલ કેટલી વિવિધ સમિતિઓ કાર્યરત છે? *૩૦*
૯. સંસ્થાના હાલના કાર્યરત મંત્રી ***શ્રી રજનીકાંત પારેખ*** છે.
૧૦. સમાજનું નૂતન વર્ષ મિલન સમારંભ *તા. ૧૪-૧૧-૨૦૨૩* ના રોજ યોજાનાર છે.

**મણકા-૭ (મંગલ મંદિર નવેમ્બર-૨૦૨૩ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે. આ પાંચ વાચકોએ પોતાના ઇનામ શ્રી કચ્છી જૈન ભવન પરથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.**

૧. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૨. હસમુખભાઈ દામજી દેઢિયા – અડાલજ
૩. નવનીતભાઈ પટેલ – અમદાવાદ
૪. અંજુ મહેતા – અમદાવાદ
૫. ઝરણા પારેખ – અમદાવાદ

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

## આંજો કાગર

### નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

મને જણાવતા ઘણો આનંદ થાય છે કે હું લગભગ બે થી અઢી વર્ષથી આ સંસ્થામાં આવું છું. મને ખૂબ જ સંતોષકારક જવાબ મળે છે અને મારી તકલીફો મટી જાય છે. ખર્ચ પણ ખૂબ વ્યાજબી છે અને ખર્ચ કરતાં પણ ગેરમાર્ગે નથી દોરતા, તે માટે અમે આ સંસ્થામાં આવીએ છીએ. અને ડૉ. મિત પટેલનું કામકાજ ખૂબ જ સંતોષકારક છે.

***અશોકભાઈ નિરંજનભાઈ દેસાઈ***

***મો. ૯૮૨૪૨ ૩૫૨૨૭***


## ખૂબ ખૂબ અભિનંદન
## શ્રી પરેશભાઈ કરમશીભાઈ દેઢિયાને

ગામ નાની તુંબડી (મુંદ્રા)ના કર્મઠ ગોપાલક શ્રી પરેશભાઈ કરમશી દેઢિયાને ગુજરાત પશુપાલન વિભાગ દ્વારા રાજ્ય કક્ષાનો પ્રથમ નંબરનો શ્રેષ્ઠ પશુપાલકનો એવોર્ડ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રિય પશુપાલન મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, ગુજરાત રાજ્યના પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ અને ગુજરાત પશુપાલન નિયામક શ્રી ફાલ્ગુનીબેન પાઠક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. જેમણે ૧૦ ગીર ગાયોથી શરૂઆત કરી હાલ ૧૫૦ જેટલા ગીર ગૌવંશ ધરાવે છે. જેઓ વૈદિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન વ્યવસાય સાથે ઉત્તમ ગૌસેવા કરે છે.

આપ આવી રીતે સંસ્કૃતિનું પુનરુત્થાનનું કાર્ય કરતા રહો એવી અભ્યર્થના...

## NanoNine® શબ્દ રમત-૨૦૧

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. રેકેટ વડે રમવામાં આવતી એક રમત (૫)
૪. પરદેશ, યુરોપના લોકોનો દેશ (૪)
૭. ગુલાબનું અંગ્રેજી (૨)
૮. ભારતનું ઉત્તર દિશામાં આવેલું સુરક્ષા કવચ, એક પર્વત (૪)
૧૦. જાતિ, વર્ગ, કુળ, નાત, જ્ઞાતિ (૨)
૧૧. માછલી, બારમી રાશિ (૨)
૧૨. શીતળા _____ (૩)
૧૩. _____ તેમ અવ્યવસ્થિત, કેરી (૨)
૧૪. 'કલરવ' શબ્દ આડો અવળો છે (૪)
૧૫. સૌરાષ્ટ્રમાં થતી તેલ બી ની એક સીંગ (૪)
૧૭. તક સાધી લેવાની વૃત્તિવાળું (૪)
૧૯. ત્યાગી, વૈરાગી, બાવો (૨)
૨૦. છોકરીનું ઓઢવા પહેરવાનું વસ્ત્ર, _____ ઓઢું ઓઢુંને ઉડી જાય (૩)
૨૨. નોકર, સેવક (૨)
૨૪. મક્કમ, ડગે નહીં તેવું (૨)
૨૫. ચિંતા, દિલગીરી, દુઃખ ભય વગેરે બનાવતો ઉદ્‌ગાર (૪)
૨૮. ૧૩ + ૧૧ માત્રાવાળો એક છંદ (૩)
૩૦. જોડાણ, સાંઠગાંઠ, ચૂંટણી સમયે રાજકીય પક્ષો કરે (૫)
૩૧. પ્રતિબંધ, કેદ (૩)
૩૨. ચામડીનો એક રોગ (૩)
૩૪. પગથી માથા સુધી (૪)
૩૫. પાણી જવાનો રસ્તો, ધારિયો (૨)
૩૯. યંત્ર (અંગ્રેજી) (૩)
૪૦. એક પ્રખ્યાત સખાવતી આરબ (૫)
૪૧. ભક્તિ ગીત, ભૂખ્યા પેટે _____ ન થાય (૩)

### ઊભી ચાવીઓ

૧. હવાનું દબાણ માપવાનું યંત્ર (૫)
૨. બારનો સમૂહ (૩)
૩. નહિં તો, ધમકીપત્રમાં વપરાતો શબ્દ (૪)
૪. વસિયતનામું (અં.) (૨)
૫. યોગ્ય પાત્ર, બંધબેસતું (૩)
૬. છેડો, સમાપ્તિ, આખર મરણ (૨)
૯. વહીવટદાર, તાલુકા અમલદાર (૫)
૧૦. જમરૂખ (૪)
૧૧. લંબાઈનું એક માપ (૩)
૧૨. સફાઈ કરવાનું એક સાધન (૪)
૧૩. અગ્નિ (૨)
૧૫. ગળ્યું, પ્રિય, મીઠું (૩)
૧૮. ખોટ, કચાશ, ખામી (૩)
૨૦. પવન રોકવાનો પડદો, વિષમ, વિચિત્ર (ઈ.) (૨)
૨૧. ઘણું, પુષ્કળ (૫)
૨૩. હાથી, હયાતી (૨)
૨૪. સાપ જેવું પ્રાણી જે જાનવરોને ગળી જાય (૪)
૨૫. અગ્નિ, બળતરા (૩)
૨૬. નિસાસો _____ નિકલતી ગઈ (૨)
૨૭. બંદુક, પિસ્તોલ (ઈ) (૨)
૨૮. નરક (ફા) (૩)
૨૯. ડાયરી, વાસરિકા (૪)
૩૧. બંધન, કેદ (૨)
૩૨. દુઃખ (૨)
૩૩. ઢગલો પંચાંગમાં બાર _____ હોય છે જેના આધારે નામ પાડવામાં આવે છે (૨)
૩૪. નવનીતા, અચરજ (૩)
૩૬. માઘ મહિનો, મોટું (૨)
૩૭. સીતાના પતિ (૨)
૩૮. બેભાન થવાનો વાયુરોગ, મૃગી, હિસ્ટીરીયા (૨)
૩૯. અંતઃકરણ, દિલ, ઈચ્છા (૨)

**નવેમ્બર-૨૦૨૩ના અંકમાં Nano Nine શબ્દ રમતે ૨૦૦મી રમતનો અંક પૂર્ણ કરેલ છે. તેથી નવેમ્બર-૨૦૨૩થી શબ્દ રમતમાં ભાગ લેનાર દરેક પાંચ વ્યક્તિએ એક ઈનામ આપવામાં આવશે. જેથી વાચકોએ શબ્દ રમતમાં વધારેમાં વધારે ભાગ લેવા વિનંતી છે.**

*જ્યાં સ્નેહ હોય ત્યાં સંકડાશ હોતી નથી અને જ્યાં સ્વાર્થ હોય ત્યાં મોકળાશ હોતી નથી.*

## NanoNine® શબ્દ રમત-૨૦૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | મ | ન | ગ | મ | તું | ■ | ત | લ | વા | ર | ■ |
| અ | ન | વ | ર | ■ | ■ | તા | ■ | લા | ગ | ■ | મા |
| ■ | હ | ■ | બ | ■ | ઝ | ટ | પ | ટ | ■ | કા | વ |
| ભા | ર | ■ | ડ | ર | ■ | ■ | રા | ■ | સ | મ | જ |
| ર | ■ | સ | ■ | ■ | ગ | તા | ગ | મ | ■ | ના | ત |
| ત | ■ | બ | ■ | વા | જ | ■ | ■ | ખ | ગ | ■ | ■ |
| ■ | ચ | ક | લી | ■ | ■ | ક | ન્યા | ■ | ર | ■ | સુ |
| મા | ળ | ■ | રા | જા | પુ | રી | ■ | હો | મ | ■ | મે |
| લ | વ | ણ | ■ | વ | ■ | ■ | હો | જ | ■ | શૂ | ળ |
| દા | ળ | ■ | આ | ક | લ | ન | ■ | રી | ■ | ર | ■ |
| ર | ■ | બ | દ | ■ | બ્ધિ | ■ | ના | ■ | ના | વી | ન્ય |
| ■ | ભા | દ | ર | વા | ■ | ભ | વ | સા | ગ | ર | ■ |

*ઓક્ટોબર-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૯ના*
*બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | સરલા શાહ | – | અમદાવાદ |
| ૨. | સ્મિતા શાહ | – | અમદાવાદ |
| ૩. | દમયંતી દંડ | – | અમદાવાદ |
| ૪. | યેશા મહેતા | – | અમદાવાદ |
| ૫. | ચંદ્રા શાહ | – | અમદાવાદ |
| ૬. | તૃપ્તિ સાવલા | – | અમદાવાદ |
| ૭. | ઈન્દુબેન પટેલ | – | અમદાવાદ |
| ૮. | મીનાબેન ખરીદીયા | – | અમદાવાદ |
| ૯. | અરવિંદ ભટ્ટ | – | અમદાવાદ |
| ૧૦. | શીત મહેતા | – | અમદાવાદ |
| ૧૧. | ફાલ્ગુની શાહ | – | આદિપુર |
| ૧૨. | હસમુખ દેઢિયા | – | અડાલજ |
| ૧૩. | પ્રભા શેઠિયા | – | વલસાડ |
| ૧૪. | કંચનબેન મોરબીયા | – | ભુજ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

સરલાબેન શાહ – અમદાવાદ

## ડોણ વાળા આયુ (આઈ) માતાજીનો ગરબો

પ્રેમે કરું છું પ્રણામ, આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે
માંડવી બંદર પરગણું રે, દયાળી દેવીનાં ડોણ ગામ.
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

સુંદર તળાવડી શોભતી રે, માંહે ભર્યા છે નિર્મળ નીર,
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

યાત્રાળુ અંગ-ભંગ આવતાં રે, આવે તમારી પાસ,
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

વ્યાધિ હરો ને આઈ ડોણવાળી રે, હસતાં ને રમતાં જાય,
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

ચોંસઠ જોગણીના સંગમાં રે, તમે રમો છો રંગ-ઉછરંગ,
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

પ્રત્યક્ષ દર્શન નવ થતાં રે, માત્ર ચુંદડીનો ચળકાટ,
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

વિશ્વ વિષે વિચરતાં રે, સાંયકાળે રથમાંય,
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

'ચંદ્ર' ચરણ પડી વિનવે રે, રાખો ચરણ રજ પાસ,
આઈ ડોણવાળી, સાચી રખવાળી તાહરી રે.

***– ચંદ્રશંકર હરિદાસ છાયા 'ચંદ્ર'***

*__નોંધ__ : ૮૦ વર્ષ પહેલા મારા પિતાજીએ રચેલ આ ગરબો આજેય એ મંદિરમાં લોકગીતની જેમ ગવાય છે. લોકજીભે રમતી એ રચના, આમ, અમર બની ગઈ છે.*

***– જગદીશચંદ્ર છાયા***

*ગમે તેવો કડક છાતીવાળો,*
*લોખંડી મનોબળ ધરાવતો બાપ*
*બે જગ્યાએ ઢીલો પડી જાય છે :*
*એક તો દીકરી ઘર છોડે ત્યારે અને*
*બીજો દીકરો તરછોડે ત્યારે.*

શુભેચ્છા સહ...
**કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦**

## NanoNine® Sudoku

**ઓક્ટોબર-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૭ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. નયના કારાણી – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. યેશા મહેતા – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. મિતેશ દેઢિયા – અમદાવાદ
૬. હર્ષ વીરા – અમદાવાદ
૭. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૮. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૯. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૦. હેમલતા દેઢિયા – અડાલજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

હર્ષ વીરા – અમદાવાદ

*બીજા કોઈના અભિપ્રાય પરથી કોઈ વ્યક્તિ વિષે સારા-ખરાબની ધારણા બાંધી શકાય નહીં. તે વ્યક્તિ આપણા માટે ખરાબ, પણ બીજા માટે સારી હોઈ શકે છે;*
*સૂર્ય બરફને પીગળાવે પણ માટીને કઠણ બનાવે છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૯અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૫૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | | 6 | | | 9 | | |
| | 9 | | | | 8 | | 3 | 2 |
| 1 | | 3 | 9 | | 2 | 7 | | |
| 5 | | 8 | | 4 | 6 | | | |
| 6 | 2 | | | | | 3 | 4 | 7 |
| | | | 2 | 3 | | | | 8 |
| | | 2 | 1 | 9 | | 8 | | 3 |
| 8 | 1 | | 3 | | | | 7 | |
| | | 7 | | 2 | 5 | | 9 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 6 | 5 | 8 | | 2 | | 7 |
| | 7 | | | | | | 3 | |
| | 3 | | | 4 | 2 | 8 | | |
| 4 | | | 2 | | 6 | | | 1 |
| | 2 | 1 | | | | 6 | 8 | |
| | | 5 | 8 | | 1 | | | 2 |
| | | 3 | 4 | 1 | | | 6 | |
| 9 | 1 | | | | | | 7 | |
| 6 | | | | 9 | 8 | 1 | | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 9 | | 6 | 3 | | 1 | |
| | | 2 | | | 7 | 4 | | 6 |
| 4 | | | 2 | | | | 7 | |
| 6 | | 4 | 9 | 1 | | | 5 | |
| 2 | | | | 3 | | | | 9 |
| | | 1 | | | 5 | 8 | | 3 |
| | 4 | | | | 6 | | 2 | 5 |
| | | 6 | 5 | | | 7 | | |
| | 1 | | 3 | 7 | | 6 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 1 | 6 | | | | 2 | 4 |
| | | | | | | 7 | 5 | |
| | | 7 | 5 | 4 | 8 | | | |
| 5 | | | | 6 | | 9 | | 2 |
| | 2 | | 9 | | 5 | | 4 | |
| 1 | | 9 | | 8 | | | | 6 |
| | | | 3 | 5 | 2 | 4 | | 7 |
| | 9 | 5 | | | 6 | | | |
| 3 | 7 | | | | | 1 | 6 | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૫૮**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 8 | 2 | 4 | 1 | 6 | 7 | 9 | 5 |
| 6 | 4 | 5 | 2 | 7 | 9 | 8 | 3 | 1 |
| 7 | 9 | 1 | 8 | 3 | 5 | 4 | 6 | 2 |
| 4 | 7 | 9 | 3 | 5 | 8 | 2 | 1 | 6 |
| 1 | 3 | 8 | 6 | 4 | 2 | 9 | 5 | 7 |
| 2 | 5 | 6 | 7 | 9 | 1 | 3 | 8 | 4 |
| 9 | 6 | 7 | 5 | 2 | 3 | 1 | 4 | 8 |
| 5 | 2 | 3 | 1 | 8 | 4 | 6 | 7 | 9 |
| 8 | 1 | 4 | 9 | 6 | 7 | 5 | 2 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 6 | 1 | 8 | 5 | 7 | 3 | 9 |
| 7 | 9 | 5 | 2 | 3 | 6 | 8 | 1 | 4 |
| 1 | 8 | 3 | 7 | 4 | 9 | 2 | 6 | 5 |
| 6 | 7 | 1 | 5 | 9 | 2 | 4 | 8 | 3 |
| 4 | 5 | 8 | 3 | 6 | 7 | 1 | 9 | 2 |
| 3 | 2 | 9 | 8 | 1 | 4 | 5 | 7 | 6 |
| 8 | 3 | 4 | 6 | 2 | 1 | 9 | 5 | 7 |
| 9 | 6 | 7 | 4 | 5 | 8 | 3 | 2 | 1 |
| 5 | 1 | 2 | 9 | 7 | 3 | 6 | 4 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 5 | 4 | 1 | 3 | 9 | 7 | 8 | 2 |
| 3 | 1 | 2 | 5 | 7 | 8 | 4 | 6 | 9 |
| 7 | 8 | 9 | 4 | 2 | 6 | 5 | 1 | 3 |
| 2 | 3 | 7 | 6 | 4 | 1 | 8 | 9 | 5 |
| 9 | 6 | 5 | 7 | 8 | 2 | 3 | 4 | 1 |
| 8 | 4 | 1 | 3 | 9 | 5 | 2 | 7 | 6 |
| 5 | 7 | 8 | 9 | 6 | 3 | 1 | 2 | 4 |
| 4 | 9 | 3 | 2 | 1 | 7 | 6 | 5 | 8 |
| 1 | 2 | 6 | 8 | 5 | 4 | 9 | 3 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 1 | 8 | 9 | 6 | 2 | 3 | 5 | 4 |
| 9 | 5 | 6 | 4 | 1 | 3 | 2 | 7 | 8 |
| 3 | 2 | 4 | 5 | 7 | 8 | 9 | 1 | 6 |
| 6 | 4 | 9 | 3 | 2 | 5 | 1 | 8 | 7 |
| 5 | 8 | 1 | 6 | 9 | 7 | 4 | 2 | 3 |
| 2 | 7 | 3 | 1 | 8 | 4 | 5 | 6 | 9 |
| 4 | 6 | 2 | 8 | 5 | 9 | 7 | 3 | 1 |
| 8 | 9 | 5 | 7 | 3 | 1 | 6 | 4 | 2 |
| 1 | 3 | 7 | 2 | 4 | 6 | 8 | 9 | 5 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### શક્તિપીઠ અંબાજી મંદિર

શક્તિપીઠ અંબાજી મંદિર કરોડો લોકોનું આસ્થાનું કેન્દ્ર છે. અહીં દરરોજ હજારોની સંખ્યામાં માઇ ભક્તો મા અંબાના ચરણોમાં દર્શન કરવા આવતા હોય છે. હાલમાં પવિત્ર નવરાત્રીના દિવસો ચાલી રહ્યા છે. આજે નવરાત્રીની આઠમ છે. એટલે મોટી સંખ્યામાં ભક્તોનું ઘોડાપૂર અંબાજી મંદિર ખાતે ઉમટી પડ્યું છે.

*(તા. ૨૨-૧૦-૨૦૨૩)*

### વડોદરામાં દિવ્યાંગોના ગરબામાં કમાની રમઝટ

શહેરમાં જગત જનની મા શક્તિની આરાધના કરવાના મહાપર્વ નવરાત્રીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં અનેક દિવ્યાંગોની ગરબા રમવાની ઈચ્છા અધૂરી રહી જાય છે. જો કે, વડોદરા સાંઇનાથ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી દિવ્યાંગો માટે નવરાત્રી બાદ ગરબાનું વિશેષ આયોજન કરે છે. આજે દિવ્યાંગો માટે આયોજિત ગરબામાં મોટી સંખ્યામાં દિવ્યાંગો મન મૂકીને ગરબા રમ્યા હતા અને પોતાની ગરબા રમવાની ઇચ્છા પૂર્ણ કરી હતી. આ ગરબા મહોત્સવમાં સેલિબ્રિટી બનેલા દિવ્યાંગ કમો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

મ્યુઝીક એકેડેમિ ગ્રુપના ગાયક હીરલ જોષીના કંઠે ગવાયેલા કર્ણપ્રિય ગરબાના સૂરે અને સંગીતના સૂરના તાલે દિવ્યાંગો પોતાના મિત્ર સમી વ્હીલચેર, ઘોડી જેવા સાધનોના સહારે મન મૂકીને ગરબા રમ્યા હતા. આ દિવ્યાંગ ગરબા મહોત્સવમાં દિવ્યાંગ ખેલૈયાઓ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા રમવા માટે આવી પહોંચ્યા હતા. ત્રણ તાળી, દોઢિયું જેવી જૂની - નવી સ્ટાઇલ સાથે ગરબા રમ્યા હતા. ગરબા બાદ દિવ્યાંગોને સીવણ મશીન જેવા રોજગારલક્ષી ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

*(તા. ૨૬-૧૦-૨૦૨૩)*

### વડોદરા અને યહુદીઓ વચ્ચે આત્મીય સંબંધ

સંસ્કૃતિ નગરી વડોદરામાં ભારતનું સૌપ્રથમ ઈન્ડો ઇઝરાયેલ કલ્ચર સેન્ટર બનવા જઈ રહ્યું છે. આ કલ્ચર સેન્ટર નિઝામપુરા વિસ્તારમાં આવેલા ઇઝરાયેલી કબ્રસ્તાનની જમીન પર બનશે. આ ૨૫ હજાર સ્ક્વેર ફુટ જગ્યાનો પોતાનો પણ એક ઇતિહાસ છે. આ જગ્યાની વાત કરીએ તો વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલ ઇઝરાયેલી કબ્રસ્તાન સર સયાજીરાવ ગાયકવાડની ૧૫૦ વર્ષ પૂર્વે આપેલ ભેટ છે. આ વિશાળ ૨૫ હજાર સ્ક્વેર ફૂટ જગ્યા ઇઝરાયેલી પરિવારોની દફનવિધિ માટે આપવામાં આવી હતી. અગાઉ શહેરમાં ૨૫ ઇઝરાયેલી પરિવારો હતા. આજે માત્ર ૨ પરિવારો શહેરમાં વસવાટ કરી રહ્યા છે.

ઇઝરાયેલ એક લેન્ડ ઓફ ઇનોવેશન કહેવાય છે. દુનિયાના ૨૦ ઇનોવેશન ત્યાં થયા છે. આપણા મોબાઈલનું ઇનોવેશન પણ ત્યાં થયું હતું.

ભારતના સૌપ્રથમ ઇન્ડો ઇઝરાયેલ કલ્ચર સેન્ટરને લઇને વડોદરા શહેર અને ઇઝરાયેલના આસ્કીલોન સિટી વચ્ચે ટ્વિન સિટી એગ્રીમેન્ટ કરવામાં આવ્યા છે. જેના આધારે આ આખું કલ્ચર સેન્ટર વિકસાવવામાં આવશે. આ કામગીરી વડોદરા શહેર અને ઇઝરાયેલના આસ્કીલોન સિટીની દેખરેખ હેઠળ કરવામાં આવશે.

*(તા. ૨૭-૧૦-૨૦૨૩)*

### રાજકોટવાસીઓએ વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો

**શરદ પૂનમની રાત્રે રેસકોર્સ મેદાનમાં PM લિખિત 'માડી' ગરબાના તાલે ૧.૨૧ લાખ લોકો ઝુમ્યા**

શરદ પૂનમની રાત્રે રાજકોટવાસીઓએ એક વિશ્વ રેકોર્ડ સ્થાપિત કર્યો છે. જેમાં ૧.૨૧ લાખ લોકો ઉપસ્થિત રહી વડાપ્રધાન નરેન્દ્ર મોદી લિખિત 'માડી' ગરબા પર બોલીવુડ સિંગર પાર્થિવ ગોહિલ સંગાથે ગરબે ઘૂમ્યા હતા.

રાજકોટ શહેરના રેસકોર્સ મેદાન ખાતે ગઈકાલે શરદ પૂનમની રાત્રે વિશ્વ રેકોર્ડ સર્જાયો છે. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લિખિત 'માડી' ગરબો બોલીવુડ સિંગર પાર્થિવ ગોહીલના કંઠે ગવાયો હતો. આ સમયે ૧.૨૧ લાખ લોકો ઉપસ્થિત રહી ગરબે ઘૂમ્યા હતા. રાજકોટમાં શરદ પૂનમની રાત્રે થયેલી આ અનોખી ઉજવણીમાં વિશ્વ રેકોર્ડ માટે વર્લ્ડ બુક ઓફ રેલોર્ડ - લંડન, ઈન્ડિયન ટ્રેડિશનલ બુક ઓફ રેકોર્ડ અને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાએ પ્રમાણપત્ર આપી રેકોર્ડની નોંધણી કરી.

*(તા. ૨૮-૧૦-૨૦૨૩)*

## રામ મંદિર

### ૫૦૦ વર્ષ પછી રામલલ્લાને ભવ્ય મંદિરમાં બિરાજિત કરવાની તૈયારી...

૨૨ જાન્યુઆરી, ૨૦૨૪એ ભવ્ય રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા સાથે જ રામલલ્લાને તેમના મૂળ સ્થાને બિરાજિત કરવામાં આવશે. આ ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ ૧૬ જાન્યુઆરીથી ૨૨ માર્ચ સુધી ચાલશે. વડાપ્રધાન, રાષ્ટ્રપતિ સહિત ૧૩૫ દેશના પ્રતિનિધિઓ ભાગ લેશે. ગામેગામ - ઘેર ઘેર નિમંત્રણ આપવાનું કામ શરૂ થઈ ગયું છે.

પ્રાણ પ્રતિષ્ઠા માટે દેશ-વિદેશથી ૬ હજાર મહેમાનોની યાદી તૈયાર કરાઈ રહી છે. ગર્ભગૃહમાં સ્થાપિત થનારી રામલલ્લાની પ્રતિમાની ૧૦ કરોડ તસવીરો રામ નવમીએ પ્રસાદ તરીકે દેશમાં ઘેર ઘેર વહેંચાશે.

વિશેષ દિવસોએ અયોધ્યામાં અઢીથી સાત લાખ લોકો આવશે તેવું ટ્રસ્ટનું અનુમાન છે. આખું વર્ષ વિશેષ કાર્યક્રમો થશે અને એ માટે વિશ્વભરના કલાકારોને આમંત્રિત કરાશે.

*(તા. ૦૬-૧૧-૨૦૨૩)*

## ઇસરો ચીફ સોમનાથ...

ઈસરો ચીફ સોમનાથે તેમના પુસ્તકનું પ્રકાશન પાછું ખેંચ્યું. એમાં લખ્યું હતું : ભૂતપૂર્વ ચીફ સિવને મારું પ્રમોશન અટકાવ્યું. ચંદ્રયાન-૨ ઉતાવળમાં ફેલ થયું.

*(તા. ૦૭-૧૧-૨૦૨૩)*

## દિલ્હી

ભારતના મેટ્રોપોલીટન શહેરોમાં પ્રદૂષણ સતત વધી રહ્યું છે. સ્વિસ જૂથ IQ Air ના રીયલ ટાઈમ ડેટા અનુસાર, રવિવારે (૫ નવેમ્બરે) વિશ્વના પાંચ સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં ત્રણ ભારતીય શહેરોનો સમાવેશ થાય છે. આમાં દિલ્હી ટોચ પર છે. કોલકાતા ત્રીજા અને મુંબઈ પાંચમા નંબરે છે.

*(તા. ૦૭-૧૧-૨૦૨૩)*

## અફઘાન પ્લેયરે જરૂરિયાતમંદોને દિવાળી ઉજવવા પૈસા આપ્યા

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં અફઘાન ક્રિકેટ પ્લેયર રહેમાનુલ્લા ગુરબાઝ ચૂપચાપ રસ્તા પર બેઠેલા જરૂરિયાતમંદ લોકોની મદદ કરી રહ્યો છે. તે અમદાવાદની શેરીઓમાં ગરીબોને પૈસા આપી રહ્યો છે. જેથી તેઓ દિવાળીની ઉજવણી કરી શકે.

*(તા. ૧૧-૧૧-૨૦૨૩)*

## હવે દીવમાં માણો ક્રૂઝનો આનંદ

હવે સ્માર્ટ સિટી દીવના બંદરે અતિ આધુનિક યંત્રોથી સજ્જ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ મિનિ ક્રૂઝ (Mini Cruise) શરૂ કરવામાં આવી છે. ૧૬૭ પેસેન્જરો અને ૧૦ ક્રુ મેમ્બરોની ક્ષમતા સાથેની ભારત સરકારના સહયોગથી દીવ પ્રશાસને આ ક્રુઝ શરૂ કરી છે.

*(તા. ૧૨-૧૧-૨૦૨૩)*

## દિવાળીની ઉજવણી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ૧૦મા વર્ષે સૈનિકો સાથે દિવાળીની ઉજવણી કરી. મોદીએ રવિવારના X પર લખ્યું – 'હું બહાદુર સૈનિકો સાથે દિવાળી મનાવવા હિમાચલ પ્રદેશના લેપ્ચા આવ્યો છું.' અહીં તેમણે કહ્યું કે જ્યાં ભારતીય સેના તહેનાત છે તે જગ્યા મંદિર સમાન છે.

*(તા. ૧૨-૧૧-૨૦૨૩)*

## સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટમાં તાજેતરમાં માત્ર વિકલાંગો દ્વારા જ સંચાલિત કાફેટેરીયાનું ઉદ્‌ઘાટન મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવ્યું છે. આમ તો બીજી કાફેટેરીયાઓ પણ કોર્ટ સંકુલમાં ચાલી રહી છે.

*(તા. ૧૫-૧૧-૨૦૨૩)*

## ઉત્તરકાશી : ટનલ અકસ્માતમાં કામદારો ફસાયા

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં દિવાળીના દિવસે સવારે ૪ વાગે એક નિર્માણાધીન ટનલ તૂટી પડી હતી. જેમાં ૪૦ કામદારો ફસાઈ ગયા હતા. આ ટનલ બ્રહ્મકમલ અને યમુનોત્રી નેશનલ હાઈવે પર સિલ્કયારા અને દાંડલગાંવ વચ્ચે બનાવવામાં આવી રહી છે.

ફસાયેલા મજૂરો બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના છે. NDRF, SDRF, ITBP, BRO અને નેશનલ હાઈવેના ૨૦૦થી વધુ લોકો ૮ દિવસોથી બચાવકાર્યમાં લાગેલા છે.

ફસાયેલા કામદારોને પાઈપથી ઓક્સિજન, ખોરાક અને પાણીનો સપ્લાય કરવામાં આવી રહ્યો છે. નવી નવી ટેકનોલોજીથી ભારે પ્રયાસ બચાવ માટે ચાલી રહ્યા છે.

જો કે શિયાળામાં જ્યારે હિમવર્ષા થાય છે ત્યારે રાડી ટોપ વિસ્તારમાં યમુનોત્રી હાઈવે બંધ કરી દેવામાં આવે છે. જેના કારણે યમુના ખીણના ત્રણ તાલુકા મથક બરકોટ, પુરોલા અને મોરી જિલ્લાના મુખ્ય મથક ઉત્તરકાશીથી સંપર્કવિહોણા થઈ જાય છે. ચારધામ યાત્રાને સરળ બનાવવા અને રાડી ટોપમાં હિમવર્ષાની સમસ્યાથી છુટકારો મેળવવા માટે ઓલ વેધર રોડ પ્રોજેક્ટ હેઠળ અહીં ડબલ લેન ટનલ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે.

*(તા. ૧૨-૧૧-૨૦૨૩)*

## ઓબેરોગ ગ્રુપ ઓફ હોટેલ્સના માનદ્ ચેરમેનનું નિધન

ઓબેરોય ગ્રુપ ઓફ હોટલ્સના માનદ્ ચેરમેન પૃથ્વીરાજસિંહનું મંગળવારે નિધન થયું છે. તેઓ ૯૪ વર્ષના હતા. તેમના નિધનની માહિતી ઓબેરોય ગ્રુપ દ્વારા આપવામાં આવી છે. તેમના અંતિમ સંસ્કાર કાપસહેડાના ઓબેરોય ફાર્મ ખાતે કરવામાં આવશે. ભારતમાં હોટલ બિઝનેસને નવી દિશા આપવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પૃથ્વીરાજસિંહે ૨૦૦૨માં તેમના પિતાના અવસાન બાદ ઓબેરોય ગ્રુપની કંપની EIH લિમિટેડના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેઓ ૨૦૧૩ સુધી EIH લિમિટેડના CEO રહ્યા હતા. મે-૨૦૨૨માં તેમણે EIH ના ચેરમેન અને ડિરેક્ટર તરીકેનું તેમનું પદ છોડી દીધું હતું. ૨૦૦૮માં તેમને ભારતના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મ વિભૂષણ'થી નવાજવામાં આવ્યા હતા.

*(તા. ૧૭-૧૧-૨૦૨૩)*

*લોકો તમારી સાથે નહીં, તમારી પરિસ્થિતિ સાથે હાથ મિલાવે છે.*

# વિદેશના સમાચાર

## પાકિસ્તાનની જેલમાંથી ૮૦ માછીમારો મુક્ત કરાયા

૮૦ ભારતીય માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. રાજ્યના મત્સ્ય વિભાગના આસિસ્ટન્ટ ડિરેક્ટર જીગ્નેશકુમાર સહિતના અધિકારીઓએ ૧૦મીએ રાત્રે વાઘા બોર્ડર ખાતેથી મુક્ત કરાયેલ તમામ માછીમારોનો કબજો મેળવ્યો હતો. બાદમાં ટ્રેન મારફતે તેમને વડોદરા લાવવામાં આવ્યા હતા અને બાદમાં બસ દ્વારા તેઓને માદરે વતન રવાના કરવામાં આવ્યા હતા.

*(તા. ૧૨-૧૧-૨૦૨૩)*

## આઈસલેન્ડમાં ૧૪ કલાકમાં ૮૦૦ ભૂકંપ

યુરોપીયન દેશ આઈસલેન્ડમાં છેલ્લા ૧૪ કલાકમાં ૮૦૦ ભૂકંપના આંચકા અનુભવાયા છે. સૌથી મોટા આંચકાની તીવ્રતા ૫.૨ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર પૃથ્વીની નીચે થઈ રહેલી ગતિવિધિઓને કારણે જ્વાળામુખી ફાટવાનો ભય છે. દરમિયાન, રાષ્ટ્રીય પોલીસ વડાએ ત્યાં કટોકટી જાહેર કરી છે.

તે જ સમયે, સ્થાનિક સત્તાવાળાએ આશંકા વ્યક્ત કરી છે કે આઈસલેન્ડમાં થોડા દિવસોમાં વધુ તીવ્રતાના ભૂકંપ આવી શકે છે. ટાપુની મેટ ઓફિસ અનુસાર ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ૨૪ હજાર ભૂકંપ આવી ચૂક્યા છે.

ન્યુઝ એજન્સી એ.એફ.પી.એ શનિવારે અહેવાલ આપ્યો હતો કે સ્થાનિક અધિકારીઓએ સાવચેતીના ભાગરૂપે શહેરમાં રહેતા હજારો લોકોને સ્થળાંતર કરવાના આદેશો જાહેર કર્યા છે. આઈસલેન્ડમાં ૩૩ સક્રિય જ્વાળામુખી છે, જે યુરોપમાં સૌથી વધુ છે. આઈસલેન્ડ મધ્ય એટલાન્ટીક રીજની ટોચ પર બેસે છે, જે સમુદ્રના તળમાં એક અણબનાવ છે. આ તિરાડને કારણે ત્યાં ભૂકંપ આવે છે.

*(તા. ૧૨-૧૧-૨૦૨૩)*

## ડૉક્ટરોની અછત

**બ્રિટનમાં ડૉક્ટરો નોકરી છોડી રહ્યા છે.**
**અમેરિકામાં ડૉક્ટરોની આવક સૌથી વધુ છતાં તંગી વર્તાય છે.**

બ્રિટનમાં ઓછો પગાર અને કામના ભારણને કારણે ડૉક્ટરો નોકરી છોડી રહ્યા છે કે પછી ઓસ્ટ્રેલિયા કે કેનેડામાં

કામ શોધી રહ્યા છે. જ્યારે અમેરિકામાં ડૉક્ટરોની સરેરાશ સેલેરી આશરે વાર્ષિક ૩ કરોડ રૂપિયા છે. યુનિવર્સિટી ઑફ શિકાગોના અભ્યાસુ જોશુઆ ગૉટલીબે પોતાના સંશોધન લેખમાં જણાવ્યું છે કે, વિશ્વના અન્ય દેશોની તુલનામાં તે અનેકગણી વધારે છે. એસોસિએશન ઑફ અમેરિકન મેડિકલ કૉલેજના અનુસાર આગામી એક દાયકામાં અમેરિકામાં આશરે ૧.૨૪ લાખ ડૉક્ટરોની તંગી રહેશે. જ્યારે દર વર્ષે આશરે ૮૫ હજાર વિદ્યાર્થીઓ મેડિકલના કોર્સમાં પ્રવેશ મેળવે છે.

અમેરિકામાં ડૉક્ટરોની અછત અત્યારથી શરૂ થઈ ગઈ છે. આશરે ૧૦ કરોડ લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં પૂરતા ડૉક્ટર નથી. ગ્રામીણ વિસ્તારમાં સ્થિતિ વધારે ખરાબ છે. અમેરિકાની ગણના આરોગ્ય પાછળ સૌથી વધુ ખર્ચ કરતા દેશમાં થતી હોવા છતાં આ સ્થિતિ છે.

અમેરિકામાં મેડિકલનો અભ્યાસ પૂર્ણ કરતા ૮ વર્ષ લાગે છે. જેમાં ૪ વર્ષ સ્નાતક થવામાં અને ૪ વર્ષ મેડિસિનમાં લાગે છે. જ્યારે અન્ય દેશોમાં ૫-૬ વર્ષમાં અભ્યાસ પૂરો થાય છે. લાંબો સમય લાગતો હોવાથી ઘણા વિદ્યાર્થીઓ અડધેથી અભ્યાસ છોડી દે છે. *(તા. ૧૧-૧૧-૨૦૨૩)*

## એપલના કો-ફાઉન્ડરની તબિયત લથડી

એપલના સહ-સ્થાપક સ્ટીવ વોઝનિયાક, ૭૩, વર્લ્ડ બિઝનેસ ફોરમ ઈવેન્ટમાં ભાગ લેવા માટે મેક્સિકો આવ્યા હતા. પરંતુ તેમની તબિયત વધુ ખરાબ થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સ્થાપક સ્ટીવ જોબ્સ અને સ્ટીવ વોઝનિયાકે ૧ એપ્રિલ, ૧૯૭૬ના રોજ Apple ની શરૂઆત કરી. વોઝનિયાક ઈલેક્ટ્રોનિક એન્જિનિયર અને કમ્પ્યુટર પ્રોગ્રામર તરીકે પણ ઓળખાય છે. ૧૯૭૬માં શરૂ થયેલી એપલ ઓગસ્ટ ૨૦૧૮માં ૧ ટ્રીલિયન ડોલરના માઈલસ્ટોન સુધી પહોંચી ગઈ હતી. ૨ વર્ષ પછી એટલે ઓગસ્ટ ૨૦૨૦માં કંપનીએ ૨ ટ્રીલિયન ડોલર માર્કેટ કેપને પાર કરી અને ડિસેમ્બર ૨૦૨૧માં માત્ર ૧૬ મહિનામાં તે ૩ ટ્રીલિયન ડોલરને સ્પર્શી હતી.

૫ ઓક્ટોબર, ૨૦૧૧ના રોજ એપલના સહ-સ્થાપક સ્ટીવ જોબ્સનું અવસાન થયું. સ્ટીવ જોબ્સના મૃત્યુ પછી ટીમ કૂકે કંપનીનો હવાલો સંભાળ્યો. કંપનીએ હાલમાં જ iPhone 15 લોન્ચ કર્યો છે. *(તા. ૧૨-૧૧-૨૦૨૩)*

## ChatGPITને બનાવનાર કંપની

ChatGPIT ને બનાવનાર કંપની Open AI એ કો-ફાઉન્ડર અને CEO સેમ ઓલ્ટમેનને તેમના પદ પરથી હટાવ્યા છે. બોર્ડને હવે ઓલ્ટમેનની આવડર ઉપર વિશ્વાસ નથી. તેથી તેમણે તેમના પદ પરથી રાજીનામું આપવું પડી રહ્યું છે. ઓલ્ટમેનના રાજીનામા સાથે ચીફ ટેકનિકલ ઓફિસર (CTO) મીરા મુરાતી, વચગાળાના CEO ની ભૂમિકા નિભાવશે. આ સિવાય ઓપન એઆઈ ના પ્રમુખ ગ્રેગ બ્રોકમેન બોર્ડના અધ્યક્ષ પદેથી રાજીનામું આપશે.

સાન ફ્રાન્સિસ્કો સ્થિત OpenAI એ પ્રાઈવેટ રીસર્ચ લેબ છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ડેવલપ કરે છે. તેની સ્થાપના ૨૦૧૫માં ઓલ્ટમેન, ઈલોન મસ્ક (જે હવે OpenAI ના બોર્ડમાં નથી) અને અન્ય લોકોએ એક નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન તરીકે કરી હતી.

*(તા. ૧૨-૧૧-૨૦૨૩)*

## લંડનમાં નવું વરસ...

લંડનના વિવિધ મંદિરોમાં નવા વર્ષના અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. તમામ મંદિરોમાં હજારો લોકોએ અન્નકુટ દર્શનનો લહાવો લીધો હતો. ભગવાનને અર્પણ કરાયેલા અન્નકુટના દર્શન માટે લોકો મંદિરોમાં જવા માટે લાઈનમાં ઊભા હતા. મંદિરોના સ્વયંસેવકોએ તમામ કામ સંભાળ્યા હતા. દર્શન કરવા આવેલા લોકોએ તેમના મિત્રો અને પરિવારને શુભેચ્છા પાઠવી હતી. વરસાદી વાતાવરણ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આ દરમિયાન મંદિર સંસ્થા દ્વારા સ્થાનિક સંસદ સભ્યો, લંડનના મેયર, કાઉન્સિલરો અને સમુદાયના નેતાઓને પણ આમંત્રણ આપવામાં આવ્યા હતા. લંડનના મેયરે મંદિરની મુલાકાત લઈ પૂજા આરતી કરી હતી અને ભારતીયોને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. *(તા. ૧૬-૧૧-૨૦૨૩)*

## ગઝલ

**પ્રેમમાં ભૂલા પડેલાને ખબર,**
**કેટલી કાંટા ભરેલી છે ડગર!**

**સ્મિત સામે સ્મિત કરનારા મળ્યા**
**આંસુઓ પર કેટલાની ગઈ નજર?**

**પ્રાર્થના, પૂજા, દુઆ દિલથી કરી,**
**ના થઈ ઓ ઈશ! તારા પર અસર.**

**જ્યાં જુઓ ત્યાં ભીડ ને ઘોંઘાટ છે,**
**સાદ મારો સાંભળે ક્યાંથી નગર?**

**મોત 'જીનલ', એટલે તો બહુ ગમે,**
**હોય પાસે તારી ને મારી કબર.**

***અંકિતા મારૂ 'જીનલ' - કાંદિવલી, મુંબઈ***

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

*સૌ વાચક ગણને આપણા શરીર, શરીરનાં વિભિન્ન અંગો તથા તેની કાર્યપદ્ધતિનો સરળ ભાષામાં પરિચય કરાવવાનો વિનમ્ર પ્રયાસ આજના સંકલન દ્વારા કર્યો છે. જે આપ સૌને માટે ઉપયોગી રહેશે.*

*– રસીક ખીમજી મહેતા*

## આપણા શરીરનો આધાર : અસ્થિપીંજર

માનવ શરીરના દરેક અંગ અને અવયવની રચનામાં સલામતી, શક્તિનો ઉપયોગ તેમજ જરૂરિયાતની અદ્‌ભુત ગણતરી જોવા મળે છે. શરીરને આધાર તથા આકાર જાળવી રાખવા માટે કુદરતે સખત હાડકાંની રચના કરી છે. બંને હાથમાં ૫૪, પગમાં ૫૩, ખોપરીમાં ૨૮, ચહેરામાં ૧૪, પાંસળીઓમાં ૨૪ અને કરોડમાં ૩૩ સહિત દરેક પુખ્ત માનવ શરીરમાં ૨૦૬ હાડકાં હોય છે.

હાડકાં લગભગ ૪૦ ટકા કેલ્શિયમ, ૪૧ ટકા ઓક્સિજન અને ૧૮ ટકા ફોસ્ફરસના બનેલા પોલા હોય છે. તેના પોલાણમાં બોનમેરો હોય છે જ્યાં લોહીના કણો બને છે.

હાડપીંજર માત્ર આધાર નથી પરંતુ મનુષ્યને હાલવા ચાલવા તેમજ વજન ઊંચકવા જેવી તમામ ક્રિયાઓમાં ઉપયોગી છે. શરીરના હાડકાં ૨૩૦ સાંધા વડે એકબીજા સાથે જોડાયેલા હોય છે. આ સાંધાઓ પણ જરૂરિયાત પ્રમાણેની રચના અને આકારના હોય છે. હાથની કોણી અને પગના ઘુંટણના સાંધા એક તરફ વળી શકે તેવા મિજાગરા જેવા હોય છે. ખભાના હાડકાં ખાંડણી અને દસ્તા જેવા હોય છે જે ચારે તરફ ઘુમાવી શકાય છે. કરોડના હાડકાં માળામાં મણકા પરોવ્યા હોય તે રીતે જ્ઞાનતંતુના દોરડામાં પરોવેલા હોય છે.

## માનવ મગજનું અવનવું

★ માનવ મગજનું વજન તેના શરીરના વજનના લગભગ બે ટકા જેટલું હોય છે.

★ મગજ એ નાનું અવયવ છે, છતાં શરીરને મળતા ઓક્સિજનનો ૨૦ ટકા ભાગ તે વાપરે છે.

★ મગજમાં સંદેશા વ્યવહાર અને વિચારો વિદ્યુત રાસાયણિક પ્રક્રિયાથી થાય છે.

★ મગજનો ૪૦ ટકા ભાગ સંદેશા વ્યવહાર અને ૬૦ ટકા ભાગ વિચારવાનું કામ કરે છે.

★ જ્યારે જ્યારે નવો અનુભવ કે યાદોનું સ્મરણ થાય છે ત્યારે મગજમાં વિદ્યુત તરંગોના નવા કનેક્શન બને છે.

★ જીભ ઉપરાંત પેટ, આંતરડા, પેન્ક્રિયાઝ અને ફેફસામાં પણ સ્વાદ કેન્દ્રો હોય છે.

★ મગજનો ૬૦ ટકા ભાગ ચરબીનો બનેલો છે.

★ મગજ સ્થિતિસ્થાપકતા અને ક્ષમતા જાળવી રાખવા ઘણી બિનજરૂરી બાબતો ભૂલી જાય છે.

★ માણસ કંઈક નવું શીખે ત્યારે મગજની રચનામાં ફેરફાર થાય છે.

★ નવજાત શિશુના મગજમાં સૌથી વધુ જ્ઞાનકોષો હોય છે. શિશુનું મગજ ખોરાકનો ૫૦ ટકા ભાગ મગજમાં વાપરે છે એટલે જ તેને વધુ ઊંઘની જરૂર રહે છે.

★ આરામના સમયમાં મગજ પાંચમા ભાગની કેલેરી શક્તિ દર મિનિટે વાપરે છે.

★ મગજમાં જ્ઞાનકોષો હોવા છતાંય તે ઈજાની પીડા અનુભવતું નથી.

## માનવ શરીરના વાળનું અવનવું

ચોપગા પ્રાણીઓના શરીર પર રૂંવાટી અને વાળ હોય છે. પરંતુ મનુષ્યના વાળની રચના વિશિષ્ટ છે. વાળ મુખ્યત્વે ચામડીના રક્ષણ માટે હોય છે. માણસના માથામાં રહેલા મગજને વધુ રક્ષણ આપવા માથા પર ભરચક વાળ હોય છે. આ ઉપરાંત વાળ એ માણસને સુંદર દેખાવ અને વ્યક્તિત્વ આપે છે. વાળ વિશે બીજી વાતો પણ જાણવા જેવી છે.

★ વાળ ખૂબ જ મજબૂત હોય છે. એક વાળ ઉપર ૧૦૦ ગ્રામ વજન લટકાવી શકાય છે.

★ વાળ ગરમીના અવાહક છે. તેથી તે ગરમી અને ઠંડી સામે રક્ષણ આપે છે.

★ વાળને ત્રણ પડ હોય છે. બહારનું ક્યુરીકલ, ત્યારબાદ કોર્ટેક્સ અને છેલ્લે મેડ્યુલા.

- ★ વાળ કેરોટીન નામના સખત પ્રોટીનના બને છે.
- ★ વાળ મૃત કોષોના બનેલા છે.
- ★ વાળ સખત હોવા છતાં સ્થિતિ સ્થાપક છે. ભીના વાળ ખેંચવાથી ૩૦ ટકા જેટલા લાંબા થઈ શકે છે.
- ★ વાળની કેમિસ્ટ્રી અજબની છે. તેમાં ૫૦ ટકા કાર્બન, ૨૧ ટકા ઓક્સિજન, ૧૭ ટકા નાઈટ્રોજન, ૬ ટકા હાઈડ્રોજન અને ૫ ટકા સલ્ફર હોય છે.

## ફેફસામાં લોહી કેવી રીતે શુદ્ધ થાય?

લોહીનું કામ છે માનવ શરીરમાં ફરતા રહીને વિવિધ અંગોને શક્તિ પહોંચાડવાનું. આ સિવાય તે કેટલીક અશુદ્ધિઓનું શોષણ કરે છે. શરીરમાં ફરીને અશુદ્ધ થયેલું લોહી ફેફસામાં આવે છે. માણસની છાતીમાં ફેફસા નામના કોથળી જેવા બે અવયવો છે. તે નાક સાથે શ્વાસનળીથી જોડાયેલા છે. ફેફસાનું મુખ્ય કામ લોહીને શુદ્ધ કરવાનું છે. તે આ કામ કેવી રીતે કરે છે તે જાણવા જેવું છે.

આપણે નાક દ્વારા શ્વાસમાં લઈએ છીએ તે હવા ફેફસામાં જાય છે. શ્વાસનળી ફેફસામાં અનેક શાખાઓમાં વહેંચાઈ ગયેલી હોય છે અને તે છેવટે સૂક્ષ્મ નળી બને છે. ફેફસામાં અશુદ્ધ લોહી લઈને આવતી નળીઓ પણ વહેંચાઈને સૂક્ષ્મ બને છે. આમ, રક્ત વાહિની અને હવાની નળીઓ જાળું બનાવે છે. રક્ત વાહિનીના છેડે ગોળાકાર કોષો આવેલા છે. દ્રાક્ષના ઝુમખા જેવા આ કોષો હવાની નળીમાંથી ઓક્સિજન લઈને લોહીમાં ભેળવે છે. સાથે સાથે લોહીમાંનો કાર્બન ડાયોક્સાઈડ હવાની નળીમાં ધકેલે છે. ફેફસામાં આવા કરોડો કોષો હોય છે, જે નરી આંખે દેખાય પણ નહીં. ફેફસા સતત કામ કરીને શરીરના લોહીને શુદ્ધ રાખે છે.

## બગાસાં આવવાનું કારણ શું?

બગાસાં આવવા એ આળસની નિશાની ગણાય છે. આપણી સામે કોઈ બગાસાં ખાય તે આપણને ગમે નહીં. પરંતુ થાકેલા માણસને બગાસાં આવે તે સામાન્ય બાબત છે. બગાસાં આવવાનું ચોક્કસ કારણ તો વિજ્ઞાનીઓ પણ જાણી શક્યા નથી પરંતુ થોડા અભ્યાસ બાદ એમ તારણ નીકળ્યું છે કે માણસ જ્યારે થાકે ત્યારે તેના સ્નાયુઓ ઢીલા પડે અને શ્વાસોચ્છવાસની માત્રા ઘટે. માણસને દર મિનિટે લગભગ ૬ થી ૭ લીટર હવા શ્વાસમાં લેવી પડે તો જ પૂરતો ઓક્સિજન મળે. થાકેલો માણસ પૂરો શ્વાસ ન લઈ શકે તો ઓક્સિજન પણ ઓછો પડે. ઓક્સિજનની જરૂર મગજને વધુ હોય છે. ઓક્સિજન ઓછો થાય કે તરત જ મગજ શૂન્ય થવા માંડે, સુસ્તી ચઢે. એટલે મગજ તરત સંદેશો આપી બગાસું લાવે અને બગાસા દ્વારા વધુ હવા ખેંચવા સંકેત આપે છે.

બગાસું ૫ થી ૬ સેકંડ ચાલે અને ઊંડો શ્વાસ લેવાય. દરમિયાન આંખો અને કાન પોતાના કામ બંધ જ કરી દે. બગાસું ખાતી વખતે સાંભળવાનું પણ બંધ થાય તેવો અનુભવ સૌને થયો હશે. આમ બગાસું, એ શરીરને સ્ફૂર્તિમાં લાવવા માટેની શારીરિક ક્રિયા છે. આપણે તેને ઊંઘ આવવાની નિશાની પણ ગણીએ છીએ.

## આપણી આંગળીના સાંધા અને ટચાકા

ખૂબ કામ કરીને થાકી ગયા બાદ હાથ પગની આંગળી ખેંચવાથી કે સાંધા પર દબાણ આપવાથી ટચાકા જેવો અવાજ થાય છે અને હળવાશ અનુભવાય છે. થાક ઉતારવા માટે ઘણા લોકો આ ઉપાય અજમાવે છે. હાથની આંગળીમાં નાના ત્રણ હાડકાં હોય છે. તેને વેઢા પણ કહે છે. આ હાડકાં મિજાગરા જેવા એક તરફ વળી શકે તેવા સાંધાથી જોડાયેલા હોય છે. હાથ વડે આપણે અનેક કામ કરીએ છીએ. આ સાંધાના કારણે આપણી મુઠ્ઠી વાળવા ઉપરાંત ઘણી ચીજો પકડવા - લેવા - મૂકવા ઉપયોગી થાય છે. આ સાંધાને સૌથી વધુ ઘસારો લાગે છે. આ સાંધાના રક્ષણ માટે તેમાં તૈલી પદાર્થ હોય છે અને તેની આસપાસ વાયુ પણ હોય છે. સાંધામાં રહેલા વાયુમાં વધઘટ થતી રહે છે. આંગળી ખેંચવાથી કે દબાણ આપવાથી આ વાયુ છૂટો પડી ટચાકા જેવો અવાજ કરે છે અને સાંધામાં હળવાશ થાય છે. ■

*સવારનો ધુમ્મસ પણ એ શીખવાડે છે કે બહુ આગળનું જોવું નકામું છે, ધીમે ધીમે આગળ વધતા રહો, રસ્તા આપોઆપ ખુલ્લા થઈ જશે.*

શુભેચ્છા સહ...
પૃથ્વી શાહ – ગાંધીનગર
મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪

## ઉડતી નજરે.... *માસ ઓક્ટોબર-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ....... ૮૨૫<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ....... ૨૭<br>● બોડી ચેક-અપ ....... ૩૨૮<br>● સોનોગ્રાફી ....... ૧,૧૫૫<br>● ટી.એમ.ટી. ....... ૩૮<br>● ઑપરેશન ....... ૫<br>● અન્ય ....... ૮,૨૭૬ | ૧૦,૬૫૪ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● પુરુષો ....... ૪૮૫<br>● સ્ત્રીઓ ....... ૧૮૭<br>● બાળકો ....... ૧૪<br>● કેન્ટીન ....... ૪,૩૧૦ | ૪,૯૯૬ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● પુરુષો ....... ૧૫૫<br>● સ્ત્રીઓ ....... ૨૬<br>● બાળકો ....... – | ૧૮૧ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ....... | ૮૬ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ....... ૧,૯૯૨<br>● મ્યુઝીયમ ....... ૧,૬૫૦<br>● કેન્ટીન ....... ૪,૨૩૦<br>● જલારામ અન્નક્ષેત્ર ....... ૪૨૦<br>● ડિસ્પેન્સરી ....... ૯૩ | ૮,૩૮૫ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ....... | ૪૪૯ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ....... ૧૬૦<br>● સોનોગ્રાફી ....... ૨૩૭<br>● અન્ય ....... ૫,૯૫૮ | ૬,૩૫૫ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ....... | ૧૮૪ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......<br>*જેમાંથી –* ● એક્સ-રે ....... ૧૦૩<br>● સોનોગ્રાફી ....... ૨૫<br>● બોડી ચેક-અપ ....... ૫<br>● કેમ્પ ....... –<br>● અન્ય ....... ૪૨૭ | ૫૬૦ |
| | *માસ ઓક્ટોબર - ૨૦૨૩ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ...............* | ૩૧,૮૫૦ |

# અતીતના ઓવારેથી.... : મણકો-૮

*'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૩ના અંકમાં આપણે જોયું કે વર્ષ ૧૯૮૫થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ શરૂ થયું અને ધીરે ધીરે શ્રી કચ્છી જૈન સમાજ સુસ્ત થતું ગયું. એ અંકમાં આપણે વર્ષ ૧૯૮૫થી વર્ષ ૧૯૮૮ (માર્ચ ૧૯૮૮) સુધીના ટ્રસ્ટ મંડળની વિગતોનું નિરીક્ષણ કર્યું. વર્ષ ૧૯૮૮-૮૯થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બંધારણ મુજબ, ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ એ બંને વિભાગોની રચના કરી કાર્યરત કરવામાં આવી. વર્ષ ૧૯૮૮-૮૯થી વર્ષ ૧૯૯૨-૯૩ના હોદ્દેદારો, ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિની વિગત નીચે મુજબ છે.*

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૮૮-૮૯ | વર્ષ ૧૯૮૯-૯૦ | વર્ષ ૧૯૯૦-૯૧ |
|---|---|---|---|---|
| | | *ટ્રસ્ટ મંડળ* | *ટ્રસ્ટ મંડળ* | *ટ્રસ્ટ મંડળ* |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | ટ્રસ્ટી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૩. | ટ્રસ્ટી | શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ | શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ | શ્રી કાંતિલાલ રામજી શાહ |
| ૪. | ટ્રસ્ટી | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી ખીમજી આણંદજી લોડાયા |
| ૫. | ટ્રસ્ટી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૬. | ટ્રસ્ટી | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૭. | ટ્રસ્ટી | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી માવજી ધારશી ફુરિયા |
| ૮. | ટ્રસ્ટી | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ |
| ૯. | ટ્રસ્ટી | શ્રી હરખચંદ કુંવરજી સાવલા | શ્રી દેવજી ધારશી ગાલા | શ્રી બંસીલાલ મગનલાલ ગડા |
| ૧૦. | ટ્રસ્ટી | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી હીરજી પાસુભાઈ શાહ |
| | | ***કારોબારી સમિતિ*** | ***કારોબારી સમિતિ*** | ***કારોબારી સમિતિ*** |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ |
| ૩. | માનદ્ મંત્રી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| ૪. | સહમંત્રી | શ્રી હસમુખ બાબુભાઈ શાહ | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | શ્રી કાંતિલાલ રામજી શાહ |
| ૫. | ખજાનચી | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા |
| ૬. | સભ્ય | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૭. | સભ્ય | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી |
| ૮. | સભ્ય | શ્રી ઝુમખલાલ ચુનીલાલ શાહ | શ્રી કાંતિલાલ રામજી શાહ | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ |
| ૯. | સભ્ય | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | શ્રી કિશોર મુળજી લાલકા |
| ૧૦. | સભ્ય | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૧૧. | સભ્ય | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૨. | સભ્ય | શ્રી બંસીલાલ મગનલાલ ગડા | શ્રી બંસીલાલ મગનલાલ ગડા | શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા |
| ૧૩. | સભ્ય | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી ભવાનજી ધનજી દેઢિયા |
| ૧૪. | સભ્ય | શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ | શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ | શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ |
| ૧૫. | સભ્ય | શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ | શ્રી મહેશ કલ્યાણજી શાહ | શ્રી મહેશ કલ્યાણજી શાહ |
| ૧૬. | સભ્ય | શ્રી હરખચંદ કુંવરજી સાવલા | શ્રી હસમુખ બાબુભાઈ શાહ | શ્રી શાંતિલાલ મુળજી સાવલા |
| ૧૭. | સભ્ય | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી હીરજી પાસુભાઈ શાહ |

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૯૧-૯૨ | વર્ષ ૧૯૯૨-૯૩ |
|---|---|---|---|
| | | *ટ્રસ્ટ મંડળ* | *ટ્રસ્ટ મંડળ* |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | ટ્રસ્ટી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ |
| ૩. | ટ્રસ્ટી | શ્રી કાંતિલાલ રામજી શાહ | શ્રી કાંતિલાલ રામજી શાહ |
| ૪. | ટ્રસ્ટી | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી ખીમજી આણંદજી લોડાયા |
| ૫. | ટ્રસ્ટી | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૬. | ટ્રસ્ટી | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૭. | ટ્રસ્ટી | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી માવજી ધારશી ફુરિયા |
| ૮. | ટ્રસ્ટી | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ |
| ૯. | ટ્રસ્ટી | શ્રી બંસીલાલ મગનલાલ ગડા | શ્રી બંસીલાલ મગનલાલ ગડા |
| ૧૦. | ટ્રસ્ટી | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી હીરજી પાસુભાઈ શાહ |
| ૧૧. | ટ્રસ્ટી | | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૨. | ટ્રસ્ટી | | શ્રી વિજયસેન રવજી શાહ |
| ૧૩. | ટ્રસ્ટી | | શ્રી શાંતિલાલ છગનલાલ શાહ |
| | | *કારોબારી સમિતિ* | *કારોબારી સમિતિ* |
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા |
| ૩. | માનદ્ મંત્રી | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | શ્રી કાંતિલાલ રામજી શાહ |
| ૪. | સહમંત્રી | શ્રી મહેશ કલ્યાણજી શાહ | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ |
| ૫. | ખજાનચી | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૬. | સભ્ય | શ્રી કાંતિલાલ રામજી શાહ | શ્રી આણંદજી વેલજી વીરા |
| ૭. | સભ્ય | શ્રી મુરજી નરશી શાહ | શ્રી મુરજી નરશી શાહ |
| ૮. | સભ્ય | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૯. | સભ્ય | શ્રી કિશોર મુળજી લાલકા | શ્રી કિશોર મુળજી લાલકા |
| ૧૦. | સભ્ય | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૧૧. | સભ્ય | શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા |
| ૧૨. | સભ્ય | શ્રી જયંતીલાલ વેલજી મોતા | શ્રી જયંતીલાલ વેલજી મોતા |
| ૧૩. | સભ્ય | શ્રી ભવાનજી ધનજી દેઢિયા | શ્રી ભવાનજી ધનજી દેઢિયા |
| ૧૪. | સભ્ય | શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા | શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા |
| ૧૫. | સભ્ય | શ્રી શાંતિલાલ છગનલાલ શાહ | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ |
| ૧૬. | સભ્ય | શ્રી શાંતિલાલ મુળજી સાવલા | શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા |
| ૧૭. | સભ્ય | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી હીરજી પાસુભાઈ શાહ |

*એક જેવી દેખાતી હતી એ દિવાસળીઓ,*
*અમુકે 'પ્રગટાવ્યું' અને અમુકે 'સળગાવ્યું.'*
*એજ રીતે એક જેવો દેખાય છે મનુષ્ય,*
*અમુક રોશની કરે છે જ્યારે અમુક આગ લગાવે છે.*

## હાઈકુ

ડુંગર ચઢે
વૃદ્ધો નહીં થાકતાં
જુએઃ મંદિર.

સાંજે સૂરજ
ચાલતો ડગુ-મગુ,
વૃદ્ધ માફક!

ગામમાં આવી
વૃદ્ધ શોધતો મિત્રો
બાળપણના!

ગ્રંથોની ભીડ
વચ્ચે જીવે આનંદે,
એકલો ડોસો!

પુત્રીનો વૃદ્ધ
બાપ આનંદે જીવે-
દુઃખી પુત્રોનો.

ગાડીમાં બેસી
કૂતરો જોયા કરે-
લાચાર વૃદ્ધો!

જીવનભર
સાથે જ હરે ફરે
ડોસો ને ડોસી.

કાવ્યસંગ્રહ
વાંચે; યુવા જગત-
વૃદ્ધ કવિનો.

પીળા પાંદડાં
તથા વૃદ્ધોને જુએ
છેઃ વૃદ્ધાશ્રમ!

**જગદીશ મ. પટેલ**
**અડાજણ, સુરત**
**મો. ૯૮૨૫૧ ૨૫૧૦૫**

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૭)

## ડૉ. તેજલ શાહ

M.S. (E.N.T.)



અશોક મહેતા



ડૉ. તેજલ શાહ
M.S. (ENT)

આજે આપણે વાત કરીશું એક અનેરું વ્યક્તિત્વ ધરાવતા ડૉ. તેજલ શાહની.

તેઓશ્રીનો પરિવાર ગુજરાત રાજ્યના ખેડા જિલ્લાના, આણંદ તાલુકાના સોજીત્રા ગામનો મૂળ વતની. પરંતુ ડૉ. તેજલ શાહના પિતાશ્રી વર્ષોથી અમદાવાદ આવી કાંકરીયા વિસ્તારમાં પોતાનું નિવાસ બનાવી ત્યાં રહેવા લાગ્યા. તેઓશ્રી શિક્ષક તરીકે કાર્યરત રહેતા હતા. ડૉ. તેજલનો જન્મ તા. ૨૭-૧૦-૧૯૭૩ના રોજ અહીં જ થવા પામ્યો. તેઓશ્રીએ પ્રાથમિકથી ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ આ વિસ્તારમાં આવેલ દુર્ગા હાઈસ્કૂલમાંથી કરેલ હતો. તેઓ ભણવામાં એકદમ હોંશિયાર હતા અને ૧૦મા ધોરણમાં ગુજરાતી વિષયમાં સમગ્ર બોર્ડમાં પ્રથમ ક્રમાંકે પાસ થયેલ હતા. ત્યારબાદ આ જ વિસ્તારની સરદાર પટેલ હાઈસ્કૂલમાં રહી ધોરણ ૧૧-૧૨નો અભ્યાસ કર્યો અને વર્ષ ૧૯૯૦માં ધોરણ ૧૨ ડિસ્ટીંક્શન માર્કસ સાથે ઉત્તીર્ણ કર્યું. સારા માર્કસ હોવાના કારણે તેમને જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં એડમિશન મળી જવાથી M.B.B.S. નું પ્રથમ વર્ષ અહીં રહીને ઉત્તીર્ણ કર્યું. ત્યારબાદ બીજા વર્ષથી તેઓએ વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં એડમિશન લઇ વર્ષ ૧૯૯૫માં અહીંથી M.B.B.S. ની ડિગ્રી પ્રાપ્ત કરેલ હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૯માં તેઓએ M.S. (ENT) ની પદવી પણ આ જ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી, ત્યાંથી પ્રાપ્ત કરેલ હતી.

M.S. (ENT) ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ તેઓ બરોડાથી અમદાવાદ આવ્યા અને અહીં રહી તેઓએ ૧ વર્ષ સુધી પ્રાઈવેટમાં જોબ સ્વિકારી, સારો એવો પ્રેક્ટીકલ અનુભવ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેઓએ ઇ.એન.ટી. વિભાગના કન્સલ્ટીંગ સર્જન તરીકે અમદાવાદમાં વિવિધ ટ્રસ્ટોની હોસ્પિટલોમાં સેવા આપવાનું શરૂ કર્યું. આ હોસ્પિટલોમાં મુખ્યત્વે ગુલબાઈ હોસ્પિટલ, ઠાકરશી હોસ્પિટલ, પંચશીલ હોસ્પિટલ વગેરે હતી કે જ્યાં રહી તેઓએ અનેક દર્દીઓને પોતાની સેવાનો લાભ આપ્યો.

વર્ષ ૨૦૦૦થી તેઓએ અમદાવાદના ગુરૂકુળ રોડ પર "શ્રીજી ઓર્થોપેડિક એન્ડ ઈએનટી હોસ્પિટલ"ના નામથી પોતાનું કન્સલ્ટીંગ સેન્ટર શરૂ કર્યું અને અહીંથી પોતાની પ્રેક્ટીસ કરવાની શરૂઆત કરી કે જે આજ દિવસ સુધી વ્યવસ્થિતપણે ચાલી રહેલ છે. અહીં નાક, કાન, ગળાને લગતા બધા જ પ્રકારના ઑપરેશન્સ તેઓ કરે છે.

વર્ષ ૨૦૦૩માં તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં કન્સલ્ટીંગ ઇ.એન.ટી. સર્જન તરીકે જોડાયા કે જ્યાંથી તેઓ છેલ્લા ૨૦ વર્ષથી જાહેર જનતાની સેવા અવિરતપણે ચાલુ રાખી રહ્યા છે. અહીં તેઓશ્રી અઠવાડિયામાં ૩ દિવસ (સોમ, બુધ, શુક્ર) સાંજના ૫.૦૦થી ૬.૩૦ દરમિયાન પોતાની કન્સલ્ટીંગ ડૉક્ટર તરીકેની સેવા આપી રહ્યા છે. અહીંથી તેઓએ સરેરાશ દરરોજના ૧૦ દર્દીઓના હિસાબે અઠવાડિયામાં ૩૦ દર્દી, મહિનામાં ૧૨૦ દર્દી, વર્ષમાં ૧૪૪૦ દર્દી અને આ હિસાબે ૨૦ વર્ષમાં ૨૮,૮૦૦થી ૩૦,૦૦૦ જેટલા દર્દીઓને પોતાની સેવાનો લાભ આપી ચૂક્યા છે અને હજુ પણ આવતા વર્ષોમાં તેઓશ્રી પોતાની સેવા ચાલુ રાખવા તેટલા જ નિશ્ચિત છે.

તેઓશ્રીએ તેમની જિંદગીમાં ૨૫૦૦ જેટલા Ear Repair કર્યા – એટલે કે કાનની બૂટ ફાટેલી હોય તેને ટાંકા લઈ સાંધવાનું કાર્ય અને લગભગ તેટલી જ સંખ્યામાં Ear Pearcing કર્યા એટલે કે કાનની બુટ્ટી પહેરવા માટે કાણા પાડવાનું કાર્ય કરેલ છે. તદુપરાંત O.P.D. વિભાગમાં નાની મોટી સર્જરી પણ સારા એવા પ્રમાણમાં કરેલ છે.

હાલે તેઓનું નિવાસ સ્થાન અમદાવાદના એસ.જી. હાઈવે પર ઝાયડસ હોસ્પિટલ રોડ પર આવેલ હોવાથી શ્રી

કચ્છી જૈન ભવન પરનું મેડિકલ સેન્ટર હાલના તેમના નિવાસ સ્થાનથી સારું એવું દૂર હોવા છતાં તેઓને જ્યારે પૂછવામાં આવ્યું કે, 'તમે આટલા દૂરથી આ સેન્ટરમાં શા માટે આવો છો?' ત્યારે તેઓએ આપેલ જવાબ અત્રે અક્ષરસહ નીચે મુજબ રજૂ કરેલ છે :

*"અહીં મને મારા બીજા ઘર જેવું લાગે છે. અહીંનો સ્ટાફ અને લોકો મને પોતાના લાગે છે. તેઓ મારી સાથે ક્યારે પણ ગેરવર્તાવ કે અગવડતાભર્યું વર્તન નથી કરતા. અહીંના પેશન્ટ્સ ડૉક્ટરોમાં પૂરેપૂરો વિશ્વાસ ધરાવે છે. એક પેશન્ટના ગળાનું કેન્સર મેં ડિટેક્ટ કરેલ હતું અને ત્યારબાદ તેઓએ અન્યત્ર ટ્રીટમેન્ટ (રેડિયોથેરાપી અને કેમોથેરાપી) કરાવી અને અત્યારે તેઓ બિલકુલ સ્વસ્થ છે. તેઓ જ્યારે કોઈ ઈલાજ માટે ભવન પરના મેડિકલ સેન્ટરમાં આવે છે ત્યારે જરૂરથી મને મળવા આવે છે."*

આ છે ડૉ. તેજલ શાહનો શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટર પ્રત્યેનો લાગણીભર્યો જવાબ... તેઓશ્રી શ્રી કચ્છી જૈન ભવનને પોતાનું ઘર જ માને છે. એટલે કે તેઓશ્રી આ સંસ્થા સાથે લાગણીના નાતે જોડાયેલા રહ્યા છે.

આ પ્રકારના પ્રતિભાશાળી અને લાગણીશીલ ડૉ. તેજલ શાહની જ્યારે આપણે નોંધ લઈ રહ્યા છીએ ત્યારે તેમના અન્ય પાસા તરફ પણ આપણે ધ્યાન આપી નોંધ લેવી જોઈએ. તેઓ જ્યારે શાળા જીવનમાં હતા ત્યારે તેમણે ૫ વર્ષનો ભારત નાટ્યમ્‌નો કોર્સ કરી આરંગેત્રમ્ પૂર્ણ કરેલ છે. આ રીતે તેઓ આપણી પુરાણી સંસ્કૃતિ સારી રીતે જાળવી રહ્યા છે. એ જ રીતે તેઓએ શાળા જીવનમાં સ્કેટીંગનો પણ જબરો શોખ રાખેલ હતો અને વર્ષ ૧૯૮૬ના શાળા જીવનમાં યોજાયેલ સ્કેટીંગ કોમ્પિટીશનમાં સમગ્ર અમદાવાદમાં બીજા ક્રમાંકે રહેલ હતા. અને તેથી જ આજે તેઓએ પોતાની તંદુરસ્તી સારી રીતે જાળવી રાખેલ છે.

ડૉ. તેજલ શાહના લગ્ન ડૉ. હાર્દિક શાહ – ઓર્થોપેડિક સર્જન સાથે વર્ષ ૧૯૯૯માં થયેલ હતા. લગ્ન જીવનથી તેમને એક દીકરો – તનુજ પ્રાપ્ત થયેલ છે. તે અત્યારે M.B.B.S. ના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરી રહેલ છે અને ભવિષ્યમાં આ જ ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરવાની ભાવના ધરાવે છે.

ડૉ. તેજલ શાહ આ સમાજ સાથે અને તેના મેડિકલ સેન્ટર સાથે વર્ષો સુધી જોડાયેલા રહી પોતાની સેવા અવિરતપણે ચાલુ રાખે તેવી ભાવના સાથે અહીં વિરમીએ.

## દિવાળી

સાત દિવસનો આ ખુશીનો તહેવાર
મીઠો લાગે પરસ્પરનો વહેવાર.

રૂમઝુમ પગલે આવી અગ્યારસ,
બનાવીએ જીવનને શુકનવંતુ સબરસ.

ફૂલડાં વેરી શીખવે વાકબારસ,
વરસાવો નિશદિન વાણી સરસ.

લક્ષ્મી તેડી આંગણે ઉભી ધનતેરસ,
કોઈ દીનના મુખ પર પ્રગટાવો ઓજસ.

શ્યામળ છતાં પામે માન કાળીચૌદસ,
તપ-જપ સિધ્ધ કરી મનને કર તું વશ.

સપ્તરંગી રંગોળી લઈ આવી દિવાળી,
પ્રગટાવી પ્રેમ-દીવો, નફરતને દો બાળી.

સોનેરી કિરણો લઈ આવ્યું નૂતન વરસ,
શુભ લાભ વરસે સૌના હૃદયે અરસપરસ.

વીરાના હૃદયે બેનીની પ્રીત લઈ ઊભું ભાઈબીજ,
'નેહ' માટે ન્યોચ્છાવર કરી દે સઘળા સુખ નિજ.

***નેહા શાહ 'નેહ'***

## ત્રીજો પગ

બુઢાપા એ
યુવાનીને એટલી હદે
ભાંગી
નાખી છે કે વાળમાં મધમધતું
તેલ
નાખીને 'પટીયા' પાડતો ત્યાં હવે
દાંતિયાની જરૂર પડતી
નથી
ને કઠણ પાણા જેવી સોપારીને
થોડીવારમાં
ભાંગીને ભૂક્કો કરી નાંખતો
એ દાંતને
હવે ચાવવામાં તકલીફ પડે છે
ને
ચાલી ચાલીને થાકી
ગયેલા
પગો પણ હવે ત્રીજા પગની (લાકડીની)
માંગણી કરે છે.

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**શનિવાર, તા. ૧૪-૧૦-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટરની કાર્યવાહી, વ્યવસ્થા અને સુઘડતા જોઈ, અહીં પધારનાર એક પેશન્ટ શ્રી પ્રીતેશભાઈ એકલવ્યએ રૂા. ૫,૦૦૧/-નો ચેક સંસ્થાને અર્પણ કરેલ હતો.

**રવિવાર, તા. ૧૫-૧૦-૨૦૨૩**

- આજે બપોરના ૩.૩૦ વાગે ભવન પર ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં છેલ્લા ૬ મહિનાની કાર્યવાહી બાબતે હિસાબી સમિતિની રજુઆત, શ્રી કચ્છી જૈન ભવનને રી-ડેવલપ કરવા અંગેની ચર્ચા, અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ઊભા કરવામાં આવનાર મેડિકલ સેન્ટર અંગેની ચર્ચા, સંસ્થાના માસિક મુખપત્ર મંગલ મંદિર અંગેની ચર્ચા તથા ગૃહ ઉદ્યોગ વિષયે ચર્ચા કરવામાં આવેલ હતી.
- આજરોજ રાત્રે નવરાત્રી પર્વ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવનના પ્રાંગણમાં યુવા વિકાસ સમિતિ તરફથી રાસ-ગરબાનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જે સંપૂર્ણપણે સફળતાને વરેલ હતો.

**બુધવાર, તા. ૧૮-૧૦-૨૦૨૩**

- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન ઉપર આ ભવનને રી-ડેવલપ કરવા આર્કિટેક્ટ શ્રી મયંક ગજ્જર સાથે એક મીટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા અને રી-ડેવલપમેન્ટના કારણે વધુ મળતા ચોરસ ફૂટનું બાંધકામ, તેના ખર્ચ, સમય, મેડિકલ સેન્ટરને અન્યત્ર શીફ્ટ કરવા વગેરે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

**શનિવાર, તા. ૨૧-૧૦-૨૦૨૩**

- બોપલ ખાતેના મકાનમાં પ્રથમ માળ પર એક્સ્ટેન્શન કરવામાં આવેલ નવનીત મેડિકલ સેન્ટરના આઈ વિભાગના ઓ.ટી.માં આજરોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાનું ઑપરેશન કરી તેની શુભ શરૂઆત કરવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૨૩-૧૦-૨૦૨૩**

- બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના પ્રથમ માળ પરના એક્સ્ટેન્શન કરેલ વિભાગમાં આજથી આયુર્વેદ તથા હોમિયોપેથી વિભાગની ઓ.પી.ડી. શરૂ કરવામાં આવેલ છે.

**બુધવાર, તા. ૨૫-૧૦-૨૦૨૩**

- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર નવનીત ફાઉન્ડેશન ટ્રસ્ટ - મુંબઈના CSR ડિપાર્ટમેન્ટના શ્રીમતી મયુરીબેન મિસ્ત્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા પધારેલ હતા. મંત્રી શ્રી રજનીકાંત પારેખ તથા સહમંત્રી શ્રી વિશાલ શાહે સૌપ્રથમ પાલડી ભવન પર કાર્યરત મેડિકલ સેન્ટરની મુલાકાત કરાવેલ હતી કે જે જોઈ તેઓ સારા એવા પ્રભાવિત થયેલ હતા.

  બપોર પછી તેઓને બોપલ ખાતેના મેડિકલ સેન્ટર તથા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવેલ હતી કે જ્યાંનું કાર્ય અને વ્યવસ્થા જોઈ તેઓએ ખુશી વ્યક્ત કરેલ હતી.

  ત્યારબાદ તેઓને શાહીબાગના સંકુલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. કે જ્યાં તેમને ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવેલ હતી. અહીં તેઓએ દર્દીઓ સાથે ડાયરેક્ટ વાત કરેલ હતી. ત્યારબાદ આ સંકુલ ખાતે ચાલતા અતિથિ ભવન અને જલારામ અન્નક્ષેત્ર અંગેની વિગતોથી માહિતગાર કરવામાં આવેલ હતા. અંતમાં તેઓને અહીંનું કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ બતાવવામાં આવેલ હતું કે જેને જોઈ તેઓ સારા એવા પ્રભાવિત થયેલ હતા.

  આજનો દિવસ અહીં પૂરો કરવામાં આવેલ હતો.

**ગુરૂવાર, તા. ૨૬-૧૦-૨૦૨૩**

- આજરોજ સવારમાં ૯.૩૦ વાગે નવનીત ફાઉન્ડેશન - મુંબઈના CSR વિભાગના શ્રીમતી મયુરીબેન મિસ્ત્રીએ શ્રી કચ્છી જૈન ભવન પર સમાજના હોદ્દેદારો સાથે એક મીટિંગ યોજેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર વગેરે ઉપસ્થિત રહેલ હતા. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ અંગેની માહિતી તેઓશ્રીને આપવામાં આવેલ હતી.

  ત્યારબાદ મંત્રીશ્રી રજનીકાંત પારેખ તથા સહમંત્રી શ્રી વિશાલભાઈ શાહ તેઓને 'નવનીત આવાસ ભવન' ખાતે લઈ ગયા હતા કે જ્યાં તેઓએ નિવાસ કરતા પરિવારોની મુલાકાત લઈ, તેઓ સાથે ચર્ચા કરેલ હતી અને સમાજની

આ પ્રવૃત્તિને બિરદાવેલ હતી. ત્યારબાદ તેઓને ગીતા મંદિર ખાતેના સેવા ભવનની મુલાકાતે લઈ જવામાં આવેલ હતા કે જ્યાં તેઓને બી.કે. જૈન સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવેલ હતી. અહીં અદાણી સ્કીલ સેન્ટરના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહેલ હતા.

એકંદરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની જાતે મુલાકાત લઈ તેઓએ સંપૂર્ણ સંતોષ વ્યક્ત કરેલ હતો.

### ગુરૂવાર, તા. ૨૬-૧૦-૨૦૨૩

- પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે નીચે મુજબ નવી નિમણુંકો કરવામાં આવેલ હતી.

  તા. ૧૧-૧૦-૨૦૨૩ના રોજ ઓર્થોપેડિક ડૉક્ટર ચિન્મય ભાવસારની વિઝીટીંગ ડૉક્ટર તરીકે નિમણુંક કરવામાં આવેલ હતી.

  તા. ૧૨-૧૦-૨૦૨૩ના રોજ સર્જન ડૉ. નિર્મય પટેલની વિઝીટીંગ સર્જન તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

  તા. ૧૬-૧૦-૨૦૨૩ના રોજ MBBS ડૉ. ભૂપતભાઈ મકવાણાની ફુલ ટાઈમ મેડિકલ ઓફિસર તરીકે નિમણુંક કરવામાં આવેલ હતી.

  તા. ૨૬-૧૦-૨૦૨૩ના રોજ PRO પ્રતીકભાઈ વ્યાસની ફુલ ટાઈમ માટે નિમણુંક કરવામાં આવેલ હતી.

### ગુરૂવાર, તા. ૨૬-૧૦-૨૦૨૩

- એમ.બી.આર. ફ્લેક્સિબલ કંપનીએ પરમકૃપા મેડિકલ સેન્ટર સાથે તેમના સ્ટાફ તથા વર્કરના અનુસંધાને ટાઈ અપ કરેલ છે.
- ચાંગોદરની વિવિધ ઈન્ડસ્ટ્રીઝના વર્કર્સ માટે જે મેડિકલ કાર્ડ છપાવવામાં આવેલ છે તે કાર્ડ હેમલોન, હેમસ્ટાર અને હેમટેક કંપનીમાં ડિસ્ટ્રીબ્યુટ કરાવી દેવામાં આવેલ છે.
- આજરોજ ચાંગોદર ખાતેના P.R.O. શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતે જનરલ પ્રેક્ટીસ કરતા ડૉ. ગૌતમ સુખાણી (MBBS) તથા ડૉ. વિજય રાઠોડ (BHMS) તથા મટોડા ખાતે પ્રેક્ટીક કરતા M.D. ડૉ. મેહુલ અને MBBS ડૉક્ટરની મુલાકાત લઈ પરમકૃપા મેડિકલ સેન્ટર વિશેની માહિતી એ લોકોને આપેલ હતી તથા તેઓએ જિન કુશલ કંપનીમાં જઈ શ્રી હેમાંગ પરીખ સાથે આ મેડિકલ સેન્ટર અંગે જરૂરી ચર્ચા કરેલ હતી.

### શુક્રવાર, તા. ૨૭-૧૦-૨૦૨૩

- આજરોજ ચાંગોદર ખાતેના P.R.O. શ્રી પ્રતીક વ્યાસે મોરૈયા ખાતેની જનરલ પ્રેક્ટીસ કરતા ડૉ. એ.ડી. ઠક્કર, ડૉ. મેહુલ પટેલ, ડૉ. પરેશ મકવાણા તથા ડૉ. ધર્મેન્દ્ર આહિરની મુલાકાત લઈ પરમકૃપા મેડિકલ સેન્ટર વિષયે તેઓને માહિતગાર કરેલ હતા. તદુપરાંત તેઓએ MBR કંપની ખાતે શ્રી ગણેશ મીનાની મુલાકાત લીધેલ હતી.
- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ESI અને PF ડિપાર્ટમેન્ટ તરફથી એક મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં સમાજના મંત્રી શ્રી રજનીકાંત પારેખ, મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર તથા HR ડિપાર્ટમેન્ટના ખુશ્બુબેન શાહ તેમજ સ્ટાફના વિવિધ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. ભવનના સ્ટાફને મળતી સુવિધાઓ અંગે તેઓશ્રીને માહિતગાર કરવામાં આવેલ હતા. તદુપરાંત સ્ટાફના સભ્યો તરફથી વિવિધ જાણકારી માટે તેઓને પ્રશ્નો પૂછવામાં આવેલ હતા કે જેના તેઓએ સંતોષકારક જવાબો આપેલ હતા.

### શનિવાર, તા. ૨૮-૧૦-૨૦૨૩

- આજરોજ ચાંગોદર ખાતેના P.R.O. શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતે જનરલ પ્રેક્ટીસ કરતા ડૉ. પ્રદીપ માધવ અને ડૉ. ફાગુન પરીખની અને મોરૈયા ખાતે જનરલ પ્રેક્ટીસ કરતા ડૉ. ચિરાગ અગ્રવાલ, ડૉ. જીગર દેસાઈ, ડૉ. પ્રતીક પટેલ, ડૉ. કમલ ઠક્કર અને ડૉ. એચ.જે. ઠક્કરની મુલાકાત લઈ પરમકૃપા મેડિકલ સેન્ટરમાં અપાતી સારવાર અંગેની ચર્ચા કરેલ હતી.

  તદુપરાંત તેઓશ્રીએ રોશન સ્ટીલમાં શ્રી તપન પટેલ, કેમો હેલ્થકેરમાં શ્રી અમિત ઓસવાલ અને ઇનસાઈટ પોલીપ્લાસ્ટમાં શ્રી કિરણ પટેલની મુલાકાત લઈ મેડિકલ સેન્ટર વિશેની વિવિધ માહિતીઓ આપેલ હતી.

### સોમવાર, તા. ૩૦-૧૦-૨૦૨૩

- આજરોજ પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતેના PRO શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતેની HOF ફર્નિચર, ભાગ્યદેવ ફ્લોર મિલ્સ, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટીફાયર્સ પ્રા.લિ., આર. આર. પટેલ ગેસીસ પ્રા.લિ., રાટેક ફાર્માસ્યુટીકલ્સ, શ્રી ભગવતી ફ્લોર્સ એન્ડ ફૂડ પ્રા.લિ. તથા હર્ષા એન્જિનિયરીંગ કંપનીની મુલાકાત લઈ તેઓની જવાબદાર વ્યક્તિઓ સાથે પરમકૃપા મેડિકલ સેન્ટર અંગેની જાણકારી આપેલ હતી.

### મંગળવાર, તા. ૩૧-૧૦-૨૦૨૩

- આજરોજ ચાંગોદર ખાતેના PRO શ્રી પ્રતીક વ્યાસે મહાદેવ પ્લેસીસ પ્રા.લિ., ઓરીટેક સોલ્યુશન, એડગમ્સ પ્રા.લિ. તથા MBR ફ્લેક્સિબલ્સની મુલાકાત લઈ તેઓને પરમકૃપા

મેડિકલ સેન્ટર વિશેની માહિતી આપેલ હતી.

**મંગળવાર, તા. ૩૧-૧૦-૨૦૨૩**

- આજરોજ મંત્રી શ્રી રજનીકાંત પારેખ અને ટ્રસ્ટી શ્રી લક્ષ્મીચંદ વીરાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પરના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને ત્યાંનો સ્ટોક ચેક કરી, જરૂરી આઈટમો મંગાવી લેવાની કાર્યવાહી કરેલ હતી.

**બુધવાર, તા. ૧-૧૧-૨૦૨૩**

- આજરોજ PRO શ્રી પ્રતીક વ્યાસે મમતા મશીનરી અને વિમલ કંપનીની મુલાકાત લઇ પરમકૃપા મેડિકલ સેન્ટરની વિગતોથી તેઓને વાકેફ કરેલ હતા.
- આજરોજ નવનીત મેડિકલ સેન્ટર - બોપલનો માસિક રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો કે જે મુજબ ઓક્ટોબર-૨૦૨૩માં ટોટલ ૬૩૫૫ દર્દીઓએ આ સેન્ટરનો લાભ લીધેલ હતો અને ટોટલ ૧૮૬ ડાયાલિસિસ કરવામાં આવેલ હતા.
- આજરોજ પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરનો માસિક રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ હતો કે જે મુજબ ઓક્ટોબર-૨૦૨૩માં એક્સ-રે માં ૧૦૩, સોનોગ્રાફીમાં ૧૫, હેલ્થ ચેક-અપમાં ૫ અને અન્ય ૪૨૭ દર્દીઓએ લાભ લઈ ટોટલ ૫૬૦ દર્દીઓએ આ સેન્ટરનો લાભ લીધેલ હતો.

**ગુરૂવાર, તા. ૨-૧૧-૨૦૨૩**

- તા. ૨૭-૧૦-૨૦૨૩ના એક પેશન્ટ અને આજરોજ નવા એક પેશન્ટ એમ ટોટલ મળીને ૨૨ પેશન્ટ બોપલ ડાયાલિસિસ સેન્ટરનો હાલે લાભ લઈ રહ્યા છે.
- આજરોજ PRO શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતેના ઉદ્યોગગૃહો ટોટલ સોલાર ટેકનોલોજી, જે.એમ. પ્લાસ્ટોપેક અને ફોકસ લાઈટીંગની મુલાકાત લઇ તેઓને પરમકૃપા મેડિકલ સેન્ટર વિશે માહિતગાર કરેલ હતા.

**શુક્રવાર, તા. ૩-૧૧-૨૦૨૩**

- આજરોજ PRO શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ઉદ્યોગગૃહો સિધ્ધિ વિનાયક વેજીટેબલ ફૂડ પ્રા.લિ., યુનિઝન ફાર્માસ્યુટીકલ્સ, સ્ટીરસોલ કંપની, લાઇફ લાઈન લીઝ પ્રા.લિ. તથા કોરટેક ઇન્ટરનેશનલ લિમિટેડમાં જઈ તેમના ઓફિસરોને પરમકૃપા મેડિકલ સેન્ટર વિશે માહિતગાર કરેલ હતા.

**શનિવાર, તા. ૪-૧૧-૨૦૨૩**

- આજરોજ PRO શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ખાતેના ઉદ્યોગગૃહો રામદેવ ફુડ્સ પ્રા.લિ., એમ.બી. એન્ટરપ્રાઇઝ, ભગવતી ફુડ્સ, AIA એન્જિનિયરીંગ, માઈક્રોટેક પ્રિન્ટેજ, મેઘાંશ ઇન્ડસ્ટ્રીઝ, સ્નેહરાજ ઇન્ડસ્ટ્રીઝ, માઇક્રોકેમ ઇન્ડસ્ટ્રીઝ, કવિતા મશીનરી અને રાજેશ્વરી કેન્સ લિમિટેડની મુલાકાત લઇ પરમકૃપા મેડિકલ સેન્ટરની સર્વિસીસથી તેઓને વાકેફ કરેલ હતા.
- બોપલ મેડિકલ સેન્ટર ખાતે આજરોજ ઓપ્થેલ્મોલોજિસ્ટ ડૉ. પ્રકૃતિ ખેતાન અને ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ૩ ઑપરેશન કરવામાં આવેલ હતા.
- આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડે બોપલ મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. તેઓએ ત્રીજા માળ પર ફિઝીયોથેરાપી સેન્ટર, લેબોરેટરી, ડેન્ટલ વગેરે વિભાગની; બીજા માળ પર ઓ.પી.ડી. વિભાગની અને પ્રથમ માળ પર ડાયાલિસિસ સેન્ટર, ઑપરેશન થિયેટર, આયુર્વેદ અને હોમિયોપેથ વિભાગની પણ મુલાકાત લઇ દરેક વિગતોથી માહિતગાર થયેલ હતા.
- શહેરના પૂર્વ વિસ્તારમાં નવું મેડિકલ સેન્ટર ચાલુ કરવાના અનુસંધાને આજરોજ શ્રી રજનીકાંત પારેખ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી વિશાલ શાહ, શ્રી ગિરીશ દેઢિયા, શ્રી ચેતન ધરોડ તથા શ્રી અશ્વિન સાવલાએ જશોદાનગર ચોકડી નજીક આવેલ સેફ્રોન બિલ્ડિંગની મુલાકાત લઈ, એ જગ્યાનું નિરીક્ષણ કરી, તેના બિલ્ડર શ્રી ધનજીભાઈ સાથે વિવિધ બાબતે ચર્ચા વિચારણા કરેલ હતી.

**સોમવાર, તા. ૬-૧૧-૨૦૨૩**

- આજરોજ ચાંગોદર ખાતેના PRO શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ઉદ્યોગગૃહો અરવિંદ ટેક્ષટાઈલ્સ, હેક્સા ફાર્મા, શ્રી માતંગી ઇન્વેસ્ટમેન્ટ, આદિત્ય ઇક્વિપમેન્ટ્સ પ્રા.લિ. અને સ્ટીલો ઇન્ડસ્ટ્રીઝની મુલાકાત લઇ પરમકૃપા મેડિકલ સેન્ટરની સેવાભાવી વિગતોથી તેઓને વાકેફ કરેલ હતા.

**મંગળવાર, તા. ૭-૧૧-૨૦૨૩**

- શ્રી પ્રતીક વ્યાસે આજરોજ શાનદાર ફ્લેક્સિપેક્સ, કસ્તુરી એન્ટરપ્રાઇઝીસ, વિનાયક ઇન્ડસ્ટ્રીઝ, શ્રીનાથ પ્રોડક્ટ્સ પ્રા.લિ., એસ.જી. હેલ્થકેર, રઈમ પોલીપ્લાસ્ટ, શ્રદ્ધા ગ્રાઇન્ડિંગ, ગ્રીન પોલીમર્સ અને કલ્પતરૂ પેકેજિંગની મુલાકાત લઇ પરમકૃપા મેડિકલ સેન્ટરની કાર્યવાહી અંગે તેઓને માહિતી આપેલ હતી.
- આજરોજ બોપલ ખાતે ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી રાજેન્દ્રભાઈ દોશી અને ડૉ. રીદ્ધિ જોષીએ પ્રથમ માળના ઇલેક્ટ્રીક કામ, તેની જરૂરિયાત, તેનો વપરાશ વગેરે અંગે ચર્ચા કરેલ હતી.

- આજરોજ મંગલ મંદિરના તંત્રી મંડળના સભ્યો શ્રી અશોક મહેતા, શ્રી રસીક ખીમજી મહેતા અને ચૌલાબેન કુરૂવા સાથે સંસ્થાના હોદ્દેદારો પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ અને સહમંત્રી શ્રી વિશાલ શાહે તા. ૧૫-૧૦-૨૩ની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર મંગલ મંદિરના પ્રસારણ અંગે વિવિધ વિષયે ચર્ચા કરેલ હતી.

**બુધવાર, તા. ૮-૧૧-૨૦૨૩**

- પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ડેન્ટલ વિભાગ માટે રૂા. ૮,૭૦,૦૦૦/-ની કિંમતના O.P.G. મશીનનો અગાઉ જે ઓર્ડર આપવામાં આવેલ હતો તેની ડિલીવરી આજરોજ મળી ગયેલ છે અને તેને તરતમાં કાર્યરત પણ કરી દેવામાં આવનાર છે. આખા જડબાનો એક્સ-રે કઢાવવા માટે આ સેન્ટરના દર્દીઓને અગાઉ જે બહાર મોકલવામાં આવતા હતા, તે પ્રક્રિયા હવે આ સેન્ટરમાં જ થઈ શકશે. આ એક્સ-રેના અન્ય સ્થળે જે રૂા. ૬૦૦ થી રૂા. ૭૦૦ લેવામાં આવે છે તે એક્સ-રેનો ચાર્જ ખૂબ જ વ્યાજબીપણે એટલે કે માત્ર રૂા. ૨૫૦/- લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- ચાંગોદર મેડિકલ સેન્ટરના PRO શ્રી પ્રતીક વ્યાસે આજરોજ વિવિધ ઉદ્યોગગૃહો હિલટેક ઇન્ડસ્ટ્રીઝ, ડીવાઇન પોલીટેક, ગ્રીન પ્લાસ્ટ ઇન્ડસ્ટ્રીઝ અને બેન્ચમાર્ક લાઇન્સની મુલાકાત લઇ તેઓને પરમકૃપા મેડિકલ સેન્ટરમાં અપાતી સારવાર અને તેના દરો વિશે માહિતગાર કરેલ હતા.

**ગુરૂવાર, તા. ૯-૧૧-૨૦૨૩**

- આજરોજ PRO શ્રી પ્રતીક વ્યાસે ચાંગોદર ઔદ્યોગિક વિસ્તારના કેટલાક ઉદ્યોગગૃહો મહાવીર વેલ્ડિંગ વર્કસ, ગટરુડ ટેકનોલોજી, પીકન ફાર્મા પ્રા.લિ. અને ઇનોવાઇઝ રીયાલિટી મેનેજમેન્ટમાં રૂબરૂ જઇ તેઓને પરમકૃપા મેડિકલ સેન્ટરની સેવાઓ વિશે માહિતગાર કરેલ હતા. તદુપરાંત તેઓએ હેમલોન, હેમસ્ટાર અને હેમટેક કંપનીમાં રૂબરૂ જઇને શ્રી આનંદભાઈને ટાઈ-અપના લેટર્સ આપેલ હતા.
- આજરોજ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ડેન્ટલ વિભાગ માટે દાંત વિભાગના સાધનોને સ્ટરીલાઇઝ કરવા એક નવું ઓટોક્લેવ મશીન ખરીદી લેવામાં આવેલ છે.

**શુક્રવાર, તા. ૧૦-૧૧-૨૦૨૩**

- પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ડેન્ટલ વિભાગ માટે તા. ૮-૧૧-૨૦૨૩ના રોજ જે O.P.G. મશીનની ડિલીવરી લેવામાં આવેલ, તેનું ઇન્સ્ટોલેશન આજરોજ પૂર્ણપણે કરવામાં આવ્યું અને હવેથી તેને સંપૂર્ણપણે કાર્યરત કરી દેવામાં આવેલ છે.
- આજરોજ અમદાવાદના પૂર્વ વિભાગમાં નવા મેડિકલ સેન્ટરની સ્થાપના અર્થે જશોદાનગર ચોકડી નજીકના સેફ્રોન બિલ્ડિંગની મુલાકાત શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી વિમેશ શાહે લીધેલ હતી અને તેના બિલ્ડર શ્રી ધનજીભાઈ સાથે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી.

**મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૨૩**

- નૂતન વર્ષ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક સ્નેહમિલન સમારંભનું આયોજન સાંજના ૫ થી ૭ દરમિયાન યોજવામાં આવેલ હતું કે જેમાં સમાજના વિવિધ પરિવારોના ૫૦૦ જેટલા સભ્યોએ હાજરી પુરાવી, એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવેલ હતા.

**બુધવાર, તા. ૧૫-૧૧-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આજરોજ વયસ્ક સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી દિલીપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી રોહિતભાઈ સંઘવી ઉપસ્થિત રહેલ હતા. વયસ્ક સમિતિનો આગામી શુક્રવાર, તા. ૧-૧૨-૨૦૨૩ના રોજ યોજવામાં આવનાર કાર્યક્રમના અનુસંધાને આ મીટિંગમાં વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

**શનિવાર, તા. ૨૫-૧૧-૨૦૨૩**

- આજરોજ સવારે ૧૦ વાગે દાંત વિભાગ માટે આખા જડબાનો એક્સ-રે પાડવા માટે જે O.P.G. મશીન ખરીદેલ છે. જેના માટે રૂા. ૫,૦૦,૦૦૦/-નું અનુદાન શ્રીમતી ઉર્વીબેન મૌલિક શાહ અને શ્રીમતી બેલાબેન દીપકભાઈ શાહ પરિવાર તરફથી સ્વ. બેબી ચાહનાના સ્મરણાર્થે મળેલ છે. આજરોજ તેમના હસ્તક મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું કે જેમાં તેમના પરિવાર ઉપરાંત મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ દંડ, સેક્રેટરી શ્રી રજનીકાંત પારેખ, મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિન સાવલા, શ્રી કે.ડી. શાહ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, ડૉ. કૌશલ શાહ, ડેન્ટીસ્ટ શ્રી પૂજા શાહ હાજર રહ્યા હતા.

  અત્યાર સુધી મેડિકલ સેન્ટરના દાંતના O.P.G. માટે બહાર અન્યત્ર મોકલવામાં આવતા હતા. તે સુવિધા હવે અહીં જ મળશે. બહાર આ એક્સ-રે ના રૂા. ૬૦૦થી ૭૦૦ લેવામાં આવે છે તે આપણે ત્યાં રાહત દરે રૂા. ૩૦૦/-માં કરવામાં આવશે. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### જાહેર આમંત્રણ



### શુક્રવાર, તા. ૨૬-૦૧-૨૦૨૪ : ધ્વજ વંદન કાર્યક્રમ

*રાષ્ટ્રના ૭૪મા પ્રજાસત્તાક દિન નિમિત્તે શુક્રવાર, તા. ૨૬-૦૧-૨૦૨૪ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં ધ્વજવંદન કરવામાં આવશે. ધ્વજવંદન બાદ 'શબ્દ રમત'ના સ્પર્ધકોને મુખ્ય મહેમાનના વરદ્ હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવશે.*

*સમાજના સર્વે સભ્યોને આ કાર્યક્રમમાં સમયસર પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ

નવલા વર્ષના નવ પ્રભાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત સ્નેહ મિલનનો કાર્યક્રમ મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૨૩ના રોજ સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન યોજાઈ ગયો.

આધુનિક યુગમાં નવો બહારગામ જવાનો ટ્રેન્ડ, એકબીજાને મોબાઈલ ઉપર શુભેચ્છા પાઠવી ફરજ પૂરી કર્યાનો સંતોષ વગેરે પ્રક્રિયા વધી ગયેલ છે. વર્ષમાં માત્ર આ નવા વર્ષ નિમિત્તે એકબીજાના ઘરે જઈ શુભેચ્છા પાઠવી હૈયું હળવું કરતા હતા તે ભૂતકાળની ગેડીમાં ધરબાઈ ગયું છે. નવા યુગની નવી કહાની દરેક વ્યક્તિના મનમાં એક વાત ઘર કરી ગઈ છે અને તે છે 'સમયનો અભાવ.' આવી પરિસ્થિતિમાં આપણી સંસ્કૃતિ લુપ્ત ન પામે તે માટેના ભગીરથ પ્રયાસ સ્વરૂપે શ્રી કચ્છી જૈન સેવા સમાજે નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલનના કાર્યક્રમનું ગઠન કરેલ છે.

સૌના અચંબા વચ્ચે જે સભ્યો હજુ પણ પરસ્પર મળીને શુભેચ્છાઓ પાઠવવાની સંસ્કૃતિ જીવંત જોવા માંગે છે તેવા અધધ... પાંચસો પરિવાર સભ્યોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સૌએ પરસ્પર એકબીજાને નૂતન વર્ષાભિનંદન પાઠવીને નવલા વર્ષની શુભેચ્છાઓ પાઠવીને રસભર્યા વ્યંજનોનો સ્વાદ માણીને આનંદ અને આસ્થાભેર કાર્યક્રમને વાગોળતા છૂટા પડ્યા હતા.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*કાર્યક્રમની તસવીરી ઝલક : જુઓ પાના નંબર-૫૨*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ










# નવનીત ફાઉન્ડેશનના સી.એસ.આર. ડિપાર્ટમેન્ટના ઓફિસરની સમાજની પ્રવૃત્તિઓના અનુસંધાને મુલાકાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય પ્રવૃત્તિઓની સેવાઓને વેગ આપવા માટે નાના મોટા અનેક દાતાઓ તરફથી દાનની સરવાણી વહ્યા જ કરે છે.

વિવિધ દાતાઓ તરફથી મળતા દાનના પ્રવાહનો વપરાશ જાણવા માટે સરકારશ્રી તરફથી આવા દાનવીરોને તેમના દાન ક્યાં અને કઈ સેવાઓ માટે વપરાયા અને તેનાથી સમાજ અને દેશને શો ફાયદો થયો તેની વિગતવાર માહિતી માંગવામાં આવે છે.

આપણા આવા દાનવીરોમાં એક શિરમોર દાનવીરનું નામ છે "નવનીત ફાઉન્ડેશન." સમાજના દરેક પ્રોજેક્ટમાં તેમના દાનની ગંગાનો પ્રવાહ આપણા તરફ વળતો જ રહ્યો છે.

આવા દાનવીરના સી.એસ.આર. ડિપાર્ટમેન્ટમાંથી જરૂરી માહિતી મેળવવા માટે મુંબઈથી શ્રીમતી મયુરીબેન મિસ્ત્રી પધાર્યા હતા.

તા. ૨૫-૧૦-૨૦૨૩ના રોજ સવારે તેઓ પાલડી ભવન ખાતે આવેલા અને શ્રી રજનીકાંત પારેખે અને શ્રી વિશાલ શાહે તેમને આપણા પાલડી સ્થિત નવનીત મેડિકલ સેન્ટર અને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરની મુલાકાત કરાવી હતી. અહીંના દર્દીઓની વિશાળ સંખ્યા જોઈ તેઓએ આશ્ચર્યચકિત ભાવે કહ્યું કે, કોઈપણ સરકારી હોસ્પિટલ જેટલી તાદાતમાં દર્દીઓ અહીં લાભ લે છે.

તેઓએ એક્સ-રે વિભાગ, પેથોલોજી લેબોરેટરી વિભાગ, સોનોગ્રાફી ડિપાર્ટમેન્ટ, મેમોગ્રાફી અને ૨-ડી ઈકો વિભાગ, ઓપરેશન થિયેટર વોર્ડ, ઇ.સી.જી., ટી.એમ.ટી. વિભાગો ઉપરાંત મેડિસીન, ઓર્થોપેડિક, આઈ ડિપાર્ટમેન્ટ, સ્કીન, ગાયનેક, પીડિયાટ્રીક, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથિક જેવા ડિપાર્ટમેન્ટની મુલાકાત લીધી હતી. વિશાળ પરિસરમાં વિવિધ સાધનો સાથે ફિઝીયોથેરાપી ડિપાર્ટમેન્ટ જોઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

તેમની સાથે ભોજન ગ્રહણ કર્યા બાદ બોપલ સ્થિત નવનીત મેડિકલ સેન્ટર અને દીપ ફાઉન્ડેશન ચેક-અપ



*માનનીય પ્રમુખશ્રી સાથે મયુરીબેન મિસ્ત્રી*



*મયુરીબેન મિસ્ત્રી અને સમાજના હોદ્દેદારો*



*નવનીત ફાઉન્ડેશનના મયુરીબેન મિસ્ત્રી સાથે અદાણી સ્કીલ ડેવલપમેન્ટના હોદ્દેદારો*



*નવનીત આવાસની મુલાકાતે મયુરીબેન મિસ્ત્રી.*
*સાથે આવાસના રહીશો અને સમાજના મંત્રીશ્રી તથા સહમંત્રીશ્રી.*

સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી. અહીંની બિલ્ડિંગની સ્વચ્છતા તેમજ વિવિધ ડિપાર્ટમેન્ટ જોઈ તેમણે ખુશી વ્યક્ત કરી હતી તેમજ અહીં ચાલતા નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી અને અહીં ટ્રેનિંગ લેતા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને આ સેવાને તેમણે બિરદાવી હતી.

શાહીબાગ સ્થિત ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધી હતી. અહીં અપાતી સારવારથી તેઓ વિશેષ પ્રભાવિત થયા હતા. આ ઉપરાંત દર્દીઓ સાથે વાર્તાલાપ કરીને તેમને મળતી ટ્રીટમેન્ટની માહિતી મેળવી હતી.

તેઓએ પ્રથમ માળનાં દર્દીઓને મળીને ખૂબ જ કિફાયતી દરે તેમને મળતી રહેવાની સગવડ અને જલારામ અન્નક્ષેત્ર તરફથી પૂરી પાડવામાં આવતી ભોજનની સગવડની સરાહના કરેલ હતી.

તા. ૨૬-૧૦-૨૦૨૩ના રોજ સવારે આશરે દસેક વાગે શ્રીમતી મયુરીબેનની સમાજના હોદ્દેદારો સાથે એક મીટિંગ પાલડી ભવન ખાતે ગોઠવવામાં આવી હતી. આ મુલાકાતમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી રમણિકભાઈ ગોસર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથેના વાર્તાલાપથી વિવિધ પ્રવૃત્તિઓને અપાતા દાન અંગે માહિતગાર કર્યા હતા. તેમનું એક સૂચન હતું કે, હવેથી અમો એવા પ્રોજેક્ટને દાન આપવાનું વિચારીએ છીએ કે જે પ્રોજેક્ટો ત્રણથી પાંચ વર્ષમાં સેલ્ફ સસ્ટેઇન બની શકે.

આ મુલાકાત બાદ તેઓએ શ્રી રજનીકાંત પારેખ અને શ્રી વિશાલ શાહની સાથે નવનીત આવાસની મુલાકાત લીધેલ હતી અને તેઓ આ પ્રવૃત્તિથી પણ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

નવનીત આવાસની મુલાકાત બાદ એસ.ટી. ભવન ખાતે ચાલતા શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લીધી હતી. અહીં તેમણે વિદ્યાર્થીઓ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટના ઓફિસ અધિકારી સાથે વાતચીત કરી આ પ્રવૃત્તિની વિગતવાર ઉંડાણથી માહિતી મેળવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધન કરી તેઓની પ્રગતિ માટે સૂચનો કર્યા હતા.

ખૂબ જ સંતોષ સાથે તેઓએ ખુશનુમા વાતાવરણમાં વિદાય લીધી હતી.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ભૂલ સુધાર

★ 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૨૦૨૩ના અંકના પાના નંબર-૭૩ પર 'ઉત્તીર્ણ થયેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ'માં Patent, CWA, PG વિભાગના ક્રમ નં.-૩ માં જે કશિશ મનીષા-પરેશ રવિલાલ સંઘવી લખેલ છે, તેની જગ્યાએ **કશિશ મનીષા-પરેશ રવિલાલ પારેખ** વાંચવું. એ જ રીતે પાના નં.-૭૫ના ફોટા નીચે જે કશિશ પરેશ સંઘવી લખેલ છે તેની જગ્યાએ **કશિશ પરેશ પારેખ** વાંચવું.

★ 'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૩ના અંકના પાના નં.-૫૯ પર 'સદ્ભાવના પણ ચેપી હોય છે'ના મથાળા હેઠળ જે ટૂંક લેખ આપવામાં આવેલ છે તેના લેખક **"શ્રી રોહિત શાહ"** છે કે જે છાપવાનું રહી ગયેલ છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ESIS અને PFO સેમિનાર




તા. ૨૭-૧૦-૨૦૨૩ના રોજ ESIS અને PFO ડિપાર્ટમેન્ટ તરફથી કરવામાં આવેલ વિનંતીને માન આપીને એક સેમિનારનું આયોજન પાલડી ભવન ખાતે નીચે બેઝમેન્ટ હોલમાં કરવામાં આવેલ હતું.

PFO તરફથી ઉષાબેન બી. જોષી તેમજ શ્રી પ્રણવ પ્રિયદર્શી અને ESIS તરફથી બ્રાંચ મેનેજર શ્રી અમરદીપકુમાર અને ડૉ. આલોક શ્રીવાસ્તવ હાજર રહ્યા હતા. સમાજ તરફથી માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર, HR શ્રીમતી ખુશ્બુબેન શાહ, સ્ટાફના સભ્યો અને બહારથી વિવિધ ઇન્ડસ્ટ્રીઝ અને સંસ્થામાંથી આવેલ સ્ટાફ મેમ્બરો હાજર રહ્યા હતા.

PFO વતી ઉષાબેન જોષીએ જણાવ્યું હતું કે, સરકારશ્રી દ્વારા આ ખૂબ જ અગત્યની કામદારો માટેની સેવા છે. પરંતુ તેની જાણકારીના અભાવમાં ખૂબ જ જૂજ વર્કરો આ સેવાનો લાભ લે છે. તમારા પરિવારમાંથી કોઈપણ સભ્ય બીમાર પડે તો ESIS ના દાવાખાનામાં રોગનું નિદાન કરી તેમને ત્યાંથી જ દવાઓ આપવામાં આવે છે. નાની મોટી સર્જરી માટેની વ્યવસ્થા પણ આ ડિપાર્ટમેન્ટ તરફથી કરવામાં આવે છે. આ ઉપરાંત અકસ્માતના કારણે વર્કર પોતાની સંસ્થામાં રજા ઉપર ઉતરે તો તે રજા અંગેના પગાર માટે પણ કાર્યવાહી કરીને તેમને આર્થિક લાભ કરાવે છે.

PFO ડિપાર્ટમેન્ટ તરફથી હાજર રહેલા અધિકારીશ્રીએ જણાવેલ હતું કે, PFO એ કામદારો માટે પાછળની જિંદગીમાં જીવનદોરી સમાન છે. અમુક સમય પછી તમોએ એકઠા કરેલા ફંડમાંથી અનિવાર્ય ખર્ચા માટે તમને રકમ પરત મળે છે. પણ મારી તમને સલાહ છે કે, આ રીતે રકમ ઉપાડી લઈને પાછળની જિંદગીમાં ફંડથી મળતાં લાભો તમે ગુમાવો છો. તેથી માત્ર ને માત્ર એવી જ પરિસ્થિતિમાં તમો તમારું ફંડ પરત મેળવો, કે જેના વગર કોઈપણ સંજોગોમાં ચાલી શકે તેમ ન હોય.

વિવિધ કામદારો તરફથી પ્રશ્નો પૂછવામાં આવેલ હતા અને તેઓના સંતોષકારક જવાબો અધિકારીશ્રીઓએ આપ્યા હતા.

અંતમાં ચા-નાસ્તાને ન્યાય આપીને સૌ છૂટા પડ્યા હતા.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મેડિકલ સેન્ટરમાં O.P.G. મશીનનું ઉદ્‌ઘાટન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના મેડિકલ સેન્ટરમાં દર્દીઓની સુવિધાના શિખર સર કરતું રહે છે. તેના અનુસંધાનમાં આજરોજ તા. ૨૫-૧૧-૨૦૨૩ શનિવારના રોજ નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર - પાલડી ખાતે ડેન્ટલના દર્દીઓના જડબાનું ૩૬૦° સુધીના એક્સ-રે મશીન OPG (Orthopantomogram) નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું.

આ મશીનના ઉદ્‌ઘાટનના દાતા શ્રીમતી ઉર્વીબેન મૌલિક શાહ, શ્રીમતી શિલ્પાબેન દેવાંગ શાહ અને શ્રીમતી બેલાબેન દીપકભાઈ શાહ (ભગત) પરિવાર ભુજ - કચ્છ (હાલ અમદાવાદ) તરફથી રૂપિયા પાંચ લાખનું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.

આ મશીનનું ઉદ્‌ઘાટન શ્રીમતી ઉર્વીબેન, શ્રીમતી બેલાબેન, શ્રી દીપકભાઈ શાહ (ભગત) અને શ્રી મૌલિક શાહનાં હસ્તે કરવામાં આવે હતું.

આ પ્રસંગે પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, મંત્રીશ્રી રજનીકાંત પારેખ, કન્વીનર શ્રી અશ્વિન સાવલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી દિનેશ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી, શ્રી નિરંજન મૈશેરી, શ્રી જીતુભાઈ સંઘવી (ફોટોગ્રાફર), ડૉ. દક્ષાબેન રામાવત, શ્રી પીન્ટુ પટેલ ઉપરાંત ડેન્ટલ વિભાગના ડૉક્ટરો અને અન્ય સ્ટાફ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.

**રજનીકાંત પારેખ**
**માનદ્‌ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## એ બધુંયે છોડ / બાકી કેમ છે?

હોય ઝીણું કાંતવાનું, એ બધુંયે છોડ, બાકી કેમ છે?
મન વગર પણ આપવાનું, એ બધુંયે છોડ, બાકી કેમ છે?

એક સાંધું ત્યાં સુધીમાં તેર તૂટે, આ બધું કોને કહું?
વ્હાણ રણમાં હાંકવાનું, એ બધુંયે છોડ, બાકી કેમ છે?

મેં કમાવ્યું છે અહીંથી ને ગુમાવ્યું પણ અહીં સાક્ષીપણે
ક્ષેત્ર છોડી ક્યાં જવાનું? એ બધુંયે છોડ, બાકી કેમ છે?

જેમ ઢાળ્યો એમ હું ઢળતો રહ્યો, હરએક બીબામાં ફરી,
તોય માઠું લાગવાનું, એ બધુંયે છોડ, બાકી કેમ છે?

આંગણે કૈં કેટલાં અવસર મળ્યાં, ના આવકાર્યા એકપણ
ક્યાં સુધી મન મારવાનું? એ બધુંયે છોડ, બાકી કેમ છે?

કોણ ઊઠી શું કરે છે? કાં કરે છે? કોઈ કહેતું કૈં નથી
ફક્ત મનથી ધારવાનું, એ બધુંયે છોડ, બાકી કેમ છે?

જિંદગીના કોયડાંને મેં ઉકેલ્યાં એકલા હાથે, છતાં-
રોજ ઊઠી હારવાનું, એ બધુંયે છોડ, બાકી કેમ છે?

*અલ્પ ત્રિવેદી - મહુવા (જિ. ભાવનગર)*
*મો. ૯૯૭૮૯ ૦૯૨૯૦*

## વસંત આવી હોય એવું લાગે છે

(છંદ : રમલ)

પાનખરમાં જાણે આજ વસંત આવી હોય એવું લાગે છે,
સૂના ઘરમાં જાણે આજ વસંત આવી હોય એવું લાગે છે.

નવ નવેલી નાર નમણી સોળ શણગારો સજી રમતી રને,
હર નજરમાં જાણે આજ વસંત આવી હોય એવું લાગે છે.

મંજરી, વેલા ને પુષ્પો કેમ સૌ કલ્લોલ કરતાં બાગમાં,
રણ નગરમાં જાણે આજ વસંત આવી હોય એવું લાગે છે.

સૂકા હોઠોં પર કાં થૈ રૈ ઝડી યાદોની? પાદરમાં ખડી–
આ કબરમાં જાણે આજ વસંત આવી હોય એવું લાગે છે.

હાથમાં હૈયું નથી ને મન છે બેકાબૂ, પછી પગ શું ટકે?
હર ડગરમાં જાણે આજ વસંત આવી હોય એવું લાગે છે.

*કેશવ સુથાર – મુ.પો. વાઘાસણ, તા. થરાદ*
*મો. ૯૬૨૪૬ ૬૪૩૭૯*

*આ દુનિયા મતલબી છે.*
*કેમ કે... શિયાળામાં જે સૂરજની રાહ જોવાય છે,*
*એજ સૂરજ ઉનાળામાં આકરો લાગે છે.*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **હરેશ શાંતિલાલ તેજપાર મોમાયા**
  સી-૩૦૩, સદ્‌ગુરુ સાંનિધ્ય, સદ્‌ગુરુ બંગ્લોઝ,
  એક્સપ્રેસ હાઈવે પાસે, રામોલ,
  અમદાવાદ-૩૮૨ ૪૪૯.
  મો. ૯૪૨૯૧ ૩૧૮૧૯, ૯૫૮૬૦ ૫૯૫૦૧
- **સંદીપ શાંતિલાલ ઉજમશી સંઘવી**
  એ-૪૦૨, અભિયાન એપાર્ટમેન્ટ,
  પારિતોષ સોસાયટીની સામે, પલીયડ નગર,
  નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૯૭૯૮ ૫૫૦૩૪, ૯૪૨૭૮ ૦૪૯૦૨
- **તીર્થેશ વર્ધમાન હીરજી લોડાયા**
  એમ-૯/૧૦૩, લકી એપાર્ટમેન્ટ,
  પોલીસ લાઇન પાસે, શાસ્ત્રીનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૭૨૨૮ ૭૧૭૬૬, ૭૭૭૮૯ ૭૯૨૧૧

## નવા સભ્યનું આગમન

- **ભરત હીરજી મૈશેરી (જખૌ)**
  એ-૯, નીરવ એપાર્ટમેન્ટ, બીજા માળે,
  સત્ત્વ એપાર્ટમેન્ટની સામે, નારાયણનગર રોડ,
  અમદાવાદ. મો. ૯૫૫૨૫ ૯૬૬૪૧

# સાભાર સ્વીકાર




શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં વૈયાવચ્ચ ખાતે સાધુ, સાધ્વીજી ભગવંતોની સારવાર માટે પ્રા. પૃથ્વી શાહ - ગાંધીનગર તરફથી રૂ. ૫૧,૦૦૦/-નો સહયોગ મળેલ છે. તદુપરાંત તેમના તરફથી સાધર્મિક ફંડ ખાતે રૂ. ૧૧,૦૦૦/- નો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ પ્રસંગે તસવીરમાં (ડાબેથી) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ), પ્રા. પૃથ્વી શાહ અને પીન્ટુભાઈ પટેલ.

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર

રૂા. ૪,૯૦,૦૦૦/- શ્રી રાજીવ બુધ્ધદેવ રેહાણી - વડોદરા
રૂા. ૧૦,૦૦૧/- શ્રી રાજીવ બુધ્ધદેવ રેહાણી - વડોદરા

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૫૧,૦૦૦/- શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્ર શાહ - ગાંધીનગર

### મેરેજ બ્યુરો સંમેલન : તા. ૦૮-૧૦-૨૦૨૩

રૂા. ૬,૫૦૦/- શ્રી કિશોર વિશનજી હરિયા - દહેગામ

### જનરલ ડોનેશન

રૂા. ૫,૦૦૧/- શ્રી પ્રીતેશ ચંદુલાલ એકલવેના - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી ચંદુલાલ ગોકલદાસ એકલવેના - વડોદરા

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૫,૦૦૦/- શ્રી કુમારપાળ અંબાલાલ શાહ - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- દાદા પરિવાર કચ્છી જૈન ત્રિમંદિર – અડાલજ, ગાંધીનગર

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૧,૫૦૦/- દાદા પરિવાર કચ્છી જૈન ત્રિમંદિર – અડાલજ, ગાંધીનગર

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# સાભાર સ્વીકાર

★ નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર - પાલડી ખાતે ડેન્ટલના દર્દીઓના જડબાનું ૩૬૦° સુધીના એક્સ-રે મશીન OPG (Orthopantomogram) ના રૂા. ૫,૦૦,૦૦૦/- દાતા શ્રીમતી ઉર્વીબેન મૌલિક શાહ, શ્રીમતી શિલ્પાબેન દેવાંગ શાહ અને શ્રીમતી બેલાબેન દીપકભાઈ શાહ (ભગત) પરિવાર ભુજ - કચ્છ (હાલ અમદાવાદ) તરફથી દાન પ્રાપ્ત થયેલ છે.

★ શ્રીમતી રીક્તાબેન રૂપેશકુમાર શાહ તરફથી સંસ્થાના ફિઝિયોથેરાપી વિભાગ માટે ૧ નંગ "લેગ મસાજર" ભેટ સ્વરૂપે આપવામાં આવેલ છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલનો સ્ટાફ તેમની વર્ષભરની કાર્યવાહીથી ખૂબ જ સંતુષ્ટ પામી, આ વર્ષની દિવાળી ખૂબ જ હર્ષપૂર્વક ઉજવેલ હતી. તેઓએ મેડિકલ સેન્ટરના ત્રણે માળ પર વિશિષ્ટ પ્રકારની રંગોળી બનાવી અને સંપૂર્ણ સ્ટાફના વિવિધ ગ્રુપના ફોટા પાડી દીપોત્સવી તહેવારની આનંદભેર ઉજવણી કરેલ હતી.*

રંગોળીની કલર તસવીરો માટે જુઓ : પાના નંબર-૬૧










# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૧૮-૧૦-૨૦૨૩થી તા. ૦૯-૧૧-૨૦૨૩ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

### ૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | રમેશ મણિલાલ ચંદુરા | અમદાવાદ | ૧૮-૧૦-૨૩ |
| ૨. | વાસંતી ગૌતમ શાહ | અમદાવાદ | ૦૩-૧૧-૨૩ |
| ૩. | દિનેશ કેશવજી મોતા | અમદાવાદ | ૦૩-૧૧-૨૩ |
| ૪. | નીતિન કાંતિલાલ લોડાયા | અમદાવાદ | ૦૩-૧૧-૨૩ |
| ૫. | દેવલ ચંદ્રકાંત બી. મૈશેરી | અમદાવાદ | ૦૩-૧૧-૨૩ |
| ૬. | કુમારપાળ કાંતિલાલ લોડાયા | અમદાવાદ | ૦૬-૧૧-૨૩ |

### ૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | જયેશ લક્ષ્મીચંદ શાહ | અમદાવાદ | ૨૬-૧૦-૨૩ |
| ૨. | સંદીપ શાંતિલાલ સંઘવી | અમદાવાદ | ૨૮-૧૦-૨૩ |

### ૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | પ્રફુલ મુરજી નરશી શાહ | મુંબઈ | ૨૭-૧૦-૨૩ |
| ૨. | માલાબેન પ્રફુલ શામજી શાહ | અમદાવાદ | ૨૮-૧૦-૨૩ |
| ૩. | વાડીલાલ ભોગીલાલ મોરબીયા | અમદાવાદ | ૩૧-૧૦-૨૩ |
| ૪. | લક્ષ્મીચંદ કોરશી વોરા | મુંદ્રા | ૦૩-૧૧-૨૩ |
| ૫. | હસમુખ મોરારજી સંગોઈ | મુંદ્રા | ૦૩-૧૧-૨૩ |
| ૬. | સોનલબેન જગદીશ ત્રેવાડિયા | અમદાવાદ | ૦૩-૧૧-૨૩ |
| ૭. | પારસ કલ્યાણજી રવજી રાંભિયા | અમદાવાદ | ૦૯-૧૧-૨૩ |

### ૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | દીપા નિખિલકુમાર પરીખ | અમદાવાદ | ૧૮-૧૦-૨૩ |
| ૨. | અલ્કા સંજયકુમાર શાહ | અમદાવાદ | ૧૮-૧૦-૨૩ |
| ૩. | યોગેશ નેણશી મોતા | અમદાવાદ | ૧૮-૧૦-૨૩ |
| ૪. | રમણિકલાલ ધનજી દેઢિયા | ગાંધીનગર | ૨૦-૧૦-૨૩ |
| ૫. | મનીષ પ્રફુલ ખોના | અમદાવાદ | ૨૧-૧૦-૨૩ |
| ૬. | મનોજ શાંતિલાલ સાવલા | સાણંદ | ૨૧-૧૦-૨૩ |
| ૭. | હરેશ શાંતિલાલ મોમાયા | અમદાવાદ | ૨૫-૧૦-૨૩ |
| ૮. | નલીન દામજી નેણશી મોમાયા | અમદાવાદ | ૨૬-૧૦-૨૩ |
| ૯. | આનંદ દેવેન્દ્ર ડુંગાણી | ગાંધીનગર | ૩૦-૧૦-૨૩ |
| ૧૦. | હેમેન્દ્ર કાનજી ધરમશી | અમદાવાદ | ૩૧-૧૦-૨૩ |
| ૧૧. | નેતલ અનિસ દોશી | અમદાવાદ | ૦૨-૧૧-૨૩ |
| ૧૨. | સંજય મનસુખલાલ ખાંડવાલા | અમદાવાદ | ૦૯-૧૧-૨૩ |

*અનેક પ્રયાસો કરવા છતાં,*
*આ પાંચ વસ્તુઓથી મોટી વસ્તુ શોધી શકાઈ નથી :*
*સમજણથી મોટી સંપત્તિ,*
*આપત્તિથી મોટી પાઠશાળા,*
*માનવતાથી મોટો ધર્મ,*
*સમયથી મોટો મલમ*
*અને*
*પ્રેમાળ તથા સમજુ મા-બાપથી મોટો ભગવાન.*


### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી

નીચે મુજબની વિગત અનુસાર જે તે સભ્યોના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થાય છે. આ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ તુરતમાં મોકલી આપે કે જેથી તેઓને મુખપત્ર મોકલવાનું ચાલુ રાખી શકાય.

| *ક્રમ* | *નામ* | *સ્થળ* | *મોબાઈલ નંબર* |
|---|---|---|---|
| **• નવેમ્બર - ૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | મેટ્રો એન્ટરપ્રાઈઝ | ગાંધીધામ | |
| ૨. | મહેશ રાઘવજી વીરા | મુંદ્રા | ૯૮૬૯૧ ૦૯૧૦૯ |
| ૩. | દેવાંગ પ્રફુલ શાહ | અમદાવાદ | ૯૩૪૪૮ ૫૪૦૪૫, ૯૫૮૬૨ ૮૮૭૯૬ |
| ૪. | જગદીશ અજિત મહેતા | અમદાવાદ | ૮૫૧૧૫ ૫૮૯૨૬ |
| ૫. | પ્રદ્યુમનસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા | સુરત | |
| ૬. | ડ્રીમ્સ ડ્રેપ્સ | સુરત | |
| ૭. | કૌશલ પી. છેડા | મુંબઈ | |
| ૮. | પંકજ વલ્લભજી સાવલા | હૈદ્રાબાદ | |
| ૯. | હર્ષદભાઈ શાહ | કોલકાતા | ૯૪૩૩૫ ૩૬૬૮૧ |
| **• ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | આનંદ પ્રભુલાલ કે. સંઘવી | અમદાવાદ | ૯૯૭૯૮ ૮૧૭૧૯ |
| ૨. | દિલીપ વિશનજી લાપસીયા | અમદાવાદ | ૯૪૨૭૩ ૭૯૯૪૯ |
| ૩. | હિમાંશુ શાંતિલાલ શાહ | સુરત | |
| ૪. | રીટા રજનીભાઈ પટવા | ભુજ | ૯૮૨૫૨ ૨૫૯૩૨ |
| ૫. | પ્રકાશ કેશવલાલ ગાંધી | ભુજ | ૯૪૨૬૨ ૧૫૦૦૩ |
| ૬. | જયસુખભાઈ કાંતિલાલ વોરા | ભુજ | |
| ૭. | પ્રફુલ કાનજી સાવલા | કચ્છ | ૯૬૩૮૩ ૮૫૧૪૯ |
| ૮. | દિલીપ અજિતભાઈ મોતા | મુંબઈ | |
| ૯. | મુકેશ તલકશી સાવલા | થાણા (વેસ્ટ) | ૯૮૨૦૧ ૨૨૫૪૪, ૯૮૨૦૩ ૪૩૨૦૦ |
| ૧૦ | ખુશાલ રાજપાલ જૈન | નાગપુર | |
| ૧૧. | પ્રકાશ શામજી મામણિયા | હૈદ્રાબાદ | |
| ૧૨. | હેમલતા ધીરજલાલ વોરા | હૈદ્રાબાદ | ૯૮૨૧૫ ૩૪૬૬૩ |

*વિશેષમાં જણાવવાનું કે 'મંગલ મંદિર'ના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.*

★ ૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-
★ ૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-
★ ૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-
★ ૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-
★ ૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦૦/-

*શક્ય હોય ત્યાં સુધી ૧૫ વર્ષનું લવાજમ ભરીને મોકલી આપવા વિનંતી કે જેથી દર વર્ષે આ બાબતે પત્ર વ્યવહાર કરવાની જરૂરત ના રહે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

★ *ખાતાનું નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*
★ *બેંક : કેનેરા બેંક, પાલડી બ્રાંચ, અમદાવાદ.*
★ *એકાઉન્ટ નંબર : **70072010016032***
★ ***IFSC CODE : CNRB0017007***

અન્ય લોકો પણ ઉપર પ્રમાણેની લવાજમની રકમ મોકલી શકે છે કે જેથી તેઓને પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' નિયમિતપણે મોકલી શકાય.

*સહકારની અપેક્ષા સહ...* ***રજનીકાંત પારેખ – માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મેડિકલ સેન્ટરમાં O.P.G. મશીનનું ઉદ્‌ઘાટન



OPG રૂમનું ઉદ્‌ઘાટન કરતાં દીપકભાઈ શાહ પરિવાર. સાથે મેડિકલ સમિતિના કન્વીનરશ્રી, સમાજના ટ્રસ્ટીશ્રી અને માનદ્ મંત્રીશ્રી




OPG મશીનની તકતીનું અનાવરણ કરતાં બેલાબેન દીપકભાઈ શાહ (ભગત) પરિવાર



OPG મશીન સાથે... (ડાબેથી) દીપકભાઈ, બેલાબેન, મૌલિકભાઈ, દેવાંગભાઈ, શિલ્પાબેન.



મેડિકલ સમિતિના કન્વીનરશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ અને દીપકભાઈ શાહ પરિવાર



આઈસ્ક્રીમને ન્યાય આપતા હોદ્દેદારો અને દીપકભાઈ શાહ પરિવાર

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલના સ્ટાફે મેડિકલ સેન્ટરના ત્રણે માળ પર વિશિષ્ટ પ્રકારની રંગોળી બનાવી દીપોત્સવી તહેવારની આનંદભેર ઉજવણી કરેલ હતી.*



પ્રથમ માળ પર ડાયાલિસિસ સેન્ટર પાસે ક્રિષ્ના સર્વે અને દિપ્તી જોગીયા દ્વારા...



બીજા માળ પર ડૉ. રીધ્ધિ જોષી અને ફાલ્ગુની રાવલ દ્વારા...



ત્રીજા માળ પર ગૌતમ મહેતા અને ભવ્યા કલસરીયા દ્વારા...




# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

**Opp. Pleasuure Club, Near Bopal, Manipur,**
**Ta. Sanand, Ahmedabad, Gujarat.**

**Tel : +91 6355092242, +91 8758774700**
**Email : dental.lib@gmail.com**

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

*With Best Compliments From*

**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE





મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850 +** શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500 +** જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300 +** જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
Driving Excellence

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress | V-Logis


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**